અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈના
દિવ્ય જીવનના પ્રેરક પ્રસંગો

# પ્રસંગમાળા

ભાગ-૨



સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૫૭

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંત:શત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

॥ સુંદર શ્રી ઘનશ્યામ સદાઈ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ॥

॥ અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ॥

॥ જેહી જન આઈ રહે ઈન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ॥



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન!

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# પ્રસંગ માળા
## ભાગ-૨

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૫૭

: સંસ્થાપક :

**• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •**

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ષેમ્પશન u/s 80(G)5

***દ્વિતીય આવૃત્તિ***
પ્રત : ૩૦૦૦
૨૦૧૩, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૬૯ મહા સુદ છઠ

***સેવા મૂલ્ય*** : રૂ.૧૫/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦
E-mail : info@shriswaminarayandivinemission.com
Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***
મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઑફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# દ્વિતીય આવૃત્તિનું નિવેદન

જેમનું જીવન જ એક સદ્ઉપદેશકની ગરજ સારે એવું ઉત્કૃષ્ટ હતું, એવા અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈના અલૌકિક સામર્થ્ય, પ્રતાપ અને સદ્‌ગુણોને ઉજાગર કરતા તેમના જીવનપ્રસંગોમાંથી કેટલાક ચૂંટેલા પ્રસંગો 'પ્રસંગ માળા' શીર્ષક હેઠળ 'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' દ્વારા સંસ્થાના રજત જયંતિ પ્રસંગના ઉપલક્ષે પ્રકાશિત થાય તેમાં સહજ આનંદ ને ગૌરવની લાગણી સમાયેલાં છે.

જેમ માળાના એક એક મણકામાં વૃત્તિ એકાગ્ર થવાથી પરમાત્માના સ્વરૂપની સ્મૃતિ થાય છે, તેમ મુક્તરાજના એક એક પ્રસંગો જાણવાથી તેમના અદ્‌ભુત સામર્થ્ય, પ્રતાપ અને ઈશ્વરીય કલ્યાણકારી ગુણોની ઝાંખી થાય છે. સાથે સાથે મુક્તપુરુષનું જીવન કેવું આદર્શ ને અનુકરણીય હોય છે તે વાત પણ સ્પષ્ટ થાય છે.

આ પુસ્તકના વાંચન દ્વારા મુક્તપુરુષના કલ્યાણકારી ગુણોને પોતાના જીવનમાં આત્મસાત્ કરવાની અખૂટ પ્રેરણા અને બળ મળી રહે અને જીવનનું પરમ લક્ષ્ય એવી પ્રભુપ્રાપ્તિ માટે ઉત્કંઠા જાગે ને તે અંગે પુરુષપ્રયત્ન કરવાની ધગશ ઉદ્‌ભવે એવી અમારી શુભ ભાવના છે. વાંચનની સરળતા માટે આ ગ્રંથને બે ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે.

સિદ્ધ મુક્તના પ્રેરણાદાયી જીવનપ્રસંગો

જીવનઘડતરમાં કેવા ઉપયોગી થતા હોય છે તેવા વાચકોના સ્વાનુભવરૂપ પ્રતિભાવોને લઈને તેની પિપાસા અનેકને જાગૃત થઈ હોવાથી હવે તેની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરતાં હર્ષની ઊર્મિ ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે.

અંતમાં પરમકૃપાળુ શ્રીહરિ, અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી, સમર્થ સદ્‌ગુરુશ્રીઓ અને આપણા પ્રેરણાસ્રોત સમા સદ્‌ગુરુવર્ય અ. મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈની નિઃસીમ કૃપા પ્રકાશન કાર્યમાં મદદરૂપ થનાર તથા વાંચકવૃંદ ઉપર વરસે એવી હાર્દિક અભ્યર્થના!

સં. ૨૦૬૯, મહા સુદ છઠ — **પ્રકાશન સમિતિ**

ઈ. સ. ૨૦૧૩, ૧૬ ફેબ્રુઆરી — **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

## ૫૫

શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપનું જેઓ અખંડ સુખ ભોગવતા હોય તેઓ સ્વયં સુખરૂપ હોય છે. તેમના જોગમાં આવનાર દરેકને એક અનેરી શાંતિનો અનુભવ થાય છે, તેમના સાંનિધ્યમાં લૌકિક સંકલ્પો વિરામ પામે છે, મનમાં કોઈ ક્લેશ કે ગ્લાનિનો અનુભવ થતો નથી. તેઓ પોતે દુઃખ, શોક, ગ્લાનિથી પર પૂર્ણ સુખરૂપ હોવાથી તેમની નજીક આવનારને પણ તેવો અનુભવ થાય છે. અને તેમનું જીવન પરિવર્તન પામી સુખ પ્રાપ્તિ કરે છે.

એક સેવકને ત્યાં એક કાર ડ્રાઈવર નોકરી કરે. જ્યારે તેણે નોકરી સ્વીકારી એ વખતે તેને દારૂનું બહુ વ્યસન હતું. દારૂ વગર તેને જરાય ચાલે નહિ. પણ જ્યારે સેવકને ત્યાં નોકરી સ્વીકારી અને મામાના દર્શન કરવા આવ્યો. પહેલી જ વાર મામાના દર્શન થતાં તેને મનમાં શાંતિનો અનુભવ થયો અને કુદરતી જ તેને મનમાં એમ થયું કે આવા મહાન વ્યક્તિ જ્યાં હોય અને જો મારે તેમની સેવા કરવી હોય, તો મારે દારૂના વ્યસનને તિલાંજલિ આપી દેવી જોઈએ. આમ વિચાર કરતાંની સાથે જ તેણે દારૂ છોડી દીધો. નહિતો દારૂના વ્યસનીના મન એવા કમજોર થઈ ગયા હોય છે કે કેટલીય વખત તેઓ નક્કી કરે કે હવે દારૂ છોડી દઈશ, પણ થોડા દિવસ પછી પાછું શરૂ થઈ જ જાય, પરંતુ આમણે તો એક જ વખત મામાના દર્શન કર્યા ને મનમાં દારૂ છોડી દેવાનો સંકલ્પ

કર્યા પછી જીવનમાં ક્યારેય તેને હાથ ન લગાડ્યો. આ કેવી મોટી વાત કહેવાય! પછી તો મામાને જ્યારે પણ કારમાં જવું હોય, ત્યારે તેઓ જ સેવા બજાવે. મામા બેઠા હોય ત્યારે સાવચેતીપૂર્વક સરસ ગાડી ચલાવે. રસ્તામાં ખાડા આવે કે બ્રેક મારે ત્યારે મામાને જરા પણ તકલીફ ન પડે તેની ખાસ તકેદારી રાખે. તેમણે નોકરી પર રહ્યા ત્યાં સુધી ખરા ભાવથી મામાની સેવા બજાવી. આજે પણ તેઓ મામાને જ પોતાના ગુરુ માને છે. મિશનમાં દર્શન કરવા આવે ત્યારે એમ કહે, "આ સ્થાનમાં આવીને જેવી શાંતિનો અનુભવ મને થાય છે તેવો બીજે ક્યાંય થતો નથી."

અનાદિમુક્તનો પ્રભાવ જ એવો જબરદસ્ત હોય છે કે નીચલા સ્તરના લોકો હોય કે ઉચ્ચ વર્ગના તેમના પ્રભાવ હેઠળ આવ્યા વગર રહી શકે નહિ. અને પ્રભાવમાં આવનારનું આમૂલ પરિવર્તન થઈ જતું એ મામાના પ્રભાવની અસર બતાવે છે.

❋❋❋

## ૫૯

જગતમાં દૈવી જીવો અને આસુરી જીવો અનાદિકાળથી ચાલ્યા આવે છે. દૈવી જીવો નિઃસ્વાર્થભાવે લોકોને મદદ કરે. બને તેટલું પોતાનું જીવન નીતિપૂર્વકનું આધ્યાત્મિકતાવાળું બનાવે. કોઈને ન દુભવે. ઈર્ષા-દ્વેષ-છળ-કપટ વગેરેથી દૂર રહે. જ્યારે આસુરી જીવો આનાથી વિપરીત રીતે વર્તતા જોવા મળે. ઈર્ષા-દ્વેષ, છળ-કપટ, કોઈને હેરાન કરવો વગેરે રમતો તેના મગજમાં ચાલ્યા જ કરતી હોય. આને આમ હેરાન કરું અને આને તેમ કષ્ટ પહોંચાડું! અને આવું કરવાથી તેમને એક પ્રકારનો વિકૃત આનંદ મળતો હોય છે. આવા લોકોને માનસિક બીમાર પણ કહી શકાય. તેઓના ઈર્ષા-દ્વેષ અતિ વધી જાય અને જેના પ્રત્યે ઈર્ષા હોય તેને દેખીતી રીતે હેરાન ન કરી શકે, ત્યારે ભૂવા-તાંત્રિક અને મેલી વિદ્યાનો સહારો લઈને પણ તેઓ સામી વ્યક્તિને હેરાન કરી પોતાની વિકૃતિને સંતોષ પ્રદાન કરતા હોય છે.

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનના મકાનનું કામ ચાલતું હતું ત્યારે અમદાવાદ મ્યુનિસિપાલિટીના ઍન્જિનિયર ત્યાં આવતા. તેમને કોઈ તાંત્રિક બહુ જ હેરાન કરતો હતો. તે એવી રીતે કે, તેઓ જેવા ઘરની બહાર નીકળે ને તેમને નાનો-મોટો અકસ્માત થઈ જાય. રાત્રીના તેમને ભયંકર દૃશ્યો દેખાય, વિવિધ પ્રકારના અવાજો સંભળાય, આથી રાત્રે પૂરતી ઊંઘ લઈ શકે નહિ.

પછી તો તેમને એવો ભય પેસી ગયો કે તે તાંત્રિક નક્કી મને મારી નાખશે. જ્યારથી તેઓ મિશનમાં આવતા થયા ને મામાના દર્શન કર્યા, ત્યારથી તેમને મનમાં હાશ થઈ કે આમની પાસે હવે મને જરૂરથી રસ્તો મળશે. પોતે જે હેરાનગતિમાંથી પસાર થઈ રહ્યા હતા તે વિશે તેઓએ મામાને વિગતે વાત કરી. મામાને પ્રાર્થના કરી કે મને આમાંથી બચાવો નહિ તો મારું મૃત્યુ નક્કી છે. મામાએ તેમની વાત સાંભળ્યા પછી કહ્યું, “અત્યાર સુધી એણે તમને ભલે હેરાન કર્યા, પણ હવેથી એ તાંત્રિક તમને કાંઈ કરી શકશે નહિ. એ શું બગાડી શકવાનો છે? તમે નિશ્ચિંત થઈ જાઓ. જરાય ગભરાશો નહિ. આ ચરણરજ આપું છું તે પાણીમાં નાંખી તે પાણી રોજ પીજો. અને આ પ્રસાદીની સાકર લ્યો, હવે તમને એ તાંત્રિક કાંઈ કરી શકશે નહિ.” મામાના આવા આશીર્વાદ મળતાં ભાઈને ખૂબ હિંમત આવી. મનમાંથી સઘળો ભય જાણે અદૃશ્ય થઈ ગયો. તેઓ એકદમ નિર્ભય બની ગયા. મામાના આશીર્વાદે તેમનામાં નવો આત્મવિશ્વાસ જન્માવ્યો હતો. તેઓ ઘરે ગયા ત્યારે રસ્તામાં તેમને કોઈ અકસ્માત નડ્યો નહિ. ઘણા વખતથી તેઓ રાત્રે શાંતિથી સૂતા નહોતા. તે દિવસથી તેઓ શાંતિની ઊંઘ લેતા થઈ ગયા. પછીથી તેમની બધી જ તકલીફો દૂર થઈ ગઈ અને તેમને કોઈ તાંત્રિક હેરાન કરવા સમર્થ રહ્યો નહિ. આમ થતાં તેઓ શાંતિનો અનુભવ કરવા લાગ્યા અને મામાનો ઉપકાર માની તેઓ મામાને વંદી રહ્યા.

દૈવી શક્તિ સમક્ષ આસુરી શક્તિઓ સમર્થ રહેતી

નથી, તો આ તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણના પૂર્ણ મુક્ત જ્યારે આશીર્વાદ આપે તો પછી મેલીવિદ્યા ક્યાં ઊભી રહી શકવા સમર્થ રહે? સંકલ્પ માત્રમાં એ મેલીવિદ્યાની અસર દૂર થઈ જ જાય.

❋❋❋

# ૫૭

બળદિયા બાપાશ્રીનું ધામ. મુક્તરાજ મામાને આ ધામ પ્રત્યે વિશેષ લગાવ. મહારાજે કાલી તલાવડી પાસે દેવુબાને દર્શન આપી વરદાન આપેલું અને બાપાશ્રીએ પણ અહીં ઘણી લીલા કરી હોવાથી મામાએ આ સ્થાનને વિકસાવવામાં ઘણો શ્રમ લીધેલો અને તેના કોઈ પણ કાર્યમાં વિશેષ રસ લઈ કાર્ય સંપન્ન કરતા. બળદિયા ધામ પણ ઘણું જ રળિયામણું. ધામમાં આવતાં શાંતિ થઈ જાય. અહીં જ્યારે ઉત્સવ સમૈયો હોય, ત્યારે મોટે ભાગે સમય કાઢી મામા પ્રસંગે હાજરી આપતા. મામા આવ્યા હોય એટલે ઉત્સવમાં ઓર રંગ રહે. લોકોનો ઉત્સાહ બેવડાય. સેવકો સેવા કાર્યમાં વધુ ઉત્સાહથી કામ કરે. અને મામા પણ ત્યાં આવ્યા હોય ત્યારે છત્રી અંગેનું કોઈ કામ હોય તેમાં અંગત રસ દાખવી કાર્ય પાર પાડે. મુશ્કેલી હોય તો તેનું સમાધાન કરે. આથી મામાને આરામનો પૂરતો સમય ન મળે. રાત્રે સૂવામાં ઘણું મોડું થાય.

આવા જ એક વખતે મામા રાત્રે મોડા ઉતારામાં આવ્યા. મોડું ઘણું થયું હોવાથી બધા તરત આરામ કરવા લાગ્યા. મામાએ પણ ભગવાન સંભારી આરામ કર્યો. થોડીવારે પાછા જાગ્યા. લગભગ બે-અઢી વાગ્યા હશે. સાથે રહેલો સેવક પણ મામાને જાગેલા જોઈ તરત ઊઠ્યો. મામા સાથે જે કોઈ સેવક હોય તેણે સજાગપણું રાખી સતર્ક તો રહેવું જ પડે. ઘણી વખત મામાને રાત્રે કોઈ કામ યાદ

આવે તો ત્યારે જ કરવા બેસી જાય. એ વખતે શારીરિક થાકને સહેજે ગણે નહિ. આવે વખતે સાથેના સેવક સતર્ક ન હોય તો મામાએ એકલા કામ કરવું પડે. મામા પોતાના સ્વભાવ પ્રમાણે કોઈને ઉઠાડતા નહિ. આથી મામા સાથે જે સેવક હોય તેણે જેટલો વખત તે મામા સાથે હોય તેટલો વખત આળસ અને નિદ્રાને વિદાય આપી દેવી પડે. પરંતુ સેવકોને મામાની સેવાના આનંદમાં ઉજાગરો, થાક એ કાંઈ જણાતું નહિ.

આમ મામા ઊઠ્યા એટલે સેવક પણ તરત જ ઊઠ્યો ને મામાને પૂછ્યું કાંઈ કામ છે? મામાએ તેને પાસે બેસાડ્યો અને મહારાજના મહિમાની વાતો કરવા લાગ્યા. સેવકને અચરજ થયું! અત્યારે આમ કેમ? પરંતુ તેને તો મહારાજના મહિમા વચનો સાંભળવાનો આવો સરસ લાભ મળતો હોય પછી બીજા સંકલ્પ શા માટે કરે? એ તો મામાના વચનો સાંભળવામાં ગુલતાન બન્યો. પરંતુ સાથે તેને એમ પણ થયું કે મામા આખો દિવસ કામમાં પરોવાયેલા હતા. રાત્રે પણ ઘણું મોડું થયું હતું. ત્યારે જ ઘણા થાકેલા જ જણાતા હતા, તેમાં અત્યારે વાતો કરે છે તો પછી તેમને જરાય આરામ નહિ મળી શકે. આથી મામાને પ્રાર્થના કરી કે, “મામા, તમે અત્યારે આવી અલૌકિક વાતો કરો છો તે તો મારે માટે અલભ્ય છે, પરંતુ આજે આપે ઘણો શ્રમ લીધો છે. આપ થાકી જશો માટે અત્યારે આપ આરામ કરો તો સારું.”

મામા કહે, “મને તો કાંઈ થાક-બાક લાગતો નથી. મહારાજના દિવ્ય સુખમાં ગુલતાન હોઈએ ત્યાં થાક કેવો?

તને થાક લાગ્યો હોય તો કહે, તો વાતો બંધ કરું. સૂઈ જઈએ.” સેવક કહે, “ના મામા, મને બહુ આનંદ આવે છે. તમારા મુખે આવી અલૌકિક વાતો સાંભળવી તે બહુ મોટો લાભ છે.” મામાએ કેટલીય વાર સુધી મહારાજના પ્રતાપ અને મહિમાની વાતો કરી સેવકને રસ-તરબોળ કરી દીધો. પછી સેવકના માથે હાથ મૂકી થોડીવાર એમને એમ રાખી કહે, “તારી સેવાથી હું રાજી છું. તને સેવા કરતાં સારી આવડે છે. બીજા સેવકોને પણ શિખવાડજે. ચાલો હવે ઘણું મોડું થયું છે. મહારાજ પોઢાડીએ.” આમ કહી સેવકના માથા ઉપરથી હાથ લઈ મામા પથારીમાં સૂતા અને સેવક એની જગ્યાએ જઈ મહારાજ સંભારી સૂતો. હજી તો આંખો બંધ કરી જ હતી અને એને દિવ્ય તેજ દેખાવા લાગ્યું.

આવા તેજના દર્શન જીવનમાં તેને ક્યારેય નહોતા થયા. આ શું છે તે તેને ન સમજાયું. ધીમે-ધીમે તો તેજના મોજા આવતા હોય તેમ થવા લાગ્યું અને પછી મોજા મોટા ને મોટા થવા લાગ્યા. સેવકને થયું આ મારાથી હવે સહન નહિ થાય. આ બધામાં કેટલો સમય ગયો તેનું સેવકને ભાન ન રહ્યું. પછી તો તેનાથી રહેવાયું નહિ. એટલે મોટેથી બોલ્યો, “મામા, આ બંધ કરો મને લાગે છે મારી આંખો ફૂટી જશે. આ તેજ હવે મારાથી સહન નથી થતું.” આમ બોલતાં જ તેજ દેખાતું બંધ થઈ ગયું. સેવકે આંખો ખોલી એટલે મામા કહે, “બ...સ આટલામાં જ આવી રહ્યા? હજી તો કાંઈ જ દેખાડ્યું નથી.” સેવકે પૂછ્યું, “મામા, આ દર્શન આપના પ્રતાપે મને થયા છે તેની જાણ

તો મને થઈ, પરંતુ એ શું હતું? આટલું બધું તેજ! અને આવા અલૌકિક તેજનો અનુભવ મારી જિંદગીમાં મેં ક્યારેય નથી કર્યો." મામા સ્મિત વેરતા બોલ્યા, "ક્યાંથી કર્યો હોય? આ... તો મહારાજના દિવ્ય તેજરૂપ અક્ષરધામના પ્રકાશના કિંચિતમાત્ર તને દર્શન કરાવ્યા. એના દર્શન તો પહેલા ક્યાંથી કર્યા હોય? જેમ-જેમ પાત્રતા આવતી જશે, તેમ-તેમ સુખ ઝીલવાની શક્તિ કેળવાતી જશે. પછી વધુ ને વધુ સુખ આવતું જશે." આવા દિવ્ય તેજના દર્શન થતાં સેવક પોતાને ધન્ય માનવા લાગ્યો. મામાના સામર્થ્યના તેને દર્શન થયા. તેનું મન આનંદમાં ડોલવા લાગ્યું. ઓ...હો! આજે તો અક્ષરધામના દિવ્ય તેજના કૃપાળુ મામાએ દર્શન કરાવ્યા! જીવનનો આ કેવો દિવ્ય અલૌકિક અનુભવ! સેવકને સાનંદાશ્ચર્ય થયું ને જીવન ધન્ય બન્યાનો આનંદ થયો.

અનાદિમુક્ત પોતે જે સુખ ભોગવે છે પાત્ર જીવને તેની પાત્રતા પ્રમાણે તે સુખના દર્શન કરાવી શકે તેવું સામર્થ્ય તેઓ ધરાવે છે. જ્યારે અનાદિમુક્ત સિવાયના બીજા મુક્ત પોતે પોતાની પાત્રતા પ્રમાણે જે સુખ ભોગવતા હોય તે પોતા પૂરતું સીમિત રહે છે. તેનો અનુભવ બીજાને તેઓ કરાવી શકતા નથી, તેટલી તેઓની મર્યાદા છે. આટલો મહારાજના અનાદિમુક્ત અને બીજા મુક્તમાં ફેર છે.

❋❋❋

## ૫૮

સમાજમાં રહેતા આપણે સૌ સામાજિક પ્રાણીઓ. સમાજના નીતિ-નિયમો પ્રમાણે ચાલનારા. સમાજે જેને સારું કહ્યું તેને સારું માનનારા અને જેને ખરાબ કહ્યું તેને ધૂતકારનારા અને એ પ્રમાણે જ જીવન વ્યતિત કરનારા. આમ જ જીવતા હોવાથી બુદ્ધિ પણ એ દાયરામાં રહીને જ વિચારે અને કાર્ય કરે. આધ્યાત્મિકતા તરફ બહુ આગળ ન વધ્યા હોવાથી, એ પંથે કેવા-કેવા દિવ્ય સુખ રહ્યા છે તેનાથી અજાણ હોવાથી, આ લોકની ચીજ-વસ્તુઓથી મળતા સુખોને સુખ માનીએ છીએ. આ લોકમાં કહેવાતી સુખ-સાહ્યબીના પ્રસાધનો જેમ જેની પાસે વધારે, તેમ તે વધુ સુખી. જેમ પ્રસાધનો ઓછા તેમ તે ઓછા સુખી.

આ લોકના જીવોની સામાન્ય રીતે આ જ સુખની વ્યાખ્યા હોવાથી અને સુખ-દુઃખને એ રીતના માપદંડથી તોલવાની ટેવ પડવાથી પૂર્ણ મુક્તને પણ એ રીતે સુખી કરવા વ્યર્થ પ્રયત્નો કરી, પોતાના મનને સેવા કર્યાનો ખોટો સંતોષ પ્રદાન કરી પોતે જ પોતાને ધન્ય માને છે. અને મેં આના કરતાં વધુ સેવા કરી, માટે હું વધુ ભગવદીય કે હું વધુ પાત્ર એમ માનવા પ્રેરાય છે. અને એ અલ્પ સેવા પણ સ્વાર્થ રહિત તો હોતી જ નથી. વસ્તુગતે હકીકત એ છે કે, પૂર્ણમુક્તને આ લોકની ભૌતિક વસ્તુઓ શું સુખ આપવાની હતી? જેઓ અખંડ દિવ્ય સુખની અનુભૂતિ કરતા હોય તેઓને આ લોકની વસ્તુ કઈ રીતે

સુખદાયી બને? મહારાજ કહે છે કે, "અનંતકોટી બ્રહ્માંડોના વિષય સુખ વારી-ફેરીને નાંખી દઈએ તો પણ એ દિવ્ય સુખના લવ તુલ્ય પણ નથી આવતું."

જે લોકો સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થઈ મામાને ઓળખતા થયા તેઓ જાણતા કે મામા પૂર્ણ મુક્ત છે. તેમની સેવા તે મહારાજની સેવા બરાબર છે. આથી પોતાની સૂઝ-સમજ પ્રમાણે મામાની સેવા કરી તેમનો રાજીપો મેળવવા પ્રયત્નો કરતા. ભલે એ સેવા પાછળ સ્વાર્થ રહેલો હોવા છતાંય મામા તેઓ પર રાજીપો દર્શાવતા. એ સેવાના બદલામાં સેવકોની દરેક પ્રકારે રક્ષા કરતા, એ સાચી રીતે પ્રભુને શરણે જાય, પ્રભુનો સાચો આશ્રિત બને, તેનામાં સારા ગુણો વૃદ્ધિ પામે, દુર્ગુણો દૂર થાય તેવી તકેદારી રાખતા. જો સેવકમાં જરાય કચાશ દેખાય તો દૂર કરતા, એમ સાચા અર્થમાં રક્ષક બનતા. ક્યારેક કોઈ સેવકના મનમાં સંકલ્પ થયો હશે કે હું મામાની સાચી સેવા કરું છું અને મામા મારા પર વિશેષ રાજીપો જણાવે છે. મામા અંતર્યામીપણે તેના એ સંકલ્પને જાણી ગયા.

મામાને થયું આ તો અહંકાર કહેવાય. આવા સંકલ્પો પાછળથી જીવનું રૂડું કરતા નથી. આ બધા સેવકો સારા છે. મહારાજની પ્રસન્નતાના સાધનો કરે છે. આવા સંકલ્પોથી તેમના એ માર્ગમાં વિઘ્ન આવશે. મારે સાચું માર્ગદર્શન આપવું રહ્યું જેથી ફરી ક્યારેય આવા ખોટા સંકલ્પો તેમને થાય નહિ. આથી સેવકો જ્યારે મામા પાસે બેઠા હતા, ત્યારે મામાએ વાત કાઢી કે, "કેટલાકને એમ

થાય કે અમે મામાની બહુ સેવા કરી છે જેથી મામા મારા પર વધુ રાજી થશે, મને વધુ આશીર્વાદ આપશે, પરંતુ આવું વિચારવું ભૂલ ભરેલું છે. તમે મારી શું સેવા કરવાના હતા? આ લોકની પૈસાથી ખરીદી શકાય તેવી ભૌતિક વસ્તુ લાવીને આપો અને માનો છો કે બહુ મોટી સેવા કરી? અરે એવી વસ્તુઓ મારે કોઈ ઉપયોગની નથી. મારે મન તેનું કોઈ મૂલ્ય નથી. તે વસ્તુઓ તો હું પણ પૈસા આપી લાવી શકું. એ કાંઈ સેવા કહેવાય? સેવા તો ઉલટાની હું તમારા બધાની કરું છું, સર્વે પ્રકારે મુસીબતોથી તમારી રક્ષા કરું છું, યોગ-ક્ષેમનું વહન કરું છું, તમે મહારાજને આશ્રિત થયા છો તો તેમના રાજીપાનો પથ દર્શાવું છું. શારીરિક-માનસિક આર્થિક બધી ઉપાધિઓથી તમારી રક્ષા કરું છું, તમારા માટે મહારાજને પ્રાર્થના કરું છું. તમે જે કાંઈ મને આપો છો તે પાછળ નાનો-મોટો સ્વાર્થ રહેલો હોય છે. જ્યારે મારે તો કોઈ જાતનો સ્વાર્થ હોતો નથી. હું તો નિઃસ્વાર્થ તમારા બધાની સેવા કરું છું. તમને ભગવાનનું દિવ્ય સુખ મળે તેવા પાત્ર બનાવું છું. અને ધારો કે તમારા પ્રયત્નોમાં કાચપને લીધે પાત્ર ન પણ થાવ તો અંતકાળે મહારાજ એ સુખમાં તમને લઈ જાય તેવી મહારાજને પ્રાર્થના કરું છું. સાચી સેવા આ છે, જીવની રક્ષા કરવી તે. તમે સેવા કરો છો તેમ માની અહંકારી થશો નહિ. આ લોકની નાશવંત વસ્તુઓ મારે શા કામની? મહાપ્રભુજીનું સુખ એક કામનું છે. ઊંડો વિચાર કરશો તો તથ્ય જરૂરથી સમજાશે.”

સેવકો સમજુ હતા ટકોર સમજી ગયા. મામાના

પગમાં પડી કહેવા લાગ્યા, "મામા, આપ તો પથદર્શક છો. અમે તો હજી આધ્યાત્મિકતાની કેડી પર પગલી પાડનારા છીએ, આથી અમારામાં હજી ઘણા દુર્ગુણો હોય, આપ અમને આવી રીતે વારંવાર સાચું માર્ગદર્શન આપી દુર્ગુણો દૂર કરવા જરૂરથી સહાય કરજો. ખરેખર આપ જ અમારી સેવા કરો છો. અમે તો કાંઈ કરતા નથી. થોડું-ઘણું જે ગ્રહણ કરો છો તે પણ અમારા જીવના રૂડા માટે કરો છો. બાપા કહે છે તેમ મુક્તને તો કાંઈ જરૂર હોતી નથી જીવના કલ્યાણ માટે ગ્રહણ કરતા હોય છે. તેમ આપ પણ પૂર્ણ મુક્ત છો. મહારાજનું અખંડ દિવ્ય સુખ ભોગવો છો. આપને આ લોકના સુખ શું વિસાતમાં? અમને ક્યારેય કોઈ વાતનો અહંકાર ન આવે તેવી અમારા બધા પર કૃપા કરજો." સેવકોના મુખે આવા નિર્માનીપણાના વચન સાંભળી મામા રાજી થયા.

જે પૂર્ણ સ્થિતિને પામેલા છે તેઓ જ નિઃસ્વાર્થભાવે સેવા કરી શકે છે. બાકી બીજા બધાને નાનો-મોટો સ્વાર્થ રહેલો હોય જ છે, પરંતુ એ બધામાં આ લોકનો લૌકિક સ્વાર્થ ન રાખતાં કેવળ ભગવાન અને તેમના મુક્તનો રાજીપો ઉતરી આપણા જીવનું રૂડું થાય એ સ્વાર્થ રાખીએ તો ઉત્તમ કહેવાય. કોઈ પણ પૂર્ણ મુક્તના જીવન જોઈશું તો ખ્યાલ આવશે કે તેઓ દરેક પરિસ્થિતિમાં સમ વર્તી બતાવે છે. સંજોગોની પરાકાષ્ઠા હોય તેવામાં પણ આદર્શ જીવન જીવે. મામાનું બાળપણ અને યુવાવસ્થાનું જીવન જોઈશું તો આર્થિક સંકણામણની પરાકાષ્ઠા. બે ટંકનું ખાવાનું પણ માંડ મળે તેવી પરિસ્થિતિ બતાવી, પરંતુ

તેવામાંય પ્રભુના સુખના આનંદની એ જ મસ્તી. અને પાછલી જિંદગીમાં આ લોકની દૃષ્ટિએ સારો કહેવાય તેવો વ્યવહાર બતાવ્યો ત્યારે પણ એ જ સાદગી અને એ જ પ્રભુ-સુખના આનંદની મસ્તી. દરેક સમય-સંજોગો-પરિસ્થિતિમાં સરખું વર્તન તે પૂર્ણ મુક્ત સિવાય બીજાથી શક્ય નથી.

❊❊❊

# ૫૯

મહારાજ અને મહારાજના અનાદિમુક્તને દયાળુ, કૃપાળુ, દયાના સાગર, કરુણામૂર્તિ વગેરે અનેક વિશેષણોથી ભક્તો નવાજે છે. તે અમસ્તા જ નથી કહેતા. તેમનામાં એવા ગુણો આત્મસાત થયેલા હોય છે ને ભક્તોને અવાર-નવાર તેનો અનુભવ થાય છે. મહારાજના મુક્ત દરેક જીવ પર સરખી કરુણા વરસાવે છે. તેઓ તો જીવ જુએ છે એ જીવ ક્યા દેહમાં રહેલો છે તે નથી જોતા. બસ જીવ ઉપર કરુણા વરસાવે છે.

સર્વમંગલ સોસાયટીની બહારના રસ્તા પર વર્ષો પહેલાં બહુ ઓછો ટ્રાફિક રહેતો. ધીમે-ધીમે વાહનોની અવર-જવર વધવા લાગી. વર્ષો જતાં આખો દિવસ વાહનોની અવર-જવર ચાલુ રહે. મોડી રાત સુધી રસ્તો ધમધમતો રહેવા લાગ્યો. એક વખત એક ભાઈ સ્કૂટર પર પાછળ એક બહેનને બેસાડી એ રસ્તા પરથી ઝડપથી સ્કૂટર હંકારી જઈ રહ્યા હતા અને સોસાયટીથી નજીક જ રસ્તામાં તેમને ગાયનું વાછરડું અથડાયું. ભાઈ અને બહેન બંને સ્કૂટર પરથી પડી ગયા. લોકોનું ટોળું ભેગું થઈ ગયું. બંનેને ઈજા થઈ હોવાથી તાત્કાલિક દવાખાને લઈ જવાની વ્યવસ્થા કરી. આમ થયું હતું ને આટલું વાગ્યું હતું તેમ વાતો કરતા લોકો વિખરાઈ ગયા. સેવકે આવી મામાને વાત કરી. વાત સાંભળી મામા કહે, "પેલા બંનેને લોકોએ મદદ કરી એ તો બરાબર પણ તે વાછરડાનું શું થયું? તેને

કેટલું વાગ્યું છે? ક્યાં ઈજા થઈ છે? તેને તો સ્કૂટર ભટકાયું છે. તેની કોઈએ તપાસ કરી?" સેવક કહે, "ના મામા, એ તો ત્યાં જ કણસતું પડ્યું છે. તે ઊભું પણ થઈ શકતું નથી." મામાના ચહેરા પર એકદમ કરુણાના ભાવ ઊપસી આવ્યા. કહે, "મૂંગા પ્રાણીનું બિચારાનું કોણ? વાંક સ્કૂટરવાળાનો કહેવાય. સ્પીડમાં આવતા ભટકાયું છતાંય તેઓને તરત સારવાર મળી રહેશે અને બિચારા વાછરડા સામે કોઈએ જોયું પણ નહિ? એટલીય માનવતા કોઈનામાં નહોતી?" મામાએ તરત ગ્લાસમાં પાણી લઈ મહારાજને ધરાવ્યું, તેમાં ચરણરજ નાંખી સેવકને આપતાં કહ્યું, "આ પ્રસાદીનું પાણી વાછરડાના મોઢામાં રેડી આવ. ભગવાન તેને કષ્ટમાં રાહત આપશે." સેવક પાણી લઈ ત્યાં ગયો અને કણસતા વાછરડાના મોઢામાં સ્વામિનારાયણ નામ બોલતાં-બોલતાં પાણી રેડ્યું. વાછરડું શાંતિથી પાણી પીતું રહ્યું. પાણી પીધું ને જાણે ચમત્કાર થયો જરા વારમાં જ વાછરડું ઊભું થઈ ગયું અને જાણે કાંઈ વાગ્યું જ ન હોય તેમ વ્યવસ્થિત ચાલીને જતું રહ્યું. મામાએ ચરણરજના પાણી દ્વારા વાછરડાની પીડાનું નિવારણ કરી આપ્યું. સેવક નવાઈ પામી ગયો અત્યાર સુધી તરફડીયા મારતું વાછરડું પાણી પીતાં જ ઊભું થઈ ચાલવા માંડ્યું!

માટે જ મુક્તને કરુણામૂર્તિ કહેવાય છે. તેઓ જાત-કુજાત કે દેહ જોતા નથી. દરેક જીવ પર કરુણાદૃષ્ટિ કરી કષ્ટ નિવારણ કરી જીવને સુખિયા કરે છે.

❋❋❋

## ૬૦

મામાને જ્યારે કચ્છ કે મૂળી જેવા ધામોમાં જવાનું થાય, ત્યારે મોટા ભાગે તેઓ મોટરકારમાં મુસાફરી કરતા. અંતર લાંબુ થઈ જાય, પરંતુ મોટરકારમાં પોતાના સમયે નીકળી શકાય, પોતાના સમયે પાછું ફરી શકાય આથી મામાને મોટરકાર વધુ અનુકૂળ પડતી.

એક સમયે મામા મોટરકારમાં કચ્છ જવા નીકળ્યા હતા. અમદાવાદથી નીકળતાં જ મોડું થઈ ગયું હોવાથી તડકો થઈ ગયો હતો. મુસાફરી શરૂ થતાં જ સાથેના સેવકો અંદર-અંદર ધીમા અવાજે વાતો કરવા લાગ્યા, “આજે નીકળતાં મોડું થયું છે અને લાંબો રસ્તો કાપવાનો છે. આખા દિવસનો તડકો મોટરકારમાં કાઢવો પડશે.” આમ વાતો કરે ને બહુ ગરમી છે, ગરમી છે, એમ બોલ્યા કરે. મામા તો સહેજ પણ અકળામણ વગર શાંતિથી આંખો બંધ કરી મહારાજ સંભારતા બેઠા હતા. સેવકો ગરમીથી અકળાઈ ગયા. મામાને જુએ તો મામાના મુખારવિંદ પર અકળામણના કે વધુ ગરમીના કોઈ જાતના ભાવ દેખાય નહિ. મુસાફરી શરૂ કરી એ વખતે મુખારવિંદ જેવું તાજગી ભરેલું હતું તેવું ને તેવું જ દેખાય. આ જોઈ સેવકો નવાઈ પામે. સેવકો ગરમી-ગરમી કર્યા કરે. મામા કહે, “મહારાજ સંભારવાની બદલે બેઠા ત્યારથી ગરમીને જ સંભાર-સંભાર કરો છો પછી ગરમી લાગે કે બીજું કાંઈ? બેઠા ત્યારથી માળા ફેરવતા હોય તેમ ગરમીનું

રટણ કરો છો.” સેવકો કહે, “આજે તાપ ઘણો છે તેથી ગરમી વધુ પડે છે, એટલે અમારાથી તે સહન થતી નથી. અને હજી ઘણું લાંબું અંતર કાપવાનું બાકી છે. એ વિચારે જ અકળાઈ જવાય છે.” એક સેવકે મામાને પૂછ્યું, “આપના ચહેરા પર ગરમીના કોઈ ભાવ કેમ જણાતા નથી?” મામા કહે, “હું તો મહારાજના સુખમાં સદાય ગુલતાન રહું છું. એટલે ટાઢ-તડકો કાંઈ લાગતું જ નથી. તમે પણ મહારાજ સંભારો એટલે ગરમીનો અનુભવ નહિ થાય.” સેવક કહે, “મામા, આપના જેવું સુખ અમને ક્યાં આવે છે? એ આવતું હોય તો-તો શું વાત! અત્યારે તો એક ગરમી સાંભરે છે. મહારાજ તો ક્યાંય સાંભરતા નથી. તમારા જેવું અમારાથી ન રહી શકાય.” આવું સાંભળી મામા હસ્યા કહે, “ચાલો મહારાજને પ્રાર્થના કરીએ કે ગરમી ઓછી કરે.” સેવક પણ હસ્યો કહે, “મહારાજ તો તમારું સાંભળે છે, અમારું ક્યાં સાંભળે છે? તમે કહો તો કાંઈક કરે.” આવી રમૂજ સાંભળી મામા પણ હસવા લાગ્યા.

મામા આંખો બંધ કરી થોડીવાર બેઠા અને અચાનક જ ક્યાંકથી વાદળો આવ્યા ને બધાને ઠંડકનો અનુભવ થયો. બધા કચ્છ પહોંચ્યા ત્યાં સુધી વાદળો છાંયડો કરતા રહ્યા. બધાને ગરમી ઓછી થઈ અને મુસાફરીમાં સુખ આવ્યું. કચ્છ પહોંચ્યા એટલે બધા વાદળો ગાયબ! એક સેવકે મામાને પૂછ્યું, “મામા, આમ અચાનક વાદળો ક્યાંથી આવ્યા હશે? અને અત્યારે તો આકાશમાં એક વાદળુંય દેખાતું નથી.” મામા કહે, “તમે ગરમી-ગરમીનું

રટણ કર્યા કરતા હતા તે મેં મહારાજને પ્રાર્થના કરી તમારા માટે છાંયડો કરાવી તમને ઠંડકનો અનુભવ કરાવ્યો.”

સેવકો અચરજ પામ્યા કે ઓ...હો! સંકલ્પ માત્રમાં વાદળો! અને મુસાફરી પૂરી થઈ એટલે બધા જ ગાયબ! બાપાશ્રી કહે છે ને કે, અનાદિમુક્ત ધારે તે કરે. અનાદિમુક્તથી શું ન થાય? તેનો આ સચોટ દાખલો છે.

સેવકોને બીજી ઘણી મુસાફરીના દિવસો યાદ આવ્યા કે જ્યારે આવી જ રીતે મુસાફરી દરમ્યાન વાદળો આવી જતા હતા. ત્યારે તેઓને આવો ખ્યાલ નહોતો, પરંતુ તે વાદળોનું અચાનક આવવાના રહસ્યની તેઓને આજે જાણ થઈ. સૌ આનંદ પામ્યા કે કોઈ હેરાન ન થાય તે માટે મામા સંકલ્પમાં વાદળો લાવી બધાને શાતા વાળતા. કેવા દયાળુ!

❋❋❋

## ૬૧

સમર્થ મુક્ત પૂજ્ય સોમચંદબાપાને તો સારોય સંપ્રદાય પિછાણે. તેમનો દયાળુ સ્વભાવ, તેમની કરુણા, ઘરે-ઘરે જઈ હરિભક્તોને સત્સંગ કરાવવાનો તેમનો પુરુષાર્થ, કેમ વધુ ને વધુ લોકો ભગવાનનો મહિમા સમજી પ્રભુપ્રાપ્તિના પંથે ચાલે તેવી તેમને હંમેશાં તાણ. તેમના જોગ-સમાગમમાં આવેલા હરિભક્ત ભગવાનના મહિમાથી વંચિત રહી શકે નહિ. દરેક હરિભક્તને તેમનો સમાગમ દિવ્ય લાગે, પ્રેમસભર લાગે, તેમના સમાગમથી પોતાને કાંઈક મળ્યાનો અનુભવ થાય.

એક સમયે સોમચંદબાપા રામપુરાના મંદિરના દરવાજામાં ઊભા હતા અને બે-ત્રણ હરિભક્તો સાથે હતા. સોમચંદબાપા મહારાજના મહિમાની વાતો કરતા હતા. એ વખતે એક હરિભક્તે પૂછ્યું, “અમને મનમાં હંમેશાં એ વાતનો ભય રહ્યા કરે છે કે અત્યારે આપ મહારાજના મહિમાની વાતો કરો છો, જે લાભ આપો છો, જે સુખ હરિભક્તોને આપો છો તે આપ અદૃશ્ય થશો પછી અમારે કોનો આધાર? અમે તો નિરાધાર થઈ જઈશું. અનાથ બની ગયાની લાગણી થશે. આપ નહિ હો ત્યારે અમારે કોનો સહારો લેવો કોની પાસેથી બળ પ્રાપ્ત કરવું?” સોમચંદબાપા કહે, “તમારે કોઈએ ગભરાવાની જરૂર નથી. અમદાવાદમાં નારાયણભાઈ છે તેઓ અખંડ શ્રીજીમહારાજનું સુખ ભોગવે છે. તેઓ મહારાજના

અનાદિમુક્ત છે. તેઓ સત્સંગમાં બધાને બળ પૂરું પાડશે, મહારાજની શુદ્ધ ઉપાસના સમજાવશે, મહારાજના મહિમાની વાતો કરશે. અમે તમને સુખિયા કરીએ છીએ તેવી રીતે તેઓ પણ તમને બધાને સુખિયા કરશે. આથી તમારે જરાય મૂંઝાવું નહિ. સુખે ભગવાન ભજવા. કોઈ મૂંઝવણ હોય ત્યારે તેમની પાસે જવું. બીજે ફાંફાં મારવા નહિ. તેમના જેવા આખા સત્સંગમાં બીજા કોઈ છે નહિ. માટે તેમનો જોગ-સમાગમ કરજો." આમ હરિભક્તો સમક્ષ સોમચંદબાપાએ મામાને પ્રમાણ કર્યા. સોમચંદબાપાના આવા વચનો સાંભળી હરિભક્તોમાં ધીરજ આવી અને સૌ રાજી થયા.

આવો જ એક બીજો પણ પ્રસંગ છે. સદ્‌ગુરુ સ્વામી મુનિસ્વામીશ્રી પાસે એક હરિભક્ત સેવામાં રહ્યા હતા. મુનિસ્વામી પાસે તો સદાય મહારાજ-મહારાજ અને મહારાજ તેના સિવાય બીજી કોઈ વાત જ ન હોય. અને જ્યારે વાતો ન થતી હોય, ત્યારે પોતે ધ્યાનમાં મસ્ત બની જાય. ધ્યાનમાંથી ઊઠે ને ફરી પાછું મહારાજના મહિમાની વાતોરૂપી અખાડો શરૂ જ હોય. આમ તેઓ આવનાર હરિભક્તોને સુખિયા કરતા. સેવક હરિભક્ત સ્વામીશ્રીની વાતો સાંભળી બળ મેળવે અને સ્વામીશ્રીની તથા મંદિરની જે કોઈ સેવા હોય તે કર્યા કરે ને સુખ માણે. સ્વામીશ્રીની અવસ્થા જોઈ તેઓ ઘણી વખત દિલગીર થઈ જતા. આવું જોતાં સ્વામીશ્રીએ તેમને એક વખત પૂછ્યું, "ભક્તરાજ, અહીં તો મહારાજના મહિમાની વાતો થયા કરે છે સર્વત્ર આનંદ-આનંદ છે, છતાંય તમે ક્યારેક આમ સાવ ઉદાસ

કેમ થઈ જાઓ છો?” હરિભક્ત ઉદાસ ચહેરે બોલ્યા, “સ્વામી અત્યારે તો આટલું બધું સુખ છે, આપ બિરાજો છો એટલે સર્વત્ર દિવ્યતા ભાસે છે, ચારે બાજુ આનંદ વર્તાય છે, પરંતુ હું એ વિચારી ઉદાસ થઈ જાઉં છું કે જ્યારે આપ હાજર નહિ હો ત્યારે શું થશે? આ સુખ શોધ્યુંય નહિ જડે.” સ્વામીશ્રી હાસ્ય રેલાવતા બોલ્યા, “ભક્તરાજ, મનના આવા નિરાશાવાદી સંકલ્પને દૂર ભગાડી દો. એવા ખોટા સંકલ્પો કરી અત્યારના સુખનો લાભ લેવાનું ન ચૂકો. મહારાજે તમારા જેવા હરિભક્તો માટે સુંદર વ્યવસ્થા ગોઠવી રાખી છે. તેમના સિદ્ધ અનાદિમુક્ત અમદાવાદમાં બિરાજે છે. તમારે કોઈ મૂંઝવણ રાખવી નહિ. તેઓ મહાસમર્થ છે. શ્રીજીમહારાજના અત્યંત લાડીલા છે. તમારે તેઓનો જોગ-સમાગમ અવશ્ય કરવો. તેઓ સારાય સત્સંગને સુખિયો રાખે તેમ છે. પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તે છે આથી જણાતા નથી. બાકી બહુ સમર્થ છે. સત્સંગમાં બધાયને તેમનો જોગ-સમાગમ કરવાની ભલામણ કરજો.” આવા વચન સાંભળી સેવક રાજી થઈ ગયા. મનમાં નિરાંત થઈ. મહારાજ બહુ દયાળુ છે. તેમણે દયા કરી અમારા સૌ માટે મુક્તરાજને મોકલી મોટો ઉપકાર કર્યો છે. મુનિસ્વામીશ્રી જેવા સમર્થ સંત પણ મામાને પ્રમાણ કરી ગયા છે.

મામા હંમેશાં પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તતા જેથી ન જાણનારા મામાને ઓળખી ન શકે. મોટા-મોટા સદ્‌ગુરુ, મુક્ત મામાની આવી પ્રકૃતિ જાણતા. તેથી તેઓ પોતે મામાને ઓળખાવી ગયા. આ બધાથી વિશેષ તો શ્રીજી

સંકલ્પ સ્વરૂપ બાપાશ્રીએ મામા જ્યારે અગિયાર મહિનાના હતા એ વખતે જ જાહેરાત કરતા સૌને જણાવી મામાને મહામુક્ત તરીકે પ્રમાણ કર્યા હતા.

વાત ત્યારની છે જ્યારે મામા અગિયાર મહિનાના હતા એ વખતે બાપાશ્રી ધ્રાંગધ્રા પધાર્યા હતા. ત્યારે તેઓ મામાને ત્યાં લઘુ કરવાને મિષે પધાર્યા હતા. એ વખતે મુક્તરાજ ઘોડિયામાં સૂતા હતા. બાપાશ્રીએ તેમને તેડી લઈ પોતાના કપાળમાં કંકુનો ચાંદલો હતો તેમાંથી કંકુ લઈને મુક્તરાજને ચાંદલો કરી જાહેરાત કરી હતી કે, "આ તો શ્રીજીમહારાજના મહામુક્ત છે. શ્રીજીમહારાજની મરજીથી પધાર્યા છે. તેઓ અનેક જીવોનો ઉદ્ધાર કરશે ને જીવોને મૂર્તિના સુખે સુખિયા કરશે. તેમની તો આગળ જતાં લોકોને જાણ થશે." આમ બાપાશ્રીએ પણ આપણા મામાને મહામુક્ત તરીકે પ્રમાણ કરી આશીર્વાદ વરસાવ્યા હતા. આ પ્રસંગે સોમચંદબાપાના બહેન મુક્તરાજ દિવાળીબા પણ હાજર હતા. અને તેઓ પણ પોતા પાસે આવનાર હરિભક્તોને આ પ્રસંગ વિશે જણાવી મામાનો વધુ ને વધુ મહિમા જાણવાનું કહેતા.

મોટા-મોટાને ઓળખે. તે રીતે મોટા સંતો-મુક્તો બધા મામાને પ્રમાણ કરી ગયા છે.

❋❋❋

## ૬૨

વલ્લભવિદ્યાનગર એટલે વિદ્યાર્થીઓ માટેનું વિદ્યાધામ. અહીંના સેવકો પર મામાનો વિશેષ રાજીપો. આથી મામા જ્યારે પણ વડતાલ પધારે, ત્યારે મોટેભાગે વિદ્યાનગર સેવકોને મળવા પધારે. એવા જ એક સમયે તેઓ પધાર્યા હતા. ત્યારે સેવકો તેમને વિદ્યાનગરના રામકૃષ્ણ આશ્રમમાં લઈ ગયા હતા. આશ્રમમાં જઈ મામા સ્વામી રામકૃષ્ણ પરમહંસ તથા સ્વામી વિવેકાનંદની મૂર્તિઓ આગળ આંખો બંધ કરી મૌન રાખી ઊભા રહ્યા. સામાન્ય રીતે મામા જ્યાં પણ જાય ત્યાં ભાવથી વંદન કરી નમન કરે, પણ અહીં થોડી વધુ વાર ઊભા રહ્યા. અને પછી આશ્રમમાં બધે ફર્યા. સાથે આવેલા હરિભક્તોએ આની ખાસ નોંધ લીધી નહિ, પરંતુ એક સેવકની નજરમાં એ આવી ગયું. મામાની સાથે એકાંત મળતાં જ તેણે મામાને પૂછ્યું, “મામા, આપ આશ્રમમાં મૂર્તિઓ સામે કેમ વધુ સમય ઊભા રહ્યા હતા?” વાત સાવ નાની છે. સામાન્ય જીવો એ વિશે ઊંડું વિચારી પણ ન શકે. એમ વિચારે કે ભાવે સહિત દર્શન કરે છે અને વધુ તો એમ કે આશ્રમના વિકાસ અર્થે ભગવાનને પ્રાર્થના કરતા હશે. એથી વિશેષ વિચારી ન શકે. પણ રહસ્યની વાત મુક્ત સમજાવે ત્યારે સમજાય બાકી સમજી શકાય તેવી હોતી નથી.

મામા કહે, “જે મુક્ત પુરુષ હોય તેમની સમક્ષ તેમનાથી ઉચ્ચ કક્ષાને પામેલા મુક્ત આવે, ત્યારે તે

મુક્તમાં રહેલા ભગવાનના તેમને મુક્તની ઇચ્છાથી દર્શન થાય છે. તેમ આ બંનેને પણ મુક્તમાં રહેલા ભગવાનના દર્શન થતાં હોવાથી તેઓ એ ભગવાનને વંદન કરી રહ્યા હતા. આથી હું ત્યાં થોડી વધુ વાર ઊભો રહ્યો."

પૂર્ણ મુક્તનું સામાન્ય લાગતું વર્તન પણ કેવું રહસ્યોદ્‌ઘાટન કરાવનારું હોય છે. એટલે જ કહે છે ને કે મુક્તના કોઈ વર્તનમાં ક્યારેય સંકલ્પ કરવા નહિ. રહસ્ય જાણ્યા સિવાય ખોટા સંકલ્પ કરી નાહક જીવનું બગાડવું! મોટા મુક્તને વિશે તો હંમેશાં દિવ્યભાવની જ દૃઢતા કર્યા કરવી. શ્રીજીમહારાજે પણ કહ્યું છે કે સત્પુરુષને વિશે દેવબુદ્ધિ રાખીને તેમને સેવવા. દેવબુદ્ધિ એટલે ભગવાન જેવા, ભગવાનનું પરમ સાધર્મ્ય પામેલા, એમ દિવ્યભાવ લાવીને તેમનો જોગ-સમાગમ-સેવા કરવી. એમ કરવાથી શ્રીહરિની પ્રસન્નતા થાય છે.

❋❋❋

## ૬૩

મુંબઈના એક પ્રતિષ્ઠિત સત્સંગી ભગવાનની કૃપાથી ઘણા સમૃદ્ધિવાન. પોતાની સમૃદ્ધિનો સારા કાર્યોમાં પણ ઉપયોગ કરે, ધાર્મિક સંસ્થાઓમાં તેમ જ ધાર્મિક કાર્યોમાં મોટા દાન આપે, કેટલાય ગરીબોને આર્થિક સહાય કરે, જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ભણવા માટેની સગવડ કરી આપે. પોતાની આર્થિક સમૃદ્ધિનો સદ્‌ઉપયોગ તેઓ કરતા હોવાથી મામાનો તેમના પર વિશેષ રાજીપો રહેતો.

પ્રારબ્ધકર્મને લીધે તેમને હાર્ટની ત્રણ નળીઓ બ્લોક થઈ ગઈ અને તાત્કાલિક બાયપાસ સર્જરી કરાવવી પડે તેમ હતું. અને તેમાંય ઘણું જોખમ રહેલું હતું. હરિભક્તને ઑપરેશન કરાવવાની બહુ ઇચ્છા નહોતી. તેમના પત્ની પણ ઘણા ભગવદીય હતાં. ભજન-ભક્તિ કર્યા કરે. મામાનો મહિમા પણ ઘણો જાણે, મામાને અનાદિમુક્ત જાણે અને એવું દૃઢપણે માને કે મામા પ્રાર્થના કરે તે પ્રાર્થના શ્રીજીમહારાજ જરૂરથી સાંભળે છે. જ્યારે ડૉક્ટરોએ ઑપરેશન અને તેમાં રહેલા જોખમ વિશે તેમને વાત કરી, ત્યારે તેઓ અતિશય મૂંઝાઈ ગયાં. જેમ કોઈ બાળક મુસીબતમાં પડે ત્યારે તેને તેના માવતર યાદ આવે છે અને એ તકલીફની ઘડીમાં તેમની પાસે દોડી જાય છે. તેમ આ બહેનને પણ આવી દુઃખદ પરિસ્થિતિમાં પોતાના માવતર સમ મામા યાદ આવ્યા. તેમણે મામાને ફોન કરી વિગતે માહિતી આપી. વાત સાંભળી મામા થોડીવાર મૌન

રહ્યા. પછી બહેનને કહે, "તમે હિંમત રાખજો. તમારા પતિનું આયુષ્ય છે નહિ. ભગવાન તેમને તેડી જશે." આવું સાંભળતાં બહેન ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યાં. મામાને પ્રાર્થના કરવા લાગ્યાં કે, કુટુંબમાં બધાને તેમની જરૂર છે અને હજી મારે પણ તેમની જરૂર છે. આપ મહારાજને પ્રાર્થના કરો અને એમને આયુષ્ય આપો. તમે ધારો તેમ થાય છે. શ્રીજીમહારાજ તમારી પ્રાર્થના સાંભળે છે. મારા વતી મહારાજને આટલી પ્રાર્થના કરો. આવી રીતે વારંવાર રડતાં-રડતાં મામાને પ્રાર્થના કરવા લાગ્યાં. થોડીવારે મામાએ કહ્યું, "તેમનું આયુષ્ય છે નહિ, પણ તમારા આંસુ શ્રીજીમહારાજ સુધી પહોંચ્યા છે. તમારા આંસુ અને સાચો ભાવ જોઈને મહારાજને દયા આવી ગઈ છે. તેઓ કહે છે હવે તમારા પતિને કાંઈ નહિ થાય. તેઓ બચી જશે. આયુષ્ય પૂરું થઈ ગયું હોવા છતાં મહારાજ તેમને રાખશે."

મામા તરફથી આશીર્વાદનું કવચ મળતાં બહેનને આશ્વાસન મળ્યું અને પતિને આયુષ્ય મળવાના વિશ્વાસે તેમનામાં હિંમત આણી. મામાના આશીર્વાદ મળ્યા પછી ચમત્કારિક રીતે હાર્ટને કોઈ બીજી એક નળીમાંથી લોહીનો પ્રવાહ મળવા લાગ્યો અને ઑપરેશનની જરૂર ન જણાઈ. ડૉક્ટરો કહે, "આવું ઘણીવાર બને કે શરીર પોતાની મેળે સમસ્યાનું સમાધાન શોધી કાઢે." ડૉક્ટરો એ વાત ક્યાંથી સમજી શકે કે શરીરે પણ સમસ્યાનું સમાધાન મુક્તના આશીર્વાદ મળ્યા પછી શોધ્યું. તે પહેલાં શરીર પણ તેમ કરવા સમર્થ ન હતું. મામાના આશીર્વાદ મળ્યા પછી જ બીજી નળીમાંથી લોહીનો પ્રવાહ મળવો શરૂ થયો. આજે

પણ એ સત્સંગી હરિભક્ત વગર ઑપરેશને સામાન્ય જીવન જીવી રહ્યા છે અને સત્સંગની સેવા બજાવી રહ્યા છે.

અનાદિમુક્તના આશીર્વાદ અશક્યને શક્ય બનાવે છે. આયુષ્ય વગરનાને આયુષ્ય અર્પે છે. હવે આને ચમત્કાર કહેવો હોય તો ચમત્કાર કહો કે અનાદિમુક્ત મામાના આશીર્વાદનું સામર્થ્ય બધું એકનું એક છે.

❋❋❋

## ૬૪

અનાદિમુક્તની સેવા કરવાથી અનેક રીતે લાભ થાય છે. આધ્યાત્મિક પથ પર જવા માટેના પાત્ર તો ધીમે-ધીમે થતા જ જઈએ છીએ, પરંતુ એ સિવાય બીજી નાની એવી કેટલીય બાબતો જાણવા, શીખવા મળે અને એમ કરતાં ઉમદા જીવન ઘડતર થાય. જેનામાં જેવી આવડત અને ભાવ તે પ્રમાણે મામાને ત્યાં સેવા કરે. પણ એટલું તો દરેક જણ અચૂક સમજતા કે અહીં સેવા કરવાથી જીવનમાં ઘણો લાભ મળશે. બહેનોને મામાની પ્રત્યક્ષ રીતે સેવાનો લાભ ન મળતો આથી તેઓ માસી પાસે આવી માસીની સૂચના પ્રમાણેનું થોડું-ઘણું કાર્ય કરી સેવા મળ્યાનો સંતોષ મેળવી લે.

ચોમાસાની ઋતુમાં એક બહેન પૂ. માસી પાસે આવી સેવા કાર્યમાં રત હતા. અને એ વખતે મામાની નજર એ બહેન પર ગઈ. મામાએ ઘડિયાળમાં જોયું ને બહેનને પૂછ્યું, “તમારે નોકરીએ નથી જવાનું? તમારો સમય તો થઈ ગયો છે.” બહેન કહે, “મામા, આજે વરસાદ ઘણો પડતો હોવાથી મને આળસ થઈ આથી હું નોકરીએ નથી ગઈ. મને એમ કે આજનો દિવસ માસી પાસે સેવા કરી પસાર કરું.” કોઈ મહત્ત્વના કારણ વગર રજા પાડી છે એવું સાંભળતાં મામા કહે, “અત્યારે ચોમાસાની ઋતુ છે. વરસાદ તો રોજ પડે, તેથી તમે રોજ રજા પાડશો? તમારા માસીને એવું કોઈ અગત્યનું કામ નથી. તમે તમારી

નોકરીએ જાવ. આપણે આપણું કર્તવ્ય પૂરી નિષ્ઠાથી બજાવવું જોઈએ. તમારા કામના તેઓ તમને પૈસા ચૂકવે છે પછી તેમાં આળસ કેમ? આપણે જ્યાં કામ કરતા હોઈએ, ત્યાં પૂરી નૈતિકતાથી અને પૂરી નિષ્ઠાથી આપણી ફરજ બજાવીએ તે જ ભગવાનને ગમે અને તો જ ભગવાન આપણા પર રાજી થાય. જે કામ કરીએ છીએ તે પણ ભગવાનનું સોંપેલું છે અને તેમનું જ કાર્ય છે, તેમ વિચારી કરીએ તો ગાફલાઈ રહે નહિ. જીવનમાં આ હંમેશાં યાદ રાખવું અને દરેક કાર્ય કરતાં પૂર્વે ભગવાનને સંભારી તેમને સાથે રહેવા પ્રાર્થના કરવી એટલે કાર્ય બરાબર થાય. ઋતુ પ્રમાણે તડકો, વરસાદ, ઠંડી બધું થયા કરે, તેથી આપણે કાંઈ વારંવાર રજા પાડી કર્તવ્યચ્યૂત ન થવાય. અનિવાર્યતા સિવાય અમસ્તી રજાઓ પાડવી નહિ. હવેથી ક્યારેય આવું કરતા નહિ. અત્યારે ઊભા થઈ ઉતાવળે ફરજ પર પહોંચી જાવ." બહેન કામ પડ્યું મૂકી ઊભા થઈ મામાને કહે, "મારી ભૂલ થઈ હવે ક્યારેય આવું નહિ કરું. તમે કહો છો તેમ શ્રીજીમહારાજનું સોંપેલું કાર્ય છે તેમ માનીને જ કાર્ય કરીશ. આજે આપે નોકરી પ્રત્યે સાચું કર્તવ્ય બજાવવાની સાચી સમજ આપી છે તે બદલ આપની આભારી છું." મામા બહેન પર રાજી થયા ને બહેન તરત નોકરીએ પહોંચી ગયા.

પ્રસંગ ઘણો નાનો છે, પણ વાત મોટી અને ગહન છે. આજના સંજોગોમાં દરેક વ્યક્તિએ વાત સમજવા જેવી છે. આપણે જ્યાં કામ કરતા હોઈએ, ત્યાં પૂરી નિષ્ઠાથી અને નીતિપૂર્વક પોતાનું કર્તવ્ય બજાવવું અને કામ

શ્રીજીમહારાજનું છે એમ વિચારી કરવાથી આપો આપ કામમાં ચોકસાઈ આવે ને કામ બરોબર જ થાય ને ભગવાનની પ્રસન્નતા થાય. ભગવાનની પ્રસન્નતા થવાથી જીવનમાં સારા ગુણોનો વિકાસ થાય, સારા ગુણોના વિકાસથી આચાર-વિચાર સારા થાય અને એમ કરતાં સમગ્ર જીવન આદર્શમય બને અને એ જ મહત્ત્વનું છે ને!

❋❋❋

## ૬૫

અનાદિમુક્તના આ પૃથ્વી પર આગમનનો એક માત્ર હેતુ જીવોનું કલ્યાણ કરવાનો હોય છે. પાત્ર મુમુક્ષુ જીવોને ભગવાનનું સુખ પ્રાપ્ત કરાવવું. બીજા જીવોને ઊર્ધ્વગતિ તરફ ગમન કરાવવું. અને એ હેતુ બર લાવવા મુક્ત અનેક રીતે કાર્ય કરે છે. સંકલ્પ દ્વારા, આશીર્વાદ આપીને, દયા આણીને, હિંમતના વચનો કહી તેને સાચી દિશા બતાવીને કે તીર્થોમાં જઈ પોતાના પાવન પાદચિહ્નો ત્યાં પાડી સંકલ્પ કરે છે કે, અહીં આવનારા દરેક જીવનું ઊર્ધ્વીકરણ થાય. તેઓ જે શુભ ભાવના સાથે આવ્યા હોય તે પૂર્ણ થાય. અને તેમનો ભગવાન પ્રત્યેનો ભાવ દિન-પ્રતિદિન વધતો જાય.

આવા જ કોઈ શુભ આશયથી એક વખત મામા તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા. ફરતાં-ફરતાં ઋષિકેશમાં આવ્યા. ત્યાં દરેક મંદિરે દર્શન કરી શુભ સંકલ્પ કરે, અહીં આવનારા જીવનું મહારાજ કલ્યાણ કરે. આમ કેટલાય મંદિરો અને આશ્રમોમાં જઈ સંકલ્પ કર્યો. એવામાં કોઈએ સમાચાર આપ્યા કે, અહીં એક આશ્રમમાં દૂધાધારી ઋષિ રહે છે. જેઓ કેટલાય વર્ષોથી ફક્ત દૂધનું જ સેવન કરીને રહે છે. અને તપશ્ચર્યા કરે છે. સેવકે મામાને કહ્યું, “આપણે ત્યાં જવું જોઈએ. તમે તેને દર્શન આપો તો તેની તપશ્ચર્યા ફળે અને ભગવાનની ભક્તિમાં તે વધુ આગળ તરફ ગતિ કરે.” મામા કહે, “સારું જઈ આવીશું.” બીજા

આશ્રમમાં જવામાં અને મંદિરોમાં ગયા તેમાં રાત પડી ગઈ અને સેવક તો તપસ્વીની વાત ભૂલી ગયો. રાત્રે ઉતારામાં સેવક મામા પાસે બેઠો હતો ત્યારે તેને તપસ્વીની વાત યાદ આવી. આથી મામાને કહે, "મામા, આપણે દૂધાધારી તપસ્વીના આશ્રમે જવાનું ભૂલી ગયા. કાલે તો આપણે અહીંથી નીકળી જવાના છીએ. બીજે જવામાં મને તો એ યાદ જ ન રહ્યું." મામા કહે, "તું ભૂલી ગયો હોઈશ મને તો યાદ જ હતું, પરંતુ મહારાજની મરજી તેને દર્શન આપવાની નહોતી. તેથી હું ત્યાં ગયો નહિ. તેને વર્ષોની તપશ્ચર્યા છે, પરંતુ એ તપશ્ચર્યા હજી કાચી છે. તેમાં અભિમાનરૂપી ત્રૂટી રહેલી છે. તપસ્વીને પોતાની તપસ્યાનું અભિમાન છે. તેથી જ તેને તેની તપશ્ચર્યાનું ફળ પ્રાપ્ત થતું નથી. ભગવાનને રાજી કરવા તપ કરવું તેનો વળી ગર્વ શું? ગુમાન રાખે પછી ભગવાન ક્યાંથી રાજી થાય? આવા ગુમાનને લીધે બીજા સદ્‌ગુણોનો પણ તેનામાં વિકાસ ન થાય. જેના કારણે આધ્યાત્મિક ઉન્નતિ અટકી પડે અને કોઈ પ્રાપ્તિ ન થાય. ભગવાનને રાજી કરવા નિર્માની થવું પડે. કોઈ જાતનું માન-અભિમાન, અહંકાર ન હોય ત્યારે ભગવાન રાજી થાય ને તપશ્ચર્યાનું ફળ પ્રાપ્ત થાય. ઋષિમાં એટલી કચાશ હોવાથી તેને વિલંબ થઈ ગયો. હવે જ્યારે એ ગર્વનો ત્યાગ કરશે અને કેવળ ભગવાનને રાજી કરવા તપ કરશે, ત્યારે ઉન્નતિને માર્ગે ચાલશે."

આવી સૂક્ષ્મ વાત સેવક તો ક્યાંથી સમજી શકે? અનાદિમુક્ત મામા જ્યારે વાતોનું રહસ્ય ઉદ્‌ઘાટન કરે,

ત્યારે જ તેની જાણ થાય. નહિતર આવા સૂક્ષ્મ રહસ્યો સમજવા અઘરા છે. આવી નાની-નાની અનેક બાબતો હોય જે આધ્યાત્મિકતામાં આગળ વધતા અટકાવતી હોય. જે મોટા કૃપા કરે ત્યારે ઓળખાય. અને તેઓ દયા લાવી ત્રૂટી દૂર કરે અથવા દૂર કરવા માર્ગદર્શન આપી સહાય કરે ત્યારે થઈ શકે. માટે જ આધ્યાત્મિક માર્ગે ચાલવા અનાદિમુક્તરૂપી પથદર્શક અતિ આવશ્યક છે.

❊❊❊

## ૬૬

અનાદિમુક્ત પાસે જ્યારે જીવ ખરા ભાવથી પ્રાર્થના કરે અને મુક્ત રાજી થઈ આશીર્વાદ આપે ત્યારે કોને ક્યારે, કેવી રીતે પ્રેરણા કરે તે કહી શકાય નહિ. અને મુક્ત રાજી થાય પછી કહેવાપણું રહેતું નથી.

મામાને ત્યાં એક બહેન લગભગ દરરોજ સવારે માસીની સેવામાં આવે. બે-ચાર કલાક સેવા કરી ઘરે જઈ ઘરનું કામ કરે. મામા તથા માસીનો અતિશય મહિમા એટલે માસી પાસે આવી માસી બતાવે તે સેવા મહિમાએ સહિત કરે. એક વખત મામાએ તેમને અમસ્તા જ પૂછ્યું, “બધું બરાબર છે ને?” મામાના આમ પૂછતા મૂંઝાતી વ્યક્તિને કોઈ પૂછે ને હૈયું હાથ ન રહે તેમ આ બહેનને પણ થયું. ઘણા સમયથી મન મૂંઝાતું હતું અને મામાએ પૂછ્યું. જાણે વહાલથી બાપે દીકરીને પૂછ્યું ને દીકરી રડી પડી. હૃદયે આજે તેને સાથ ન આપ્યો વેદના અશ્રુઓ દ્વારા વહી રહી. બહેન થોડા શાંત પડી મામાને કહે, “મામા, અમારું ઘર એવી જગ્યાએ છે કે ત્યાંથી નીકળીએ તો ય નહાવું પડે. ઘરની બહાર જ સંડાસની ગટરનું પાણી ઊભરાય છે. એ ગંદકીમાંથી દરરોજ અમારે આવવું-જવું પડે છે. પગ તો એવા દુર્ગંધ મારતા કાદવથી ખરડાઈ જાય કે નહાવું જ પડે. આખો દિવસ ઘરમાં દુર્ગંધ માર્યા કરે છે. હું કેટલાય દિવસથી આપની સમક્ષ રજૂઆત કરવા મથતી હતી, પરંતુ મન મૂંઝાયા કરતું હતું. આપે આજે

આમ પૂછતાં મારાથી રડી પડાયું હું દિલગીર છું. મામા, અમારી આર્થિક પરિસ્થિતિ એવી સારી નથી કે બીજી સારી જગ્યાએ ઘર લઈ શકાય." બહેનની વાત સાંભળી મામાએ બહેનને સીધું જ કહી દીધું, "તમે ડ્રાઈવઈન બાજુ ઘર લઈ લો. ત્યાં ભગવાન તમને સારું ઘર અપાવશે." મામાના આવા વચન સાંભળતાં બહેનના મગજમાં કેટલાય વિચારો ચાલવા લાગ્યા કે એ તો સારો એરિયા કહેવાય. ત્યાં કઈ રીતે ઘર મળશે? ત્યાં તો બહુ મોંઘા ઘર હોય વગેરે વિચારો આવ્યા, પરંતુ મામાને એ વિશે કાંઈ પૂછી શક્યા નહિ કે કાંઈ કહી શક્યા નહિ. ફક્ત મામાને હા પાડી. સાંજે એમના પતિ મામાના દર્શને આવ્યા તેમને પણ મામાએ એ જ પ્રમાણે કહ્યું. બહેનના પતિને મામાના વચનમાં અતૂટ વિશ્વાસ અને શ્રદ્ધા કે મુક્તપુરુષ કહે પછી તેમાં આપણી બુદ્ધિ ન વાપરવી. અને તેઓ કહે તેમાં સંમતિ જ આપવી. કારણ કે તેઓ બધું જાણીને કહેતા હોય. અને આપણે અજાણ હોઈએ. મામાને તેમણે હા તો પાડી, પરંતુ એ એરિયામાં હવે ઘર લેવું કઈ રીતે? પાસે પૈસા નહોતા કે નહોતી એવી મોટી કોઈ ઓળખાણ. પતિ-પત્ની બંનેને એવો એક દૃઢ વિશ્વાસ કે મામાએ કહ્યું છે એટલે નક્કી કોઈક મારગ નીકળશે ખરો.

મુક્તપુરુષ સર્વજ્ઞ હોય છે. આથી જ એ રીતના આશીર્વાદ આપતા હોય છે. મામાના આશીર્વાદ મળ્યા પછી જુઓ એકાએક કેવા સંજોગો ઊભા થાય છે અને કોને કેવી પ્રેરણા થાય છે. બહેનની સ્કૂલની એક બહેનપણી જેના વિશે પંદર વર્ષે બહેનને જાણ થઈ છૂટા

પડ્યા પછી મુલાકાત થઈ નહોતી. જાણ થતાં બંને મળ્યા અને વાત કરતાં ખબર પડી કે બહેનપણીના પતિ બિલ્ડર છે અને ડ્રાઈવઈન રોડ પર એના ફ્લેટ બંધાય છે. બિલ્ડરે ત્યાં જઈ ફ્લેટ જોઈ આવવા કહ્યું અને જેવડો ફ્લેટ ગમે તે નક્કી કરી લેવા કહ્યું. બહેને પોતાની આર્થિક સંકણામણની તેમની સમક્ષ રજૂઆત કરી. ત્યારે તેઓ બોલ્યા, "ટોકન તરીકે મને એક રૂપિયો આપો. અને ઘરમાં રહેવા આવી જાઓ. અઠવાડિયામાં જ હું ફ્લેટ તૈયાર કરાવી આપું છું. જીવનમાં જ્યારે તમારી પાસે સગવડ થાય ત્યારે મને આપજો." બહેન પાસે ભેગી કરેલી થોડી રકમ હતી તે તેમણે બિલ્ડરને આપતાં કહ્યું, "અત્યારે આટલી રકમ રાખો બાકીની ધીમે-ધીમે ચૂકવી દઈશું." બિલ્ડરે કહ્યું, "આ પૈસામાંથી ફર્નિચર બનાવડાવી લો. મારા પૈસા પછી આપજો."

આ બિલ્ડર માટે એવી વાત પ્રખ્યાત હતી કે તેઓ કોઈનોય એક રૂપિયો પણ બાકી હોય ત્યાં સુધી ઘરનો કબજો આપતા નહિ. પોતાના સંબંધીને પણ નહિ. એવા બિલ્ડરે બહેનને ફક્ત એક રૂપિયાના ટોકન પર ઘર રહેવા આપી દીધું! અને તે પણ પૈસા આપવાની અવધિ વગર!! એક રૂપિયો બાકી ન રાખનાર વ્યક્તિ આવું કઈ રીતે બોલી શકે? પંદર વર્ષ પછી પત્નીની બહેનપણી મળી બસ એટલી જ ઓળખાણ છતાં પૂર્ણ વિશ્વાસ મૂકી ઘર સોંપી દીધું. આ છે મામાના આશીર્વાદનો પ્રતાપ. આશા ન હોય ત્યાંથી ધારી ન હોય તેવી વ્યક્તિ પાસેથી મદદ મળી રહે અને મૂંઝવણ દૂર થાય. કેવું સામર્થ્ય!

કહે છે ને કે, ભગવાન અને તેમના અનાદિમુક્ત સદાય આપણી સાથે જ છે. આપણી સહાયમાં ઊભા જ હોય છે. ફક્ત આપણને તેની જાણ હોતી નથી. હૃદયના ખરા ભાવથી અને સંપૂર્ણ વિશ્વાસ સાથે પ્રાર્થના કરીએ તો તેઓ હાજર જ છે અને આપણી મુશ્કેલી અચૂક દૂર કરી સહાય કરે છે. જરૂર છે અંતરના ખરા ભાવની.

❋❋❋

## ૬૭

અનાદિમુક્તમાં કેટલી સામર્થી છે તેમનો પ્રભાવ કેવો અને કેટલો છે તે તો કોઈ ક્યારેય કળી શકતું નથી, છતાં અનાદિમુક્ત જ્યારે પોતાનો જરાક પ્રભાવ બતાવે તો તે પ્રભાવમાં વ્યક્તિ આવ્યા વગર રહી શકે નહિ. આમ તો મુક્તનું સમગ્ર જીવન જ પ્રેરણાદાયી હોય છે, પરંતુ તેમની વાણી-વર્તન કોને ક્યારે કઈ રીતે પ્રભાવિત કરી જાય તે સામેની વ્યક્તિ પર આધાર રાખે છે. જો કે અનાદિમુક્ત તો સામેના પાત્રને જોઈ એ પ્રમાણેનું જ વાણી-વર્તન રાખતા હોય છે કે જેથી જીવને સંકલ્પ ન થાય અને તેનું રૂડું થાય.

મામા જ્યારે વિદેશ યાત્રાએ ગયા હતા એ વખતે હરિભક્તો અને સેવકોના આગ્રહને વશ થઈ પોતાના ગળાની તકલીફ માટે ઈલીનોઈસ હૉસ્પિટલમાં બતાવવા ગયા હતા. હૉસ્પિટલમાં જતા પૂર્વે જ મામાએ શરત રાખી કે ત્યાં કોઈ બહેનનો મને સ્પર્શ ન થવાનો હોય તો જ ત્યાં જવું. હરિભક્તોએ એ પ્રમાણેની ગોઠવણ કરી આપવાનું વચન આપ્યા પછી જ મામાએ જવાની તૈયારી દર્શાવી. ત્યાં ગયા ત્યારે એક ડૉક્ટર મામા પાસે આવ્યો અને મામાના ટેસ્ટ વિશે મામા સાથે વાત કરી. ડૉક્ટરના હાથમાં એક નાના તકીયા જેવું સાધન હતું. ડૉક્ટરે મામાને કહ્યું કે, “આપનો એન્ડયોરન્સ પાવર તપાસવો છે તો આપ આ તકીયા ઉપર તમારા હાથેથી મારો.” મામાએ

જરાક હાથ માર્યો. ડૉક્ટર કહે, “એમ નહિ. આપનામાં જોર હોય તેટલા બળથી મારો.” એટલે મામાએ જરાક જ વધારે જોરથી માર્યું તો ડૉક્ટર ગડથોલિયું ખાઈ ગબડી પડ્યો. આમ થતાં ડૉક્ટરને ભારે અચરજ થયું કે આટલી ઉંમરવાળી વ્યક્તિમાં આટલું બધું જોર હોઈ શકે જ નહિ. અને આમણે એટલું બધું બળ વાપર્યું હોય તેવું પણ જણાતું નથી, છતાં હું ગબડી ગયો! અમેરિકાના ડૉક્ટર અનાદિમુક્તની સ્થિતિ અને સામર્થ્યને ક્યાંથી જાણી શકે? એને ક્યાંથી ખબર હોય કે અનાદિમુક્ત ધારે તે કરી શકે. તેવું તેમનામાં અગાધ સામર્થ્ય હોય છે. આવું કાંઈ સમજવાની ડૉક્ટરની પાત્રતા ન હતી. છતાં તે એટલું તો સમજ્યો જ કે આ કોઈ સામાન્ય વ્યક્તિથી થઈ શકે એવું વર્તન નથી. આટલી ઉંમરની વ્યક્તિમાં આટલું જોર હોઈ શકે નહિ. મામાએ તેમને કહ્યું, “આ બધું તો ભગવાન કરે છે હું કાંઈ કરતો નથી.”

આવી વાત ડૉક્ટરને ગળે ઊતરી નહિ. સાથેના સેવકો અને હરિભક્તોએ પોતાની સમજણ પ્રમાણે મામાના સામર્થ્ય અને સ્થિતિ વિશે ડૉક્ટરને થોડી માહિતી આપી. વાત સાંભળી ડૉક્ટર એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે તેણે મામા પાસેથી કોઈ પણ જાતની ફી લીધી નહિ. દાખલ ફી પેટે લીધેલી ફી પણ પાછી અપાવી. કહે, “આવી મહાન વ્યક્તિ પાસેથી હું ફી ન લઈ શકું.” તેને મામાનો ઘણો ગુણ આવ્યો. મામાએ તેને આશીર્વાદ આપ્યા તેથી તે ઘણો રાજી થયો. આમ મુક્તપુરુષનું કયું વર્તન કોને કઈ રીતે પ્રભાવિત કરી જાય તે કહી ન શકાય.

અમેરિકાનો ડૉક્ટર મામાના એક હાથ મારવા જેવા વર્તનથી પ્રભાવિત થઈ મહિમા જાણી પોતાને ધન્ય માની આશીર્વાદના હકદાર બની જાય છે.

❋❋❋

## ૬૮

આધ્યાત્મિક માર્ગ એવો છે કે તેમાં વાચ્યાર્થ જ્ઞાન ગમે તેટલું હોય છતાં એક અનુભવી માર્ગદર્શકની જરૂર પડે છે. સદ્ગ્રંથો વાંચી એ માર્ગ પર ચાલવાની સાચી કેડી હાથ લાગી હોય અને એ માર્ગે આગળ વધ્યા પણ હોય, પરંતુ જ્યારે મહારાજના દિવ્ય સ્વરૂપના સુખની વાત આવે, ત્યારે એક સાચા ગુરુ, સાચા અનુભવીની અનિવાર્યતા રહે જ છે. એ સુખની પ્રાપ્તિ જેઓ એ સુખ માણતા હોય, અખંડ અનુભવ કરતા હોય, પૂર્ણકામ હોય, અનાદિની સ્થિતિ જેને પ્રાપ્ત હોય તેઓ જ કરાવી શકે. બીજા કોઈથી એ વાત બનતી નથી.

એક ગામના મંદિરમાં એક સ્વામી રહે. તેમણે યોગ સાધના સારી કરેલી. હઠયોગને કારણે તેમને સમાધિ પણ થતી. અને એ સમાધિની સાબિતી આપવા તેઓ કૂવાના પાણીમાં છ-છ કલાક સુધી પડી રહેતા. સામાન્ય લોક સમૂહમાં આ બાબત ભારે કૌતૂક ઊભી કરતી. સ્વામી પોતે સમાધિ કરતા અને બીજાને પણ ઘણી વખત સમાધિ કરાવતા. આવું સામર્થ્ય તેઓ ધરાવતા. આમ બધું હોવા છતાં તેમને મહારાજના દિવ્ય સુખની પ્રાપ્તિ નહોતી. એ સુખ તેઓ અનુભવી તેને માણી શકતા નહિ. સમાધિમાં જાય કલાકો સુધી એ અવસ્થામાં રહે, પણ જે સુખ તેમને જોઈતું હતું તે મળે નહિ. આથી તેમણે મામાને પ્રાર્થના કરાવી. સેવકે આવી મામાને વાત કરી. મામા કહે, “તેમણે

વર્ષોના વર્ષો હઠયોગની સાધના કરી છે. હઠયોગને લીધે જે પ્રાપ્તિ થવી જોઈએ તે તેમને થઈ છે, પરંતુ એટલા વર્ષ જો ભગવાન સંભાર્યા હોત તો મૂર્તિ હાથ આવત. અત્યારે તો તેમની અવસ્થા પણ ઘણી થઈ છે. આ અવસ્થાએ હવે મૂર્તિ સંભારવા જાય તો ક્યાંથી થાય? ધ્યાન સિદ્ધ કરી મૂર્તિ મેળવવાના સમયમાં હઠયોગની સાધના કરી. પાછું લોક ચાહના મેળવવા તે સિદ્ધિનું પ્રદર્શન કરે છે. આમાં મૂર્તિ ક્યાંથી હાથ લાગે? તેમણે પુરુષાર્થ ઘણો કર્યો છે, પરંતુ તે મૂર્તિ પ્રાપ્ત કરવા માટેનો નહોતો. જો એમ હોત તો મૂર્તિ સિદ્ધ થઈ જાત. આ ઉંમરે તેમનાથી હવે ધ્યાન સાધનાનો પુરુષાર્થ કેવી રીતે થાય? છતાં ચાલો આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે ભગવાન તેમને સહાય કરે અને આધ્યાત્મિક માર્ગે તેઓ પ્રગતિ કરે.” મામાએ મહારાજને પ્રાર્થના કરી.

જેના માટેનો પુરુષાર્થ હોય તેનું ફળ મળે. પુરુષાર્થ કરવો, સાધના કરવી તે ભગવાનને પામવા માટેની હોય તો ભગવાન મળે. એ પુરુષાર્થમાં મુક્તપુરુષનું માર્ગદર્શન અને આશીર્વાદ સાચા પથદર્શક બની રહે છે. નહિ તો ક્યારે આડે પાટે ચડી જવાય તેની જાણ પણ થતી નથી. માટે જ અનુભવી ગુરુની અનિવાર્યતા દરેક ક્ષેત્રમાં કહી છે.

❊❊❊

## ૬૯

મનુષ્ય દેહ મળ્યા પછી જીવે કરી-કરીને કરવાનું હોય તો તે એક જ વસ્તુ છે અને તે છે પરમકૃપાળુ પરમાત્માની પ્રસન્નતાના સાધન કરી, તેમની વધુ નજીક પહોંચવું, તેને પામવું અને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવી. જ્યાં સુધી એ પ્રાપ્તિ નથી થતી, ત્યાં સુધી આ લોકમાં વારંવાર આવી પ્રયત્નો કર્યા જ કરવા પડે છે. એ પ્રાપ્તિ થયા પછી સઘળું બંધ. પછી એ દિવ્ય સુખ માણ્યા કરવાનું બસ માણ્યા જ કરવાનું. આ વાત દરેક શાસ્ત્ર કહે છે. મોટા-મોટા મુક્તો પણ આ વાત કહે છે અને પોતાના જીવન દ્વારા ચરિતાર્થ કરી બતાવે છે.

બાપાએ પણ પોતાના સમગ્ર જીવન દ્વારા આ જ વાત કહી, "કે આ કરો, આ કરો બીજું બધું પડ્યું મૂકો." મામા પણ આ જ વાત સમજાવતા કે અનંત જન્મો સુધી બાહ્ય વૃત્તિ કરતા આવ્યા છીએ. ત્યારે કદાચ સમજણ ન થઈ હોય, પરંતુ અત્યારે તો એ હાથ આવી છે. એને સમજાવનારા મળ્યા છે, તો હવે આળસ-પ્રમાદ મૂકી પ્રભુ પ્રાપ્ત કરી લેવા. દરેક મોટા પુરુષો આ વાત કહી ગયા છે અને કહે છે. ત્યારે અને અત્યારે પણ જે ખરા મુમુક્ષુ જીવ હોય તેમણે એ વાત પકડી અને મંડી પડ્યા હોય તો તેમને સાધના પથ પર જરૂરથી સહાય મળી રહી હોય. એ હકીકત છે કે, મુક્ત પ્રગટ બિરાજતા હોય એ વખતે સાધના કરવાથી ઘણો ફરક પડી જાય છે. જોઈતું

માર્ગદર્શન મળી રહે છે. મુક્તના આશીર્વાદ મળે છે અને તેમનો રાજીપો પ્રાપ્ત થતાં એ માર્ગે સહેલાઈથી આગળ વધી શકાય છે.

આવું જ્ઞાન મામાના એક સેવકને હોવાથી તેને મનમાં એમ રહ્યા કરે કે મામા બિરાજે છે ત્યાં સુધીમાં તેમના આશીર્વાદ મેળવી મારે મહારાજનું ધ્યાન કરી મૂર્તિ સિદ્ધ કરી લેવી. અનાદિમુક્ત પ્રત્યક્ષ હોય ત્યારે વાત જુદી થઈ જાય છે અને તેમાંય બળદિયા જેવા ધામમાં બાપાના જ ઘરમાં જો ધ્યાન કરવાનો અવસર મળે તો ધન્ય થઈ જવાય. આવા સંકલ્પો સેવકને ઘણા સમયથી થયા કરે. પોતે મામાની સેવામાં હોવાથી મામાની સેવા મૂકી કઈ રીતે જવાય? એવા સંકલ્પો પણ થયા કરે, પરંતુ સાથે-સાથે એવું પણ મનોમંથન થયા કરે કે, અનાદિમુક્ત જીવો પ્રભુજીને પામે તેવા આશયથી જ પૃથ્વી પર પધાર્યા હોય અને આપણે પુરુષાર્થ ન કરીએ-પાત્ર ન થઈએ તો મુક્ત કઈ રીતે સહાય કરે? મારે પુરુષાર્થ તો કરવો જ રહ્યો. આમ સંકલ્પ-વિકલ્પ ચાલ્યા કરે. એક દિવસ તેણે મામાને પોતાના મનોમંથન વિશે વાત કરી. મામા કહે, “તમે ખુશીથી જાઓ હું ભલામણપત્ર લખી આપીશ. તમને બાપાશ્રીનું ઘર ખોલી આપશે.” સેવકના ચહેરા પર ખુશીને બદલે હજી પણ મૂંઝવણના ભાવો ડોકાઈ રહ્યા હતા. મામાએ કહ્યું, “તમારી જે કાંઈ મૂંઝવણ હોય તે કહો.” સેવક કહે, “હું અમદાવાદથી બળદિયા એટલે દૂર જાઉં તો ખરો, ત્યાં રહી સાધના પણ કરું, પરંતુ સાધના દરમ્યાન મને કોઈ મૂંઝવણ થાય, કોઈ માર્ગદર્શનની આવશ્યકતા

પડે તો એટલે દૂરથી કઈ રીતે આપની સહાયતા લઉં? આવા કેટલાય પ્રશ્નોથી મન મૂંઝાયા કરે છે. સાધના પથ પર અનાદિમુક્તનું માર્ગદર્શન આવશ્યક છે. તેમના માર્ગદર્શન વગર જરાય આગળ વધી ન શકાય તેનું મને જ્ઞાન છે. આથી હું જરા વિચારમાં પડી ગયો છું." મામા હસ્યા કહે, "સ્થળ અને સમયનું તારે આવરણ છે. મારે ક્યાં એવા કોઈ આવરણ છે. તું અહીં ન આવી શકે, પરંતુ હું તો અહીં રહ્યા થકા પણ તને ત્યાં માર્ગદર્શન આપી જ શકું ને! મને ક્યાં કાંઈ નડે છે. મને નહિ ખબર પડે કે ક્યારે તને કેવા પ્રકારના માર્ગદર્શનની આવશ્યકતા છે? મારે ક્યાં તારા કહેવાની રાહ જોવી પડે તેમ છે. તારે જ્યારે જે પ્રકારના માર્ગદર્શનની આવશ્યકતા પડશે, ત્યારે તેવું માર્ગદર્શન તને હું આપી દઈશ. તને એમ લાગે છે કે એ માટે મારે ત્યાં આવવું પડશે? અહીં રહ્યા થકા હું નહિ કરી શકું?" સેવક ભાવવિભોર થઈ મામાના પગમાં પડી ગયો કહે, "ગુરુદેવ, મારી ભૂલ થઈ. આપ કેવા સમર્થ છો. આવરણેરહિત, નિરાવરણ દિવ્ય સ્થિતિવાળા છો, અંતર્યામી છો, સાચા માર્ગદર્શક છો. સાધનામાં નડતી ગૂંચ ઉકેલવામાં આપ જ મને સમર્થ લાગો છો. તેવું જ્ઞાન હોવા છતાં હું અલ્પમતિ અત્યારે સંકલ્પ કરી બેઠો. માટે મને ક્ષમા કરશો. હવે હું નિશ્ચિંત થઈ જાઉં છું. આપ મને આવશ્યકતાનુસાર માર્ગદર્શન આપશો જ તેવી મને ખાતરી થઈ છે."

અનાદિની સ્થિતિને પ્રાપ્ત મુક્તમાં મહારાજના સર્વ કલ્યાણકારી ગુણો આત્મસાત થયેલા હોય છે. આથી તેમના

માટે કોઈ કાર્ય અશક્ય નથી. સાધના પથ પર આગળ વધવા ઇચ્છુકને પ્રત્યક્ષરૂપે, કે તેના મનમાં પ્રેરણા ઉદ્‌ભવિત કરીને, કે સ્વપ્નમાં દર્શન આપીને કે પછી બીજા એવા કોઈ સાધક પાત્રને પ્રેરણા આપીને ગમે તે રીતે તે મુમુક્ષુ જીવને માર્ગદર્શન પૂરું પાડી તેને સાધના પથ પર આગળ વધવા બળ પ્રેરે છે.

❊❊❊

## ૭૦

સેવકો પાસે મામા ઘણી વખત વાત કરતા કે, અનાદિમુક્તને આવરણ જેવું કાંઈ હોતું નથી. તેઓ પ્રત્યક્ષ હોય ત્યારે અને અપ્રત્યક્ષ હોય ત્યારે બંને પ્રસંગોએ સરખી રીતે કાર્ય કરી શકે છે. દરેક પ્રસંગોએ તેમની પ્રત્યક્ષ હાજરીની આવશ્યકતા હોતી નથી.

મામા જ્યારે અમદાવાદમાં ઘરે હોય, ત્યારે આખો દિવસ લોક સમૂહ તેમને મળવા આવ્યા જ કરે. કોઈ ન હોય તો કોઈકના ફોન આવ્યા કરતા હોય. હવે કોઈ ઘરે આવે એટલે તે દરેક પાછળ મામાને સમય ફાળવવો પડે. આવનાર લોકોમાં કે ફોન કરનારમાં મોટા ભાગનાને કોઈ મોટો પ્રશ્ન ન હોય. ફક્ત દર્શન માટે અથવા આ લોકની ક્ષુલ્લક વસ્તુઓ માગવા આવ્યા કરતા. આથી મામાને બીજા અગત્યના કામો કરવા માટે સમય ન રહે. આમ થવાથી અગત્યના કાર્યો અટકી પડે અને જેને સમય ફાળવવાનો હોય તેને પૂરતો સમય ફાળવી શકાય નહિ. આથી ઘણી વખત મામા અજ્ઞાતવાસમાં જતા રહેતા. આવે વખતે તેમના અંગત એકાદ-બે સેવકો સિવાય તેઓ ક્યાં છે, તેની કોઈને જાણ રહેતી નહિ. એ સમયે પણ તેમના વિશે ભાવ રાખનારને મામા અચૂક સહાય કરતા. અને એવે વખતે હરિભક્તોને મળવાની કે ફોન કરવાની આવશ્યકતા રહેતી નહિ. અને છતાંય તેમની સમસ્યાનું સમાધાન મળી આવતું. આવા જ કોઈ એક વખતે મામા અજ્ઞાતવાસમાં હતા અને એક

હરિભક્તના માતુશ્રીને અંત અવસ્થા જેવું થઈ ગયું. તેઓ સુષુપ્તિ અવસ્થામાં ચાલ્યા ગયા. એ હરિભક્ત મામાને વિશે ભાવ રાખનારા હતા. મામાની હૃદયના ખરા ભાવથી સેવા કરે. તેમના માતુશ્રીએ બાપાશ્રીના દર્શન કરેલા, બાપાશ્રીની સેવા કરેલી અને પોતે ખૂબ ભગવદીય હોવાથી મામાનો તેમના પર વિશેષ રાજીપો હતો. શારીરિક અવસ્થા થતાં તેમને પક્ષાઘાત થઈ જવાથી પથારીવશ થઈ ગયેલાં. એવી અવસ્થામાં પણ મહારાજ-બાપાને સંભાર્યા કરે, મામાને પ્રાર્થના કરે. આખો દિવસ ભજન-ભક્તિ કરી દિવસો પસાર કરે. રોગ મટાડો એવી ક્યારેય પ્રાર્થના કરે નહિ. ધીમે-ધીમે અવસ્થાને હિસાબે સુષુપ્તિમાં સરી પડ્યા હતા. મામા અજ્ઞાતવાસમાં હોવાથી તેમને કઈ રીતે સમાચાર પહોંચાડવા કે અંત વખતે બાને સંભાળી લેજો. ઘરના સર્વેને મૂંઝવણ ઘણી થતી, પણ દરેક જણ મામાને મનોમન પ્રાર્થના કર્યા કરતા હતા. એ વખતે એક સેવક બાની તબિયત જોવા ગયો હતો. થોડીવાર ત્યાં બેઠો એટલે ઘરનાએ કહ્યું, "આમને તો આવી જ અવસ્થા છે. અમે રોજ તેમની પાસે કથા-વાર્તા કરીએ છીએ, પણ કોઈ ફરક પડતો નથી. અત્યારે રાતના નવ વાગી ગયા છે. તમારે જવું હોય તો જાવ અને નહિ તો અહીં ઠાકોર જમાડી લો. સેવકે ઠાકોર જમાડવાની ના પાડી અને કહ્યું, "હું થોડીવાર બેસી પછી જઈશ." સેવક બા પાસે બેસી આંખો બંધ કરી જનમંગલ મંત્ર બોલતા હતા એવે વખતે જ જાણે મામાએ સેવકને દર્શન આપી કહ્યું, "તમે થોડીવાર બેસજો અમે મહારાજ-બાપા સાથે બાને ધામમાં તેડી જઈએ છીએ." આમ દર્શન થતાં

સેવકે ઘરના સર્વેને કહ્યું, “આપણે બધા થોડીવાર ભગવાનની ધૂન બોલીએ.” બધા ધૂન બોલવા લાગ્યા. સેવકે બાના મુખમાં મહારાજની ચરણરજ મૂકી અને શરીર પર નાંખી. થોડીવારમાં જ બા ધામમાં જતા રહ્યાં.

આમ મામા અજ્ઞાતવાસમાં હોવા છતાં પ્રેમી ભક્તની પ્રાર્થના સાંભળી બાને ધામમાં મૂકી દીધા. કેવું અલૌકિક સામર્થ્ય! કેવો અદ્‌ભુત પ્રતાપ!!

આપણે આ લોકના જીવો પોતાની સીમિત બુદ્ધિને કારણે એવું વિચારતા હોઈએ કે મામા તો અજ્ઞાતવાસમાં છે તેમને કઈ રીતે જાણ કરવી? અત્યારે તેઓ હાજર હોત કે તેમને સમાચાર પહોંચાડી શકાયા હોત તો ઘણો ફેર પડત, તેઓને પ્રાર્થના પહોંચી ગઈ હોત તો સારું થાત વગેરે કેટલાય સંકલ્પ-વિકલ્પ કરી નાંખીએ, પણ એ જાણતા નથી કે મનોમન કરેલી પ્રાર્થના પણ તેમના સુધી પહોંચી જાય છે. જેઓ નિરાવરણ છે, સમર્થ છે, મનના સંકલ્પો ભૂત-વર્તમાન-ભવિષ્ય ત્રણેય કાળના જાણી જનારા છે. તેઓને પ્રત્યક્ષપણે હાજર રહેવાની ક્યાં આવશ્યકતા રહે છે? ભાવે સહિત પ્રાર્થના કરવાથી પણ તેઓ સહાયતા કરી પ્રત્યક્ષ હાજર હોય તે રીતે સમસ્યાનું સમાધાન આપે છે. એ વાત જુદી છે કે આપણી પાત્રતા ન હોવાથી એ વિશે આપણે જાણી શકતા નથી.

મામા ઘણી વખત સેવકને કહેતા પણ ખરા કે, પ્રત્યક્ષરૂપે મારી હાજરી ન હોય ત્યારે પણ મારે કાર્ય કરવું હોય તો પ્રત્યક્ષપણે હાજર હોઉં તેથી પણ વિશેષ રીતે કાર્ય કરી શકું.

❋❋❋

## ૭૧

અમદાવાદ શાહીબાગના મંદિરમાં આવતા હરિભક્તો દર્શન કરી સભામંડપમાં ગોઠવાઈ જતા હતા. જેઓ સભામંડપમાં નહોતા બેઠા તેઓ દૂર ઊભા રહી જોતા હતા. દર્શન કરતાં પણ હરિભક્તોના મન સભામંડપમાં હતા. બધા હરિભક્તો ફક્ત સાંભળી રહ્યા હતા કોઈ કાંઈ બોલતું ન હતું. ધીમા અવાજે શરૂ થયેલી વાતે ધીમે-ધીમે ચર્ચાનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને એ ચર્ચા ધીમે-ધીમે ઉગ્ર સ્વરૂપમાં ફેરવાઈ રહી હતી. તે એટલી હદ સુધી કે બે પક્ષમાંથી એક પક્ષના સભ્યો વધુ ઉગ્ર બનતા આવેશમાં આવી જઈ બીજા પક્ષને મારવા ઊભા થયા હતા.

બનાવની વિગત એવી હતી કે ઈસ્કોન મંદિરના સંતો અમદાવાદના શાહીબાગ મંદિરમાં મહારાજના દર્શન કરવા આવ્યા હતા. ત્યાં આવી કૃષ્ણ ભક્તિના ભજનો ગાયા ને સભામંડપમાં મંદિરના સંતો સાથે વાદમાં ઉતર્યા કે સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી નથી. કૃષ્ણ ભગવાન જ સર્વોપરી છે. જ્યારે સંતો મહારાજ સર્વોપરી છે, તેમ કહેતા હતા. જે વાત ઈસ્કોનના સંતો કોઈ રીતે માનવા તૈયાર ન હતા. કેટલાય ગીતાના શ્લોકો ટાંકી કૃષ્ણ ભગવાન સર્વોપરી છે તેમ સાબિત કરવા તત્પર હતા. તો સામે પક્ષે સંતો પણ વચનામૃતના અવતરણો ટાંકી મહારાજ સર્વોપરી છે તેમ સમજાવવા મક્કમ હતા. જેમાં ઈસ્કોનવાળા કૃષ્ણ ભગવાનને સર્વોપરી સાબિત કરવામાં સફળ નહોતા થઈ

શકતા જેથી તેઓને પોતાની હાર જણાઈ રહી હતી. અને આ વાત તેઓ પચાવી શકે તેમ નહોતા. જેથી ક્રોધાવેશમાં એક સંત ઊભા થઈ પોતાનું મૃદંગ ઊંચું કરી સ્વામીને મારવા તૈયાર થઈ કહેવા લાગ્યા, “અમે કૃષ્ણના સાચા સંત છીએ. અમે કહીએ છીએ કે કૃષ્ણ સર્વોપરી છે તે વાત કેમ માનતા નથી. હવે નહિ માનો તો આ મૃદંગ માથામાં મારીશ.” ક્રોધમાં તે સંત ગમે-તેમ બોલવા લાગ્યા. ક્રોધે કરીને તેમનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. એવે સમયે મામા ત્યાં હાજર હતા. તેમણે સંતને શાંત પાડ્યા ને કહ્યું બંને પક્ષ મારી વાત સાંભળી પછી નિર્ણય કરજો. મામાએ એટલા સ્વસ્થ અને શાંત રહી પ્રભાવશાળી અવાજમાં કહ્યું કે બધા મામાની વાણી સાંભળવા મજબૂર થઈ ગયા.

મામાએ કહ્યું કોણ સર્વોપરી છે એ ચર્ચાનો વિષય જ નથી. એ તો અનુભવનો વિષય છે. અનુભવે કરીને જ એની ખાતરી થાય છે. ચર્ચા કે વાદ-વિવાદથી ક્યારેય કોઈ નિર્ણય નથી થઈ શકતો. વાદ-વિવાદથી દુશ્મનાવટ વધે છે. વિષયવસ્તુને વધુ સારી રીતે સમજવા કે જ્ઞાન પ્રાપ્તિ માટે ચર્ચા થાય તે યોગ્ય પણ છે અને આવકારદાયક પણ છે, પરંતુ વાદ-વિવાદ કરવાથી કોઈ અર્થ સરતો નથી. Argument for the sake of argumentથી કાંઈ વળતું નથી. કોણ સર્વોપરી છે તેનો વિવાદ કરી તમે શું સાબિત કરવા ધારો છો? જ્યારે હાર-જીતનો પ્રશ્ન હોય હરીફાઈ થતી હોય, ત્યારે કોઈ એક પક્ષ પાસે બીજા પક્ષના પ્રશ્નોના ઉત્તર ન હોય તો એક પક્ષ જીતે છે અને કોણ જીત્યું એ નક્કી કરવા કોઈ જજ

જોઈએ કે જે વિષય વસ્તુથી પૂર્ણપણે વાકેફ હોય તે જ વ્યક્તિ નક્કી કરી શકે કે કોણ વધુ જ્ઞાની છે. અહીં તો જે વિષય પર આટલો બધો ઉગ્ર વિવાદ ચાલી રહ્યો છે તે વિષયથી બંને પક્ષ અજાણ છે. અધૂરું જ્ઞાન ધરાવનારો છે. આ વિષય અનુભવને આભારી છે અને બંને પક્ષ બિનઅનુભવી છે. તમારામાંથી કોણે કૃષ્ણ ભગવાનના દિવ્ય સ્વરૂપના દર્શન કર્યા છે. તે કહો? અને આ પક્ષે કોણે ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપના દર્શન કર્યા છે તે કહો? બંને પક્ષમાંથી એક પણ સંત એક શબ્દ બોલી શક્યા નહિ. મામા કહે, બંને પક્ષમાંથી કોઈએ પોતાના ઇષ્ટદેવના દિવ્યસ્વરૂપના દર્શન કર્યા નથી તો પછી કોઈ પણ કઈ રીતે કહી શકે કે પોતાના ઇષ્ટદેવ સર્વોપરી છે? પછી ઈસ્કોનના સંત સામે દૃષ્ટિ કરતાં કહ્યું, આપ પોતાને સાચા સંત કહો છો આપ તો સાચા સંતના લક્ષણોથી વાકેફ જ લાગતા નથી. પ્રભુના સાચા સંતમાં આવો ક્રોધ હોય? હજી તો તમે તમારા આવેગો ઉપર જ કાબૂ નથી મેળવ્યો ત્યાં સર્વોપરીપણાની વાત કઈ રીતે કરી શકો? મેં સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય તેજોમય દર્શન કર્યા છે. અખંડ તે દિવ્ય સુખમાં ગુલતાન રહું છું. મને એ સુખનો અનુભવ છે. અને એ અનુભવે કરીને હું કહું છું કે સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. ઉપાસનાના ભેદે કરીને સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. આ વાત હું સ્વાનુભવે કહી શકું છું. તમારા કોઈમાંથી કોઈનેય એવો અનુભવ થયો હોય તો મને કહો.

મામાના પ્રભાવશાળી, આકર્ષક અને સંમોહક

અવાજથી બધા અંજાઈ ગયા. તેમની સમજાવટથી દરેકના મનમાંથી વાદ-વિવાદ દૂર થઈ તે ચર્ચાનું શમન થઈ ગયું. મામાના સત્ય વચન પાસે કોઈ એક શબ્દ બોલી શકવા સમર્થ રહ્યું નહિ. સ્વાનુભવની વાત હોય ત્યાં બિનઅનુભવી શું બોલી શકે?

❋❋❋

## ૭૨

અનાદિમુક્તને વિશે ખરો ભાવ હોય અને સાચા ભાવે પ્રાર્થના કરવાથી ચમત્કારિક રીતે કાર્યો પાર પડતા હોય છે. અને જીવો મુસીબતમાંથી બહાર નીકળી આવતા હોય છે.

સંપ્રદાયના એક કચ્છી હરિભક્તને બે હાર્ટએટેક આવી ગયેલા અને બાયપાસ સર્જરી કરાવવી પડે તેમ હોવાથી તેઓ મામાના આશીર્વાદ લઈ ઑપરેશન કરાવવા ગયા. ઑપરેશન દરમ્યાન અચાનક તેમનું હાર્ટ ચાલતું બંધ થઈ ગયું. ઑપરેશન કરનાર ડૉક્ટર મૂંઝવણમાં મૂકાઈ ગયા કે હવે શું કરવું? ડૉક્ટર પોતે પણ મામાના મહિમાવાળા હતા. તેઓ જાણતા હતા કે પૂર્ણ મુક્તના સામર્થ્ય પાસે વિજ્ઞાન કોઈ વિસાતમાં નથી. જ્યાં વિજ્ઞાન પાછું પડે છે, ત્યાં મુક્તના આશીર્વાદ કામ કરી જાય છે. આવું દૃઢપણે માનતા હોવાથી તેમણે મામાને તાત્કાલિક ફોન કર્યો ને હકીકતથી વાકેફ કર્યા. મામાએ આશીર્વાદ આપતાં કહ્યું, “મહારાજ બધું સારું કરશે અને ઑપરેશન પણ સફળ થશે. મહારાજને સંભારી ઑપરેશન ચાલુ રાખો.” ડૉક્ટરને વિશ્વાસ બેઠો કે હવે વાંધો નહિ. મુક્તરાજને પ્રાર્થના પહોંચી ગઈ છે અને તેમણે સફળતાના આશીર્વાદ આપી દીધા છે, માટે હવે વાંધો નહિ આવે. અને થયું પણ તેવું જ. થોડી જ વારમાં હરિભક્તનું હૃદય ફરી પાછું ધબકતું થઈ ગયું અને ઑપરેશન સફળ રહ્યું.

હાલ પણ તેઓ સ્વસ્થ છે અને પોતાની બધી ક્રિયાઓ કરી શકે છે.

અત્યારના વૈજ્ઞાનિક યુગમાં પણ મોટા-મોટા વૈજ્ઞાનિકો પણ હવે ધીમે-ધીમે આધ્યાત્મિક શક્તિ, પ્રભુની દિવ્ય શક્તિને સમજવા પ્રયત્ન કરી રહ્યા છે. પ્રાર્થનાના મહત્ત્વને સમજી રહ્યા છે. અને માનતા થયા છે કે પ્રાર્થનાથી અશક્ય લાગતું શક્ય બની શકે છે.

❋❋❋

## ૭૩

મૂળી સ્વામિનારાયણ મંદિરના સંતો મુક્તરાજ મામા પાસે પધાર્યા હતા. મામાએ તેમને હાર પહેરાવ્યા, ધોતિયાં ઓઢાડ્યાં, ફળ-ફળાદિ આપી તેમનું સન્માન કરી આતિથ્ય કર્યું.

મામાને ત્યાં કોઈ પણ આવે મામા યથાયોગ્ય આતિથ્ય કરે જ. જમવાના સમયે જો કોઈ આવ્યું હોય તો તે મામાને ત્યાંની પ્રસાદી લીધા વગર ગયું ન હોય. મામા તેને જમાડીને પછી જ રજા આપે. આ અનુભવ મામાના પરિચયમાં આવનાર મોટાભાગનાનો હશે જ.

સંતોને પણ મામાએ સરસ આવકાર આપ્યો. સંતો એક પ્રાર્થના લઈને આવ્યા હતા. મૂળી મંદિરમાં “બ્રહ્માનંદ” નામથી ભોજનાલય બનાવવાનું હતું. સંતોએ તેની યોજના વિશે મામાને વિગતે માહિતી આપી અને પ્રાર્થના કરી કે, “આ કાર્ય હાથમાં લીધું તો છે પણ પૂર્ણ થશે કે કેમ? એ શંકા થયા કરે છે. આથી આપની પાસે આવ્યા છીએ. આપ શુભ સંકલ્પ કરો અને આશીર્વાદ આપો જેથી કાર્ય સારી રીતે સંપન્ન થાય.” મામાએ બધી વિગતો જાણી તેને બરાબર સમજી પછી કહે, “તમારો વિચાર ઘણો ઉત્તમ છે. મંદિરમાં ભોજનાલય થવું જ જોઈએ. આ તો મહારાજનું કાર્ય કહેવાય. મહારાજ તેમાં જરૂર સહાય કરશે. અને ભોજનાલય ખૂબ સુંદર થશે. હું મહારાજને પ્રાર્થના કરીશ. અને આવા સારા કામમાં

મહારાજ જરૂર રાજી થશે. આ કાર્ય માટે હું પણ પ્રથમ સેવા લખાવું છું. મહારાજ આ કાર્ય ખૂબ સરસ રીતે પૂર્ણ કરાવશે.” મામાના આશીર્વચનો મળવાથી સંતોને હિંમત આવી ગઈ કે હવે જરૂરથી ભોજનાલય સારી રીતે બનશે. મુક્તરાજના શુભ સંકલ્પ અને શુભ આશીર્વાદ આપણી સાથે છે. હવે કોઈ વિઘ્ન નહિ આવે. મામાના વચનોનું બળ અને મામા તરફથી મળેલી આર્થિક સેવાનો સ્વીકાર કરી સંતો પાછા મૂળી પધાર્યા. “બ્રહ્માનંદ ભોજનાલય”નું કામ આરંભાયું. મામાના શુભાશીર્વાદથી સંતોની યોજના કરતાં પણ વધુ વિશાળ ભોજનાલયનું નિર્માણ થયું જે હાલ મૂળી મંદિરમાં મોજુદ છે.

મુક્ત પાસે જે કોઈ હૃદયના ખરા ભાવથી શુભ કાર્ય માટે આશીર્વાદ માગે તેને મુક્તરાજ રાજી થકા શુભ સંકલ્પ કરી આશીર્વાદ આપતા અને તેમના આશીર્વાદ પ્રમાણે જ કાર્ય સંપન્ન થતું.

❋❋❋

## ૭૪

અનાદિમુક્ત કરુણાસાગર, દયાની મૂર્તિ હોય છે. તેમને મન તો દરેક મનુષ્ય સરખા. કોઈ શત્રુ નહિ ને કોઈ મિત્ર નહિ. બધા પર એક સરખો પ્રેમ વરસાવે. માન-અપમાન, હર્ષ-શોક એ વચનો તેમને મન આ લોકના શબ્દ માત્ર છે. એ વિશેનો એક પ્રસંગ છે.

બળદિયા છત્રી સ્થાનના ઉતારામાં કેટલાક હરિભક્તો માન-અપમાન વિશે ચર્ચા કરતા હતા, કે માનવી માન મળતાં હરખાઈ જાય અને અપમાન થાય ત્યારે નારાજ થયા વગર રહે નહિ. હરખ અને વિષાદની લાગણી વ્યક્ત થયા વગર રહે જ નહિ. માન મળતાં કોઈ તેને વધુ હરખાઈ વ્યક્ત કરે તો કોઈ ઓછું. અને અપમાન થતાં કોઈ વધુ નારાજ થાય તો કોઈ ઓછું એટલો ફેર હોય છે બસ. બાકી દરેકને માન-અપમાન સ્પર્શ્યા વગર રહે નહિ. મોટા-મોટા ઋષિમુનિઓ પણ આ બંનેથી અલિપ્ત રહી શક્યા નહોતા તો બીજાની ક્યાં વાત?

આ ચર્ચાઓ ચાલતી હતી ને મામાએ પ્રવેશ કર્યો અને એ સાંભળી કહે, "તમારી વાત તદ્દન સત્ય છે. આ લોકના મનુષ્ય માટે તે એકદમ સાચી ઠરે છે, પરંતુ અનાદિમુક્ત તેમાં અપવાદ છે. પૂર્ણ મુક્તને માન-અપમાન જેવા કોઈ ભાવ હોતા નથી. અનાદિમુક્તને એ સ્પર્શ કરતું નથી." ત્યારે કોઈ હરિભક્તે કહ્યું કે, "ઘણી વખત મુક્ત પણ એવા ભાવ દર્શાવતા હોય જ છે." મામા કહે, "હા,

તમારી વાત સાચી છે. તેઓ એવા ભાવ દર્શાવતા હોય છે. પણ તે મહારાજની મરજી જાણીને તેમ કરવાથી જીવનું રૂડું થવાનું હોય ત્યારે એવા ભાવ દર્શાવે, બાકી ખરેખર મનમાં તેમને એવા કોઈ ભાવ હોતા નથી.” એક હરિભક્ત કંઈક કહેવા જતા હતા ને મામા એકદમ ભાવમાં આવી જઈ કહે, “જો હું ખરો અનાદિમુક્ત હોઉં તો મારો અવગુણ લેનાર કે મારો દ્રોહ કરનારનો સૌથી પહેલાં મોક્ષ કરું.” આવી સ્પષ્ટ વાત સાંભળી હરિભક્તો દંગ રહી ગયા. પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તનારા મામાએ આજે એકદમ સ્પષ્ટ વાત કરી હતી. આવી સ્પષ્ટ અને મોક્ષ કરવા સુધીની વાત કોણ કરી શકે? જે પોતે પૂર્ણકામ હોય, જેમને આ લોકના શબ્દો જરાય સ્પર્શતા ન હોય, તેઓ જ આવી વિશાળ દૃષ્ટિ રાખી કરુણાસાગર બની શકે. બીજા કોઈથી આ શક્ય નથી. બીજા જીવોનો મોક્ષ કરવો અને તેમાંય દ્રોહ કરનારનો પ્રથમ મોક્ષ કરવો એમ છાતી ઠોકીને કહેવું તે પૂર્ણ અનાદિમુક્ત સિવાય કોઈ ન કરી શકે.

મોક્ષ શબ્દ સામાન્ય લાગતો હોવા છતાં તે ઘણો ગહન છે. જીવનો મોક્ષ થવો એટલે અનંત જન્મોના કર્મબંધનમાંથી છૂટકારો થઈ સીધી પાત્રતાની વાત. અનેક જન્મો સુધી સાધના કર્યા છતાં જે ન બને તે બનવાની વાત. સાધન કરી-કરી અનેક જન્મો ગયા છતાં જે ન થયું તે થવાની વાત. કેવડી મહાન વાત બની કહેવાય. અને એ પણ એવા જીવનો મોક્ષ કે જે અનાદિમુક્તની સ્થિતિને પામેલા હોય તેમનો દ્રોહ કરતો હોય જે તેમનો મહિમા

પણ ન સમજતો હોય, તેમના સામર્થ્યને જાણતો ન હોય એવો જીવ. મહારાજ કહે છે મારા મુક્તનો દ્રોહ કરે તેના જીવનું બગડી જાય. તેવા જીવના મોક્ષની વાત! કેવડી વિશાળ દૃષ્ટિ અને કેવી કરુણા! કોઈ વેર-ઝેરની ભાવના નહિ. દ્રોહ કરનાર જીવને ક્ષમા. તેના જીવનું બગડે નહિ તેવું નહિ, સીધો જીવનો મોક્ષ! આ...હા...હા! કેવી વિશાળ દૃષ્ટિ! કેવું કરુણાસભર હૃદય અને કેવડી મહાન વાત!!

આ છે અનાદિમુક્તનું સામર્થ્ય.

❋❋❋

## ૭૫

એક સત્સંગી બહેન મુક્તરાજ મામાનો મહિમા ખૂબ જાણે. મામાને અનાદિમુક્ત જાણે. મનમાં દૃઢ વિશ્વાસ કે મામા કહે તેમ થાય છે. મામાના આશીર્વાદમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવાથી મહારાજ આપણા શુભ સંકલ્પો જરૂરથી પૂર્ણ કરે છે. અને અંતરમાં એમ જાણે કે મામા અખંડ મહારાજની મૂર્તિનું સુખ ભોગવે છે. આથી તેમણે સ્પર્શેલી વસ્તુ દિવ્ય થઈ જાય. આવા વિશ્વાસ સાથે તેઓ મામા પાસે મહારાજ અને બાપાશ્રીની નાની મૂર્તિઓ લાવ્યા હતા. મૂર્તિઓ મામાને આપીને કહે, “મામા, આપ આ મૂર્તિ સંકલ્પ કરી પ્રસાદીની કરી આપો. મારે તેને મારી ઑફિસના ટેબલ પર રાખવી છે.”

આવું સાંભળી મામા કહે, “આ ખૂબ સારો વિચાર છે. આપણે જ્યાં કામ કરતાં હોઈએ, ત્યાં મહારાજ બાપાને સાથે રાખવા જ. તેઓ સદાય આપણી સાથે રહે અને આપણી રક્ષા પણ કરે. મહારાજ-બાપા બિરાજમાન હોય એટલે કાર્યમાં પ્રામાણિકતા રહે, નૈતિકતા રહે અને નીતિમત્તાના ધોરણોથી આપણે ચલિત ન થઈએ. ઑફિસમાં કામ કરતા અન્ય કાર્યકરોને પણ દર્શન થાય તો તેઓનું પણ રૂડું થાય. માટે મહારાજ-બાપાને તો સદાય સાથે જ રાખવા. કોઈ પણ કામ શરૂ કરતાં પહેલાં દર્શન કરી પ્રાર્થના કરવી કે મારી ભેળા ભળી કામ કરો. એટલે કાર્ય સારી રીતે સંપન્ન થાય. ઑફિસમાં મૂર્તિ રાખવાનો

વિચાર ખૂબ સરસ છે. લાવો હું મૂર્તિઓ પ્રસાદીની કરી આપું.” મામાએ મૂર્તિઓ હાથમાં લીધી ઘરની મૂર્તિઓ સામે થોડીવાર રાખી. અને થોડીવાર આંખો બંધ કરી પોતાના હાથમાં પકડી રાખી. પછી બહેનને મૂર્તિઓ પાછી આપી. બહેન ઘણા રાજી થયાં. મનમાં વિશ્વાસ આવ્યો કે હવે મારાથી દરેક કાર્ય ખૂબ સારી રીતે પાર પડશે. બહેને એ મૂર્તિઓ મુંબઈની ઑફિસના પોતાના ટેબલ પર રાખી અને મામાએ કહ્યા પ્રમાણે દરરોજ કાર્ય શરૂ કરતાં પહેલાં દર્શન કરી કાર્ય આરંભે એટલે તેમનું કાર્ય સરસ થાય.

આમ એક વખત તેમની કેબિનમાં કામ કરતા હશે અને તેમના ઉપરી સાઉથ ઇન્ડિયન ઑફિસરને (મિ. નારાયણન) તેમનું કામ પડવાથી તેમની કૅબિનમાં આવ્યા. મૂર્તિઓ ટેબલ પર સામે જ પડી હોવાથી તેમની નજર તરત મૂર્તિઓ પર પડી. મૂર્તિ જોતાં તેઓ એકદમ અચરજ પામી ગયા. તેઓ ટેબલની નજીક ગયા, પાછા દૂર ગયા, આજુ-બાજુ જોયું ફરી પાછા મૂર્તિ પાસે આવ્યા. બહેનને કશી સમજ પડી નહિ. તેમણે ઑફિસરને પૂછ્યું કે, “આપ શું કરો છો?” ઑફિસર કહે, “મને આ મૂર્તિઓમાંથી તેજ નીકળતું દેખાય છે. હું તપાસ કરતો હતો કે ક્યાંયથી લાઈટનું પ્રતિબિંબ તો તેના ઉપર પડતું નથી ને? કે કોઈ પ્રકાશ મૂર્તિ પર પડતો હોય અને મને તેજ જેવું દેખાતું હોય. એટલે હું આગળ-પાછળ જઈ ખાતરી કરતો હતો. પરંતુ તમારી કેબિનમાં મૂર્તિ ઉપર પ્રતિબિંબ પડે તેવી કોઈ લાઈટ નથી કે બહારથી કોઈ પ્રકાશ પણ નથી આવતો. આ તેજ મૂર્તિમાંથી જ નીકળતું

દેખાય છે. આ મૂર્તિઓ બહુ પ્રભાવશાળી છે. આ કોની મૂર્તિ છે?" ઑફિસર સાઉથ ઇન્ડિયન હોવાથી મહારાજને ઓળખી ન શક્યા. બહેને તેમને ઓળખાણ પડાવી કે, આ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે અને આ તેમના સંકલ્પ સ્વરૂપ શ્રી અબજીબાપાશ્રી છે. ઑફિસર કહે, "મારી જિંદગીમાં મેં આવું પ્રથમ વખત અનુભવ્યું છે. મૂર્તિમાંથી તેજ નીકળે તેવું મને ક્યારેય દેખાયું નથી! તમારી આ મૂર્તિમાંથી જ દેખાયું છે. આ મૂર્તિ ચમત્કારી લાગે છે. મને આ મૂર્તિ આપો. હું તેને મારી પાસે રાખીશ." બહેન કહે, "એ તો તમને મારાથી ન આપી શકાય. આ તો અમારા ગુરુજીએ સંકલ્પ કરી પ્રસાદીની કરી મને આપી છે. જો આપને જોઈતી હોય તો હું બીજી મંગાવીને આપને આપી શકું." ઑફિસર વારંવાર મૂર્તિને પગે લાગી ત્યાંથી ગયો. બહેને મામાને ફોન કરી વિગતે બધી વાત કરી. મામા કહે, "મુક્ત જ્યારે સંકલ્પ કરી પ્રતિમા સ્વરૂપમાં ભગવાન પધરાવે, ત્યારે ભગવાન તેમાં સાક્ષાત્ નિવાસ કરે છે. અને કોઈ મુમુક્ષુ પાત્ર જીવ હોય તેને ખેંચવા આવી રીતે દિવ્યતા પ્રગટ કરે છે." વાત સાંભળી બહેન તો આશ્ચર્યચકિત થઈ ગયા! હવે તેમને મૂર્તિ પ્રત્યે હતો તેનાથી વધુ દિવ્ય ભાવ પ્રગટ થયો અને પોતા પાસે આવી દિવ્ય મૂર્તિ છે તેવું માની પોતાને ધન્ય માનવા લાગ્યાં.

❋❋❋

## ૭૯

અનાદિમુક્તનું સામર્થ્ય અગાધ હોય છે. મુમુક્ષુ જીવને દિવ્ય આધ્યાત્મિક પ્રાપ્તિ કરાવી શકતા હોય તેઓ માટે આ લોકના જીવોના દુઃખ-દર્દ દૂર કરવા સહજ વાત છે. સત્સંગ સમુદાયમાં હરિભક્તોને શારીરિક કષ્ટમાંથી મુક્ત કર્યા હોય એવા અનેક દાખલાઓ છે. આ લોકના જીવો માટે તો એ પણ બહુ મોટી વાત હોય છે. આથી મામાએ કરેલા એ ઉપકારને તેઓ જીવનભર ભૂલી શકતા નથી. તેને સુખદ સ્મૃતિ તરીકે યાદ રાખી દરેકને મામાના સામર્થ્યની જાણ કરતા હોય છે. તેવો જ એક પ્રસંગ અહીં પ્રસ્તુત છે.

સર્વમંગલ સોસાયટીમાં મામાના ઘરનું રિનોવેશનનું કામ ચાલતું હોવાથી મામા તથા માસી આઠ નંબરના ઘરમાં રહેવા આવ્યા હતા. ઘરનું કામ હોવાથી ઘણા કામો રહેતા. આથી એ દિવસોમાં સેવકોને સેવાનો વધુ લાભ મળે. એક દિવસ એક સેવક થોડો મોડો આવ્યો. મામાએ એ વિશે પૂછતાં સેવકે કહ્યું, “મામા, મારા સાળાને ઍપેન્ડિક્સનો દુઃખાવો ઉપડ્યો છે. તેને દવાખાને લઈ ગયા તો ડૉક્ટર કહે, ‘અત્યારે દાખલ કરી દો ઑપરેશન કરવું પડશે.’ અહીં કામ હોવાથી અત્યારે તો હું તેને ઘરે લઈ આવ્યો છું અને બીજું આપની સલાહ પણ લેવાની હતી. આપની રજા મળ્યા પછી ઑપરેશન ક્યાં કરાવવું, ક્યારે કરાવવું વગેરે બાબતો નક્કી કર્યા પછી નિર્ણય લઈ શકાય

ને.” મામા કહે, “ઑપરેશન કરાવીએ તો પછી તમારે તેમની પાસે તેમની સેવામાં રહેવું પડે.” સેવક કહે, “હા મામા. પછી અઠવાડિયું નીકળી જાય અને આપણે અત્યારે અહીં ઘણું કામ હોવાથી હું તેને પાછો ઘરે લઈ આવ્યો છું. શું કરવું તેની સમજ પડતી નથી.” મામા કહે, “તેને અહીં લઈ આવો.” સેવક ઘરે જઈ સાળાને કહે, “ચાલો મામા બોલાવે છે.” તેઓ કહે, “મને અસહ્ય દુઃખાવો થાય છે. મારાથી એક ડગલું પણ ચલાય તેમ નથી.” સેવક કહે, “ક્યાં દૂર જવાનું છે? આટલે જ જવાનું છે. હિંમત કરી ધીમે-ધીમે ચાલી નાખો તો સારું.” તેમના સાળા કહે, “મારાથી ખાટલા પરથી ઊભા નથી થવાતું હું ચાલું કઈ રીતે?” તેઓ પેટ પકડી બેસી ગયા. સેવકે બીજા એક સેવકને બોલાવી તેમને ઊંચકી મામા પાસે લઈ આવી મામા પાસે તેમને બેસાડ્યા. તેઓ વાંકા વળી જઈ પેટ પકડી માંડ-માંડ બેઠા.

મામાએ ભગવાન સંભારી તેમના પેટ ઉપર હાથ ફેરવ્યો અને ચમત્કાર થયો. પેટનો સખત દુઃખાવો તરત દૂર થઈ ગયો. જાણે ક્યારેય હતો જ નહિ તેવું સારું થઈ ગયું. ત્યાં હાજર સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. પેલા ભાઈ તો પેટ દબાવી ચકાસણી કરી જોતા હતા કે દબાવવાથી દુઃખાવો થતો નથી ને? મામા કહે, “તમારો ઍપેન્ડિક્સનો દુઃખાવો મહારાજે દૂર કરી દીધો. અત્યારે ઘરનું કામ ચાલે છે તેથી માણસોની જરૂર છે. તમારું ઑપરેશન કરાવીએ તો ઘણા દિવસ બધાએ તેમાં રોકાયેલું રહેવું પડે. માટે ભગવાને તમારું દરદ મટાડી દીધું છે.” સેવક અને તેમના

સાળાને ઘણું જ અચરજ થયું. તેઓ વારંવાર પેટ પર હાથ ફેરવી ચકાસ્યા કરતા હતા. તેમને હજી વિશ્વાસ બેસતો નહોતો કે આમ ફક્ત હાથ ફેરવતાં જ દુઃખાવો કઈ રીતે અદૃશ્ય થઈ ગયો? બંને મામાને પગે લાગ્યા. સેવક તરત સેવા કાર્યમાં જોડાઈ ગયો. આ પ્રસંગ બાદ તેમના સાળાને આજ દિન સુધી ફરી પાછો ક્યારેય દુઃખાવો ઉપડ્યો નથી. આજે પણ આ વાત યાદ કરી તેઓ રોમાંચિત થઈ જાય છે. આ વાત બધાને કહે છે અને મામાને સંભારી પોતાને ધન્ય માને છે.

❋❋❋

## ૭૭

જીવ જ્યારે પ્રભુપ્રાપ્તિના પથ પર ડગ માંડે છે, ત્યારે અનેક વિટંબણાઓ, અનેક પ્રશ્નો અને કેટલીયે મૂંઝવણો આવે છે. જેનું નિરાકરણ ન આવવાથી પથ પર ડગ માંડવા મુશ્કેલ બને છે. અને જીવ નાસીપાસ થઈ એ પથ પર ચાલવાનું જ છોડી દે છે. આવું ન બને તે માટે આવશ્યક છે કે એ અવાર-નવાર એવા લોકોને મળે જેઓએ પ્રભુપ્રાપ્તિના પથને પસંદ કર્યો છે. તેઓને મળી એક બીજાની મૂંઝવણો જાણે, એક બીજાના વિચારો જાણે, અનુભવી પાસેથી પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન મેળવે અને એકરૂચિ ધરાવનારા ભેગા મળી ભજન-ભક્તિ કરે અને બળ મેળવે. આધ્યાત્મિક માર્ગમાં ચાલનાર માટે આ બધું આવશ્યક છે. એટલું જ નહિ જે લોકો એ ડગરથી અજાણ છે તેઓ પણ આવી તીર્થરૂપ જગ્યાએ આવી આધ્યાત્મિક માર્ગે ચાલવાની પ્રેરણા પ્રાપ્ત કરે અને પોતાની અભિરૂચી એ તરફ કરે અને એ પંથે ડગ માંડે.

આવા અનેક શુભ આશયથી મહિનામાં એક વખત એકરૂચી ધરાવનારા ભેગા મળી પોતાની ઊર્ધ્વગતિ કરી શકે તે માટે મામા સભાનું આયોજન કરતા. જેમાં સહુ ભેગા મળી કથા-વાર્તા-ધૂન-ભજન કરે. પોતાને મૂંઝવતા પ્રશ્નો રજૂ કરે. આધ્યાત્મિક માર્ગમાં આડે આવતી મુશ્કેલીઓ વિશે મામાને પ્રશ્ન પૂછે કે પછી ભગવાનની પ્રાપ્તિ માટેના સાધનો કયા-કયા છે? તે કઈ રીતે કરી

શકાય? વગેરે આધ્યાત્મિક દરેક બાબત વિશે મામા પાસેથી માર્ગદર્શન મેળવે અને ચૈતન્યના ઊર્ધ્વીકરણ માટે અનેરું બળ પ્રાપ્ત કરે. ઘણી વખત એવું પણ બનતું કે, મામાના પ્રવચનમાં હાજર રહેલા મોટા ભાગનાની આધ્યાત્મિક બાબતો વિશેની મૂંઝવણનું નિરાકરણ મળી રહેતું. એ વખતે દરેકને એમ લાગે કે, આજે મામાએ મારા માટે જ આ વાત કરી છે. મને આ બાબતે જ મૂંઝવણ હતી અને મામાએ એ વિશે વાત કરી મારી મૂંઝવણ દૂર કરી. આવું હાજર રહેલા મોટાભાગનાને લાગતું.

આવી સભાઓમાં શરૂઆતમાં હરિભક્તોની સંખ્યા ઓછી રહેતી અને એ વખતે હૉલની વ્યવસ્થા પણ ન હોવાથી ૧, સર્વમંગલના ઉપરના માળે જ્ઞાનભવનમાં સભા થતી. ભાઈઓ ઉપર બેસતા અને બહેનો નીચે ચોકમાં બેસી સભાનો લાભ લેતાં. આવી જ એક સભા વખતે એવું બન્યું કે અચાનક માઈકમાં કાંઈક ખરાબી થઈ ગઈ અને માઈક ચાલતું બંધ થઈ ગયું. હરિભક્તો બોલવા ઊભા થયા, પણ માઈક બરાબર ચાલે જ નહિ. આથી વગર માઈકે પોતાની વાત રજૂ કરે જેના લીધે પાછળ બેઠેલાને બરાબર સંભળાય નહિ. છતાં બધા થોડું મોટેથી બોલી પોતાની વાત રજૂ કરીને બેસે. માઈક રીપેર કરનાર કહે, “અત્યારે માઈક રીપેર થાય તેમ નથી. આજની સભામાં માઈક વગર જ કામ ચલાવવું પડશે. એક પછી એક બધા માઈક વગર જ મોટેથી બોલી બેસી ગયા. છેલ્લે જ્યારે મામા બોલવા માટે ઊભા થયા ત્યારે પાછળ બેઠેલા હરિભક્તો થોડા ચિંતિત થયા. કારણ, મામાનો અવાજ

થોડો ધીમો નીકળે અને તેમાંય થોડીવાર બોલ્યા પછી અવાજ તરડાઈ જાય. જેથી માઈક વગર તો આગળ બેઠેલાને માંડ સંભળાય તો પાછળ બેઠેલાને તો કાંઈ સંભળાય જ નહિ. મામાનું પ્રવચન તો સભાનું મુખ્ય આકર્ષણ હોય. તેમને સાંભળવા હરિભક્તો સભામાં આવતા, જેથી તેમના પ્રશ્નોનું નિરાકરણ થાય, નવું બળ પ્રાપ્ત થાય, પ્રભુ પ્રાપ્તિના પંથે ચાલવા સાચું માર્ગદર્શન મળી રહે. તેથી મામાને સાંભળવા સૌ ઉત્સુક રહેતા. એટલે પાછળ બેઠેલા હરિભક્તો આમ-તેમ થવા લાગ્યા. થોડા લોકો તો જગ્યાએથી ઊભા પણ થઈ ગયા. આવું જોઈ એક સેવકે કહ્યું, "મામા, આજે તમે બોલવાનું મુલતવી રાખો તો સારું. કારણ કે પાછળ બેઠેલાને સંભળાશે નહિ અને તેઓને અસંતોષ રહેશે ને તેઓ નિરાશ થશે. નીચે બહેનોના વિભાગમાં તો કાંઈ જ નહિ સંભળાય." મામા કહે, "ભગવાનની મરજી આગળ કોઈનું કાંઈ ચાલતું નથી. તેમની મરજી હું બોલું તેવી હશે તો હું જરૂર બોલીશ અને દરેકને સંભળાય તે માટે ભગવાન માઈક બરાબર કરી આપશે."

આમ કહી મામા આંખો બંધ કરી થોડીવાર બેસી રહી પછી માઈક પાસે ગયા ને બોલવાનું શરૂ કર્યું. બધાના આશ્ચર્ય વચ્ચે માઈક બરાબર ચાલવા લાગ્યું. સહેજ પણ રૂકાવટ આવી નહિ. મામા બોલી રહ્યા ત્યાં સુધી માઈક બરાબર ચાલ્યું. દરેક હરિભક્તને મામાનું પ્રવચન સ્પષ્ટ અવાજમાં સંભળાયું અને બધાના મુખ પર સંતોષની આભા ઝળકી રહી. પ્રવચન બાદ એ વિશે સેવકે

મામાને પૂછતાં મામાએ કહ્યું, “મુક્તો સંકલ્પ કરે તો ભૌતિક જડ વસ્તુને પણ તેમના કહ્યા પ્રમાણે કરવું પડે છે. મહારાજની મરજી તેમનું જ્ઞાન દરેકને સમજાય. સાચું માર્ગદર્શન હરિભક્તો પ્રાપ્ત કરે તેવી હોવાથી મેં તેમને સંભારી પ્રાર્થના કરી અને માઈક ચાલતું થયું ને દરેક હરિભક્તને લાભ મળ્યો.”

અનાદિમુક્તના સામર્થ્ય આગળ ભૌતિક જડ વસ્તુ જો તેમના નિયંત્રણમાં આવી જઈ કામ કરતી હોય તો ચૈતન્ય જીવોનું હૃદય પરિવર્તન થઈ તેઓ પ્રભુના પંથે ડગ માંડે તેમાં શું કહેવું?

❋❋❋

## ૭૮

અનાદિમુક્તમાં અનંત સામર્થ્ય હોય છે, શ્રીજીમહારાજના કલ્યાણકારી ગુણો તેમનામાં પણ જોવા મળે છે, તેઓ સર્વજ્ઞ છે. આવું જાણપણું હોવા છતાં આપણે સામાન્ય જીવો તેમના આવા અનેક ગુણોમાંથી કોઈ એક ગુણના દર્શન થતાં કૃત-કૃત્ય થઈ જઈએ છીએ. તેઓ માટે તે સહજ વાત હોય છે. જો કે આવા ગુણોના દર્શન થવાથી મુક્ત પ્રત્યેનો મહિમા, વિશ્વાસ, શ્રદ્ધા વધુ દૃઢ બનતા હોય છે.

મામાના અંતર્યામીપણા વિશેનો એક પ્રસંગ છે. વાત ત્યારની છે જ્યારે મોરબીમાં મચ્છુ ડેમ તૂટ્યો હતો. આખા દેશમાં એ સમાચાર ફેલાયા. બધાની જેમ એક બહેનને પણ એ સમાચાર મળ્યા. સમાચાર મળતાં તેઓ ભારે ચિંતામાં સરી પડ્યાં. થોડી વાર સૂનમૂન થઈ બેસી રહ્યાં. પછી તેમનાથી રહેવાયું નહિ ને તેઓ રઘવાયા થઈ મામા પાસે દોડી આવ્યાં. આવીને મામાને પ્રાર્થના કરતાં કહે, “મામા, મોરબીમાં ડેમ તૂટ્યાના સમાચાર આવ્યા છે અને મારો ભાઈ અત્યારે મોરબીમાં જ છે. મને તેની બહુ ચિંતા થાય છે. આપ મહારાજને પ્રાર્થના કરો કે તેઓ મારા ભાઈની રક્ષા કરે.” આમ કહેતાં બહેન રડી પડ્યાં. મામાએ તેમને શાંત પડવા કહ્યું અને બોલ્યા, “તમે નાહક ચિંતા કરો છો. તમારા ભાઈને કાંઈ નહિ થાય અત્યારે તેઓ મોરબીમાં છે જ નહિ. તેઓ તો રાજકોટમાં છે અને

સહીસલામત છે. તમે ઘરે જાવ થોડી વારમાં તેમના તરફથી તેઓ સલામત છે તેવો ફોન આવશે." આવું સાંભળતાં બહેનના જીવમાં જીવ આવ્યો. મામાને કહે, "સારું થયું હું આપની પાસે આવી તો મને તરત ભાઈ વિશે સમાચાર મળ્યા. તેઓ સલામત છે જાણી મને કોઈ ચિંતા નથી. મોરબીના સમાચાર સાંભળતાં મનમાં ધ્રાસકો બેસી ગયો હતો. હવે ચિંતા નથી." બહેન મામાને પગે લાગી ઘરે પહોંચ્યાં ને થોડી વારમાં જ તેમના ભાઈનો સલામતીનો ફોન આવ્યો. બહેને ભાઈને કહ્યું, "મને તો તારી ચિંતા ક્યારની દૂર થઈ ગઈ હતી. તારો ફોન આવતાં પહેલાં જ મને ખબર હતી કે તું રાજકોટમાં સહીસલામત છે." આવું સાંભળતાં ભાઈને અચરજ થયું. તેમણે પૂછ્યું, "તમને કોણે ફોન કર્યો હતો?" બહેને મામાની વાત કરી ત્યારે ભાઈએ હસતાં-હસતાં કહ્યું, "ત્યારે મેં અમસ્તો ફોન કર્યો. તમને તો ખબર જ હતી."

આમ અનાદિમુક્ત અંતર્યામીપણું જણાવી વાત કહી દેતા હોય છે.

❋❋❋

# ૭૯

કૃપાળુ મામા એક હરિભક્તની ઘણા વખતની અરજીને માન આપી આજે તેને ઘરે પધાર્યા હતા. હરિભક્તનાં મા ઘણા વખતથી લકવાગ્રસ્ત હોવાથી પથારીવશ હતાં. અને મામાના દર્શનની અભિલાષા ઘણા વખતથી મનમાં સેવતાં હતાં. તેઓ પોતે ભગવાનના સારા ભક્ત હતાં. આથી દયા કરી મામાએ તેમની ઇચ્છાપૂર્તિ કરી હતી. મામાના દર્શન થવાથી તેઓ ભાવ-વિભોર થઈ ગયાં. પરંતુ પથારીવશ હોવાને કારણે ઊભા થઈ ન શક્યાં. સૂતાં-સૂતાં જ ગળગળા થઈ મામાને પ્રણામ કરતાં કહેવા લાગ્યાં, "દયાળુ, આજ તમે આંગણે પધાર્યા ને મારાથી તો ઊભું પણ થવાતું નથી. તમારી સામે હું સૂઈ રહું તે મને જરા પણ રુચતું નથી. અનાદિમુક્ત ઘરે પધારે અને આમ સૂઈ રહી તેમનો અનાદર થાય તે યોગ્ય ન કહેવાય, પણ શું થાય મહારાજે સ્થિતિ એવી કરી કે સૂઈ રહેવું પડે છે. તો આ અપરાધ ક્ષમા કરશો." હાજર સૌ હરિભક્તો પણ દિલગીર થઈ ગયા. પૂ. લીલામાસીથી ઊભા રહેવાતું ન હોવાથી તેઓ ખુરશીમાં બેસી ગયાં. એક હરિભક્તે મામાને પૂછ્યું, "મામા, આપ અનાદિમુક્ત છો, સમર્થ છો તો આમને અને પૂ. માસીને આપ સારું ન કરી શકો? તેઓને આટલી બધી પીડા થાય છે. આપ તો ધારો તે કરી ન શકો?"

હંમેશાં પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તનારા બહાર

ઉદ્‌ઘોષ ન જણાવનારા મુક્ત આજે ભાવમાં આવી બોલ્યા, "કેમ નહિ. એક સંકલ્પ માત્રમાં બંનેને સારું કરી શકું. ચપટી વગાડું તેટલી વાર પણ ન લાગે. ક્ષણમાત્રમાં સારું થઈ જાય. અનાદિમુક્તથી શું ન થાય? મહારાજના પ્રતાપે સંકલ્પમાત્રમાં બધું થઈ જાય. આ બંને તો શું ચપટી વગાડતાં આખા જગતના તમામ દર્દીઓ સાજા થઈ જાય. વિશ્વની તમામે તમામ હૉસ્પિટલો ખાલી થઈ જાય. ગમે તેવો રોગી હોય તે સાજો થઈ જાય. જગતનું સર્વ કાર્ય ઠપ્પ થઈ જાય. અનાદિમુક્ત ધારે તે કરી શકે, પરંતુ મુક્ત ક્યારેય ભગવાનની ઇચ્છા વિરુદ્ધનું કોઈ કાર્ય ન કરે. આવું કાર્ય સમાજમાં અસમાસ કરે અને અસમાસકારી કાર્ય મુક્ત ક્યારેય ન કરે."

એક સેવક કહે, "મામા, તમે કેટલાક હરિભક્તોના રોગ મટાડ્યા છે તે નજરે જોયું છે. ડૉક્‌ટરોથી ન થઈ શકે તેવા રોગો મટાડી ચમત્કાર સર્જ્યા છે. આપના સામર્થ્યથી અમે સૌ પરિચિત છીએ." મામા કહે, "તમારી એ વાત બરાબર છે, પરંતુ અમુક અપવાદરૂપ કિસ્સામાં એમ લાગે કે આનો રોગ દૂર કરવાની અતિ આવશ્યકતા છે અને તેમ કરવાથી તેનો ચૈતન્ય ભગવાનની વધુ નજીક પહોંચશે, ઊર્ધ્વગતિ કરશે ત્યારે જ મુક્ત મહારાજની મરજી જાણી તેને દૂર કરે છે. બાકી મુક્ત પોતે ક્યારેય મહારાજના કાર્યમાં હસ્તક્ષેપ કરતા નથી. જે જેવી રીતે ચાલતું હોય તેવી જ રીતે ચાલવા દે છે." હાજર રહેલા હરિભક્તોને આજે મુક્તરાજના સામર્થ્ય વિશેની એક વધુ ઝાંખી થઈ. અને એ પણ જાણ્યું કે મુક્ત ક્યારેય મહારાજની મરજી

વગરનું કાર્ય કરતા નથી. શ્રીજીમહારાજ તેમના દ્વારા દરેક ક્રિયા કરતા હોય છે.

જેઓ આવા સામર્થ્યવાન પૂર્ણ મુક્ત હોય તેઓ જ આવા વિશ્વાસથી આવી વાત કરી શકે. બીજા કોઈથી આવું થઈ પણ શકે નહિ અને આવી વાત પણ તેઓથી થઈ શકે નહિ.

❊❊❊

## ૮૦

એક વખત એક સેવકને ત્યાં વડોદરાથી તેમના મામાનો ફોન આવ્યો કે નાનીમા બાથરૂમમાં પડી ગયા અને અત્યારે કોમામાં જતાં રહ્યાં છે. અને હૉસ્પિટલમાં દાખલ કર્યા છે. ડૉક્ટરો કહે છે, માથામાં ઈજા થવાથી આમ થયું છે તેથી હવે ક્યારે ભાન આવે તે કહી શકાય નહિ. આવા સમાચાર મળવાથી સેવક તથા ઘરના સર્વે ચિંતિત થઈ ગયા. સેવક તરત મામા પાસે આવ્યો ને બધી વિગતે વાત કરી. મામાએ વાત શાંતિથી સાંભળ્યા પછી પૂછ્યું, “અત્યારે રાત્રે વડોદરા કઈ રીતે પહોંચશો?” સેવકે કહ્યું, “ટેક્ષી મળે તો કરીને જઈશ.” મામાએ સંમતિ આપી ને કહ્યું, “સારું, જવાની તૈયારી કરો અને જતી વખતે મારી પાસેથી ચરણરજ લઈ જજે.” સેવકે ઘડિયાળમાં જોતાં કહ્યું, “મામા, અત્યારે જ ઘણું મોડું થઈ ગયું છે, હજી અમને નીકળતાં બીજો થોડો સમય થાય તો પછી બહુ મોડું થઈ જશે.” મામા કહે, “તેનો વાંધો નહિ. હું અત્યારે ચરણરજ તૈયાર કરી રાખું છું. ગમે તેટલું મોડું થયું હોય પણ ચરણરજ લઈને પછી જજે.”

જવાની તૈયારી કરી સેવક મામા પાસે આવ્યો. મામાએ ચરણરજ તેના હાથમાં મૂકતાં કહ્યું, “લે આ. કોઈ બહેનને કહેજે કે તારા નાનીમાને આખા શરીરે આ ચરણરજ ચોપડી દે. મહારાજ બધું સારું કરશે.” સેવક મામાના આશીર્વાદ લઈ ગયો. વડોદરા પહોંચતાં જ તેઓ

પ્રથમ હૉસ્પિટલમાં ગયા. નાનીમા બેભાન અવસ્થામાં ખાટલામાં સૂતાં હતાં. સેવકના માએ નાનીમાના આખા શરીરે ચરણરજ ચોપડી. થોડીવાર બેસી બધા ઘરે આરામ કરવા ગયા. સવારે નાનીમાને ભાન આવી ગયું. ભાનમાં આવતાં જ તેમણે સેવકને બોલાવી લાવવાની વાત કરી. સેવક આવતાં તરત સેવકને કહે, "તારા ભગવાન સ્વામિનારાયણ અને તારા ગુરુજી અહીં આવ્યા હતા. તારા ભગવાને મારા આખા શરીરે કાંઈક રજ જેવું ચોપડ્યું અને મને તરત સારું થઈ ગયું ને મારી આંખો ખૂલી ગઈ. મેં જોયું તો હું અહીં સૂતી હતી. હું બાથરૂમમાં પડી ગઈ પછી મને કશી જ ખબર રહી નહોતી. હું ક્યાં છું, કેમ છું તેનું મને કાંઈ ભાન રહ્યું નહોતું, પણ પછી તારા ભગવાન અને તારા ગુરુજીએ આવી મને સાજી કરી દીધી."

આવું સાંભળતાં સેવકને આશ્ચર્ય થયું. નાનીમાને કહે, "ચરણરજ તો તમને માએ ચોપડી હતી. અને તમે ક્યાં કોઈ દિવસ મારા ગુરુજીના દર્શન કર્યા છે, પછી તમે તેમને કઈ રીતે ઓળખ્યા?" નાનીમા કહે, "તું જેવું તેમનું વર્ણન કરતો હતો તેવા જ તે પ્રભાવશાળી હતા અને તારા ભગવાનની મૂર્તિ તો મેં નિહાળી જ છે. તારા ગુરુજીએ મને મનમાં ખાતરી કરાવી કે અમે એ જ છીએ." આવું સાંભળતાં સેવક કૃત-કૃત્ય થઈ ગયો. મનોમન મામાનો આભાર વ્યક્ત કર્યો અને થયું કે ઓ હો! મામા કેવા દયાળુ છે. જેને સ્વામિનારાયણ ભગવાનની ઓળખ નથી, મામાના ક્યારેય દર્શન કર્યા નથી, તેમના વિશે વિશેષ કોઈ ભાવ નથી, તેમના પર પણ કેવી કરુણા વરસાવી!!

હું ધન્ય બની ગયો. પાછા આવી સેવકે મામાને બધી વાત કરી ત્યારે મામાએ કહ્યું, "શુભ સંકલ્પ કરી અને મહારાજને પ્રાર્થના કરીને મેં એ ચરણરજ આપી હતી. આથી જ્યારે ચરણરજ તેમના શરીર પર લગાડાતી હતી એ વખતે એ શુભ સંકલ્પને કારણે એમને એમ દર્શન થયા કે મહારાજ ચરણરજ લગાડે છે અને જ્યારે મહારાજ સ્પર્શ કરે પછી સારું થઈ જ જાય ને!"

સેવકના નાનીમા સત્સંગી નહોતા, મામાના તેમણે ક્યારેય દર્શન કર્યા નહોતા છતાં તેમને સારું થઈ ગયું. આ છે અનાદિમુક્તનો પ્રતાપ. સંકલ્પ કરી આપેલી ચરણરજ પણ કેવું કાર્ય કરી શકે છે!

❋❋❋

## ૮૧

છત્રી સ્થાન માટે મામાને અનેરું આકર્ષણ. તે સ્થાન પ્રત્યે દિવ્યભાવ પણ ઘણો. આથી છત્રી સ્થાનમાં જ્યારે સમૈયો હોય, ત્યારે મોટાભાગે તેઓ હાજરી આપતા. એવા જ એક કારતકના સમૈયામાં મુક્તરાજ બળદિયા પધાર્યા હતા. મુક્તરાજ પધારે એટલે બધાના ઉત્સાહમાં અનેરો વધારો થાય. દરેક જણ આનંદમાં આવી જાય. બધાને મુક્તરાજના દર્શન, સેવા, સમાગમનો દરરોજ લાભ મળે. મામા હંમેશાં ઉતારાના રૂમ નંબર ચારમાં ઉતારો લેતા. એ વિશે બધા જાણતા હોવાથી મામાને મળવા, આશીર્વાદ લેવા પોતાની મૂંઝવણ તેમની સમક્ષ રજૂ કરવા ચાર નંબરની રૂમમાં હરિભક્તોની લાઈન લાગતી. વારાફરતી બધા આવ્યા જ કરે.

એક વખત એક હરિભક્તે ભાવ સહિત મામાને એક સાકરનું નાનકડું પડીકું આપીને આશીર્વાદ લીધા. મામાએ પડીકું હાથમાં લેતાં કહ્યું, “આ સાકર અમે બધાને પ્રસાદીરૂપે વહેંચી આપીશું.” હરિભક્ત કહે, “ભલે મામા. એ તો વધુ સારું બધાને આપના હાથની પ્રસાદી મળશે.” મામાએ પડીકું પોતા પાસે રાખ્યું. જે હરિભક્તો આવે તેને બે-ત્રણ ગાંગડા પ્રસાદીરૂપે આપે. મામા પ્રસાદી આપે છે એમ ખબર પડતાં એક પછી એક હરિભક્તો આવવા લાગ્યા. કેટલાક તો પોતાના પુત્રને પણ સાથે લઈ આવે કે જેથી તેને પણ મામાના હાથની પ્રસાદી મળે. આમ કરતાં

કેટલાય હરિભક્તો દર્શન કરી સાકરની પ્રસાદી લઈ ગયા. થોડીવાર તો બાજુમાં બેઠેલા સેવકને ખ્યાલ ન ગયો, પણ પછી તેને ખ્યાલ આવ્યો કે સાકરનું પડીકું કાંઈ મોટું નહોતું, નાનકડું જ હતું. અને અત્યાર સુધીમાં તો ઘણા હરિભક્તોને સાકર અપાઈ ગઈ છે. એ રીતે તો પડીકું ક્યારનું ખાલી થઈ જવું જોઈતું હતું. પરંતુ મામા તો જે આવે તેને પડીકામાંથી બે-ત્રણ ગાંગડા આપ્યા જ કરે છે... આપ્યા જ કરે છે. પડીકું ખાલી કેમ થતું નથી? અક્ષયપાત્રની જેમ તેમાંથી સાકર નીકળ્યા જ કરે છે. આવું જોતાં પછી તો સેવક ત્યાંથી ખસ્યો જ નહિ કે જોઉં તો ખરો કે આજે આ નાનકડા પડીકામાંથી કેટલી સાકર નીકળે છે? ઘણીવાર સુધી હરિભક્તો આવતા રહ્યા અને મામાએ એ બધાને એ પડીકામાંથી જ સાકર આપ્યે રાખી. છેલ્લે જ્યારે હરિભક્તો આવતા બંધ થયા ત્યારે સેવકને કહે, "આ પડીકું ખાલી થઈ ગયું છે કાગળ ફેંકી દો."

એટલામાં જ એક હરિભક્ત આવ્યા ને તરત સેવક હાથ લગાડે એ પહેલાં એ કાગળમાંથી એક ગાંગડો કાઢી હરિભક્તને આપતાં બોલ્યા, "લ્યો આ એક ગાંગડો તમારા માટે જ વધ્યો હતો તે તમને આપ્યો." આવું જોતાં સેવકને ભારે આશ્ચર્ય થયું કે આ શું? જેમ જરૂર પડતી ગઈ, એમ સાકર કાઢતા જ ગયા અને છેલ્લે કાગળ ખાલી બતાવી ફરી પાછી એક સાકર કાઢી હરિભક્તને પ્રસાદી આપી. અને તેને મામાના હાથે પ્રસાદી મળ્યાનો સંતોષ આપ્યો. આમ જોતાં સેવક અવાચક થઈ ગયો. તેને આજે મામાના સામર્થ્યના અનેક ગુણોમાંના એકના દર્શન થયા

હતા અને તેનો તે સાક્ષી બન્યો હતો. તે વિચારી તે પોતાને ધન્ય માની મામાને પગે લાગ્યો. મામાએ હસતાં-હસતાં તેને આશીર્વાદ આપ્યા.

❋❋❋

## ૮૨

મહાઅનાદિમુક્તરાજ પરમ પૂજ્ય બાપાશ્રી એમ કહેતા કે, "મુક્ત તીર્થરૂપ છે." પૂ. પર્વતભાઈની વાત સત્સંગમાં સૌને ખ્યાલમાં જ છે કે, તેઓના ચરણોમાં અડસઠ તીરથ રહેતા. અનાદિમુક્તને કોઈ તીર્થયાત્રા કરવાની જરૂર રહેતી નથી. પરંતુ એક રહસ્યની વાત એ પણ છે કે અનાદિમુક્ત જ્યારે કોઈ તીર્થ સ્થળે જાય, ત્યારે ત્યાં શુભ સંકલ્પ કરે. તેમના શુભસંકલ્પ અને પાવન પગલાંથી તીર્થ સજીવન થાય અને પછી ત્યાં જનારના મનોરથ પૂર્ણ થાય.

અનાદિમુક્ત તીર્થને સજીવન કરવા અને તે સ્થળને પવિત્ર માની અને પોતાને પવિત્ર કરવા જે જીવો ત્યાં આવે તેના મનોરથ પૂર્ણ થાય, આત્યંતિક કલ્યાણ થાય તેવા શુભ સંકલ્પ તીર્થસ્થાનોમાં જઈને કરે છે. જીવોના કલ્યાણ કરવાના આશયથી મુક્ત તીર્થાટન કરે છે. આવા જ આશયથી મામા થોડા હરિભક્તો સાથે તીર્થોમાં પધાર્યા હતા. એ વખતે છપૈયા પણ પધાર્યા હતા. છપૈયામાં ત્યારે મૂર્તિ પ્રતિષ્ઠાનો ઉત્સવ હતો. હરિભક્તોની ભીડ ઘણી હતી. ક્યાંય ઊભા રહેવાની જગ્યા નહોતી. અને તેમાંય મહારાજના અભિષેક વખતે તો લોકો દર્શન માટે ધક્કા-મુક્કી કરવા લાગ્યા. મામા ઘનશ્યામ મહારાજ પાસે ઊભા રહી દર્શન કરતા હતા, પરંતુ પાછળ અતિશય ભીડને કારણે એક વૃદ્ધા ભીડમાં ચગદાઈને નીચે પડી ગયાં.

થોડીવાર તો લોકોને ખ્યાલ ન આવ્યો લોકો તેમની ઉપર પગ મૂકે. લોકોના ધક્કાથી વૃદ્ધા બેભાન થઈ ગયાં. લોકોમાં ખબર પડતાં બૂમા-બૂમ થઈ ગઈ અને લોકો તેનાથી દૂર ખસવા લાગ્યા. વૃદ્ધા નિશ્ચેષ્ટ પડ્યાં હતાં. કોઈએ મામાને વાતની જાણ કરતાં તેઓ વૃદ્ધા પાસે આવ્યા. લોકો મામાને કહે, “ડોશી મરી ગયા લાગે છે.” મામાએ ખિસ્સામાંથી ચરણરજ કાઢી, ભગવાન સંભારી સાથે આવેલા સેવકને વૃદ્ધાના મુખમાં ચરણરજ આપવા કહ્યું. સેવકે થોડી ચરણરજ ડોશીમાના મુખમાં મૂકી અને થોડીવારમાં જ ડોશીમાને ચેતના આવી. તેઓ ધીમે રહીને બેઠા થયાં અને પૂછવા લાગ્યાં મને કોણે બચાવી? બધાને નવાઈ લાગી કે આ શું કહે છે? વૃદ્ધાએ વિગતે વાત કરી કે, “હું નીચે પડી અને બેભાન થઈ ગઈ હતી. મને તો એમ જ કે લોકો મારા પર પડે છે ને હું મરી જઈશ. પરંતુ એ અવસ્થામાં કોઈએ મારા મોઢામાં કાંઈક નાખ્યું ને ચમત્કાર થયો મને તરત ભાન આવ્યું ને હું બચી ગઈ. બેભાન હોવા છતાં મને એ ખ્યાલ આવ્યો કે મારા મોઢામાં કોઈકે કાંઈક મૂક્યું તેનાથી હું સાજી થઈ બેઠી થઈ છું એ વાતની ભગવાને મને જાણ કરી.”

બધાએ મુક્તરાજ તરફ નિર્દેશ કરી કહ્યું આમણે ચરણરજ આપી હતી. ડોશીમા કહે, “એ રજ મારા મોઢામાં મૂકાતાં જ હું ચેતના અનુભવવા લાગી. એ રજમાંથી અલૌકિક સુગંધ આવતી હતી. એ કેવી સુગંધ હતી તેની મને ખબર નથી. એવી સુગંધ મારા જીવનમાં મેં ક્યારેય અનુભવી નથી. કોઈ અજબ જ સુગંધ હતી. અને

એ રજના કારણે જ હું બચી જવા પામી છું. નહિતર આજે મારું મોત નક્કી હતું." આમ કહી વૃદ્ધા મામાને પગે લાગી પ્રાર્થના કરી આભાર વ્યક્ત કરવા લાગી. આ જોઈ ત્યાં હાજર રહેલા લોકો પણ મામાને પગે લાગી કોઈ મોટા પુરુષના તેમને દર્શન થયા તેમ સમજી પોતાને ધન્યભાગ્ય માની રાજી થયા. બધાય પર મામાએ આશીર્વાદ વરસાવ્યા.

❋❋❋

## ૮૩

એક સમયની વાત છે. અગત્યનું કામ હોવાથી મામા સેવક સાથે બળદિયા ગયા હતા. બળદિયા કામ પતાવી પાછા અમદાવાદ આવવા નીકળવાનું થયું એવે સમયે જ મામાને શરીરે સારું જણાય નહિ. સેવકે જોયું તો મામાને શરીરે તાવ હતો. સેવકને ચિંતા થઈ કે હવે અમદાવાદ કઈ રીતે જવાશે? એકાદ દિવસ અહીં રોકાઈ મામાને સારું થાય પછી જ નીકળીશું. સમય થતાં મામાએ સેવકને નીકળવાનું કહ્યું. અને કહ્યું જલદી નીકળીએ નહિ તો મોડું થશે તો અમદાવાદના કામ અટવાઈ જશે. સેવક કહે, “મામા, આપના શરીરે ઘણો તાવ છે. કામ તો થયા કરશે. આપને જરા સારું થાય પછી નીકળીએ.” મામા કહે, “નીકળવું તો પડશે. હું ગાડીની પાછલી સીટમાં સૂઈ જઈશ. તમે અને હરિભક્ત આગળ બેસી જજો ઝડપથી ગાડી ચલાવજો. અમદાવાદ પહોંચી પછી આરામ કરીશ. ત્યાંનું કામ પણ અગત્યનું છે, માટે નીકળી જઈએ.”

મામાનું સૂચન સેવકને બહુ રુચ્યું નહિ, પણ આજ્ઞા થઈ એટલે કાંઈ બોલાય તો નહિ. તેઓ તૈયાર થઈ મામાને પાછલી સીટમાં સૂવાડી નીકળ્યા. મોરબી પહોંચ્યા ત્યાં એકદમ વરસાદ પડવો શરૂ થઈ ગયો. સેવક વિચારવા લાગ્યો અત્યારે ઝડપથી જવું છે ત્યારે આ વરસાદે વિઘ્ન કર્યું. આવા વરસાદમાં ગાડી ઝડપથી કઈ રીતે ચલાવવી? સેવકે ગાડીનું વાઈપર ચાલુ કર્યું, પણ જાણે તેની જરૂર

જણાઈ નહિ. કાચ ઉપર જાણે પાણી પડતું ન હતું. આગળ જુએ તો વરસાદ જોરથી પડતો જણાય. સેવકે ગાડી ધીમી પાડી પાછળ જોયું તો પાછળ પણ એકદમ વરસાદ પડતો હતો. આગળ પણ વરસાદ હતો, પરંતુ ગાડી પર પડતો ન હતો. આવું જોઈ સેવકને ઘણું આશ્ચર્ય થયું. ગાડી પર વરસાદ પડતો ન હોવાથી સેવક ઝડપથી ગાડી ચલાવી શકે. ખાતરી કરવા સેવકે બે-ત્રણ વખત પાછળ જોયું. પાછળ વરસાદ, ગાડીની આગળ વરસાદ, પરંતુ ગાડી પર નહિ. દરેક વખતે એવું જ દેખાય! સેવકે સાથેના હરિભક્તને વાત કરી તેઓએ પણ ખાતરી કરતાં એમ જ જણાયું. આમ થતાં સેવક ઝડપથી ગાડી ચલાવી અમદાવાદ પહોંચી ગયા. હરિભક્ત અને સેવક આવું અચરજ જોઈ આશ્ચર્ય પામ્યા હતા. અનાદિમુક્ત ધારે તે કરી શકે. કુદરતને પણ વશ રાખી પોતાની મરજી પ્રમાણે તેની પાસે અમલ કરાવે.

❋❋❋

## ૮૪

અમદાવાદમાં ઉનાળાનો બપોરનો સમય. દરેક જણ ગરમી દૂર કરી ઠંડક આપવાના સાધનોનો ઉપયોગ કરી ગરમી દૂર કરવાના પ્રયત્ન કરે. ફરજિયાત હોય તેટલું જ કામ કરે. બાકી એવા ગરમીના દિવસોમાં બહુ બહાર નીકળી કામ કરવાનું ગમે નહિ. ઠંડકમાં બેસી રહે. આવા સમયે મામા તેમની રૂમમાં કોઈ કામમાં વ્યસ્ત હતા. સેવકો આવ્યા ને જોયું તો મામા ગરમી દૂર કરવાના કોઈ સાધનોનો ઉપયોગ કર્યા સિવાય જ કામમાં રત હતા. સેવકે તરત એરકંડિશનર ચાલુ કરી આપ્યું અને મામાને વિનંતી કરી કે, “મામા, આપ આવી ગરમીમાં શા માટે એમને એમ રહો છો? આપનું શરીર કોમળ છે. અત્યારે પુષ્કળ ગરમી પડે છે ને આપનું શરીર ખમી શકશે નહિ.”

મામા સ્મિત વેરતા બોલ્યા, “હું તો કામમાં વ્યસ્ત હતો. મને તો એ કાંઈ યાદ પણ આવતું નથી. આ તો તમારા આગ્રહને વશ થઈ એ સાધન મૂક્યું છે બાકી મને એની જરા પણ આવશ્યકતા નથી. મહારાજની મૂર્તિનું સુખ અને તેની શીતળતા એટલી બધી છે કે આ લોકની કોઈ ઠંડક એની વિસાતમાં નથી. એ ઠંડક પાસે આ બધું વાપરવાનું સાંભરતું પણ નથી. જેને એ ઠંડકનો અનુભવ થઈ જાય તેને આ લોકની ઠંડકની આવશ્યકતા રહેતી નથી. એ દિવ્ય સુખમાં અગાધ ઠંડક અને શાંતિ છે. આ લોકની કોઈ ઉપમા તેને આપી શકાય તેમ નથી.” સેવકો

કહે, “એ દિવ્ય ઠંડકનો અમને અનુભવ નથી એટલે અમને શું ખબર પડે? અમને તો અત્યારે અસહ્ય ગરમી લાગે છે. આપને ભલે આ ઠંડકના સાધનોની આવશ્યકતા ન હોય, પરંતુ જેમણે સેવા કરી છે તેમની સેવા સ્વીકાર્ય બને તે ખાતર પણ આપ થોડી વાર તેનો ઉપયોગ કરો તો સારું.” મામા કહે, “ભલે, તમે બધા જ્યારે અહીં આવો, ત્યારે તમારે ચાલુ કરવું. જેથી સેવકની સેવા લેખાય અને તમારાથી ગરમી સહન થતી નથી તો તમને બધાને ઠંડક થાય.” એક સેવક કહે, “મામા, અમને પણ એ દિવ્ય ઠંડકનો અનુભવ કરાવો તો અમારે પણ પછી આ ઠંડકની જરૂર ન રહે.” મામા હસ્યા કહે, “જેમ-જેમ પાત્રતા આવતી જશે, તેમ-તેમ પ્રભુજી અનુભવ કરાવતા જશે. માટે પાત્રતા કેળવવાના પ્રયત્નો કરવા અને પ્રભુ પ્રસન્નતાના સાધનો ખંત રાખી કરવા તેમાં પ્રમાદી ન થવું. તો મહારાજ પ્રસન્ન થાય અને સુખ આવે.”

જેઓ સદાય દિવ્ય સુખ માણતા હોય, દિવ્ય ઠંડકની અનુભૂતિ અખંડ કરતા હોય તેમને આ લોકની કૃત્રિમ ઠંડકની ક્યાં આવશ્યકતા રહે! પરંતુ સેવકોને સેવાનો લાભ મળે તે માટે જ એવા સાધનો ઉપયોગમાં કોઈક વાર લેતા હોય છે. એમાંય સંકલ્પી જીવો સંકલ્પ કરી જીવનું બગાડી નાખે. બાકી પૂર્ણ મુક્તને આ લોકની ઋતુઓ કે સંજોગો સ્પર્શતા નથી.

❋❋❋

## ૮૫

સંપ્રદાયના ગ્રંથોમાં અને બાપાશ્રીની વાતોમાં એમ આવે છે કે અનાદિમુક્તમાં અનંત સામર્થ્ય રહેલું હોય છે. તેઓ નિરાવરણ દૃષ્ટિ ધરાવે છે, તેઓને કોઈ આવરણો નડતા નથી. અન્ય લોકોને આ બધું વાંચીને જ સંતોષ પ્રાપ્ત કરવાનો હોય છે. જ્યારે આપણા સૌના એ મોટા સદ્‌ભાગ્ય કહેવાય કે આપણે એવા નિરાવરણ દૃષ્ટિવાળા સમર્થ અનાદિમુક્તના જોગમાં આવ્યા, તેમના સાંનિધ્યમાં રહ્યા, તેમના સેવા-સમાગમનો લાભ મળ્યો અને આપણામાંથી મોટા ભાગનાને તેમના સામર્થ્યના દર્શન પણ થયા. આ બહુ મોટા ભાગ્યની વાત કહેવાય. મામા અપાર શક્તિઓ અને સામર્થ્ય ધરાવનારા અનાદિમુક્ત હોવા છતાં તેઓ પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તતા. છતાંય અમુક પ્રસંગોએ તે છતું થઈ જતું.

એક વખત ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયમાં મામા સેવક સાથે પુસ્તકો લેવા ગયા હતા. મામાને એક પુસ્તક જોઈતું હતું, જે કાર્યાલયમાં કામ કરનાર માણસ એ પુસ્તક નથી, આવશે ત્યારે તમને મળશે તેમ કહેતો હતો. મામાએ તેને કહ્યું, “તમે બરાબર જુઓને ઉપર હશે.” મામા ઘણીવાર ત્યાંથી પુસ્તકો લેતા એટલે મામાને તેઓ સારી રીતે ઓળખતા. મામાના કહેવાથી એક માણસ જોઈ આવ્યો આવીને કહે, “મેં જોયું પુસ્તક નથી. તમને મંગાવી આપીશું. બે-ચાર દિવસ પછી તપાસ કરજો.” મામા કહે,

"તમે બરાબર જુઓને મળી જશે." આવું સાંભળતાં કાર્યકર જરા અકળાઈ ગયો ને કહે, "હું અહીં કામ કરું છું મને ન ખબર હોય કે કયું પુસ્તક છે અને કયું નથી? બે-ચાર દિવસ પછી આવીને લઈ જજો."

મામાએ હવે તેને સ્પષ્ટ રીતે પ્રભાવશાળી અવાજમાં કહ્યું, "તમે બરાબર જોતા નથી. ઉપર-છેલ્લું જોઈને પાછા આવો છો. ઉપરના માળે ત્રીજા નંબરના રેકમાં બીજી લાઈનમાં ડાબે હાથેથી ચોથા નંબરે પુસ્તક પડ્યું છે. તમે જઈને બરોબર જોઈ લઈ આવો." આમ પુસ્તક વિશેનું ચોક્કસ સ્થાન સાંભળતાં કાર્યાલયનો માણસ દિગ્મૂઢ થઈ જરા ખચકાઈ ગયો. તેને થયું કોઈ આટલું ચોક્કસ કઈ રીતે કહી શકે? આમને કઈ રીતે ખબર પડી કે ઉપરના માળે પુસ્તક એ જ જગ્યાએ પડ્યું છે! જરા જોઈ આવવા દે. તે તરત ઉપર ગયો અને જોયું તો બરાબર મામાએ બતાવેલ જગ્યાએથી જ પુસ્તક મળી ગયું. તેને ભારે નવાઈ લાગી. નીચે આવી મામાને પૂછવા લાગ્યો, "તમને કઈ રીતે ખબર પડી કે પુસ્તક ત્યાં જ પડ્યું છે?" મામાએ ઉત્તરમાં ફક્ત સ્મિત વેર્યું ને પુસ્તક જોવા લાગ્યા. પેલા કાર્યકરે પૂછવાનું ચાલુ જ રાખ્યું, કે તમને કઈ રીતે ખબર પડી? તમે તો ક્યારેય ઉપર ગયા નથી. ઉપર કેટલા રેક છે તે કઈ રીતે ગોઠવેલા છે એ બધા વિશે તમે કઈ રીતે માહિતગાર થયા? તેને બહુ આશ્ચર્ય થયું હતું. સાથેના સેવકે મામાનો મહિમા સમજાવતાં તેને કહ્યું, "તેઓ ભગવાનના બહુ મોટા સંત છે. તેમને આવરણ જેવું કાંઈ હોતું જ નથી. તેઓ બહુ સમર્થ છે." આમ સમજાવ્યું ત્યારે

જ તેણે પ્રશ્નોની ઝડી બંધ કરી અને તે મામાને પગે લાગ્યો ને આશીર્વાદ માગ્યા.

આવા તો અનેક નાના-મોટા પ્રસંગો હોય જે મામાના સામર્થ્યને છતાં કરી આપણને સૌને મામાના સામર્થ્યની પ્રતીતિ કરાવતા હોય.

❋❋❋

## ૮૯

પ્રસંગ એ વખતનો છે જ્યારે મિશનનો નાનો હૉલ તૈયાર થતો હતો. કામ ધમધોકાર ચાલતું હતું. કારીગરો કામ કરતા હતા ને સેવકો જોઈતો માલ-સામાન લાવવો તેની વ્યવસ્થા કરવી વગેરે અનેક પ્રકારની સેવા કરવામાં આખો દિવસ પરોવાયેલા રહેતા. મામાની સૂચના પ્રમાણેના કામમાં દરેક જણ વ્યસ્ત રહેતા. તેમાંય તે દિવસે હૉલનું ધાબું ભરાતું હોવાથી દરેક જણના ભાગે કામ આવ્યું હતું. મજૂરો-કારીગરો બધા સતત કાર્યરત હતા. કલાકો કામ ચાલ્યા પછી ધાબાનું કામ પૂર્ણ થયું ને સૌને કામ પૂર્ણ થયાનો આનંદ થયો. પરંતુ ત્યાં તો અચાનક આકાશમાં વાદળો ઘેરાયા ને વરસાદના મોટા ફોરા પડવા શરૂ થઈ ગયા. સેવકો મૂંઝવણમાં પડી ગયા. હજી તો હમણાં જ ધાબું ભર્યું છે ને જો વરસાદ પડે તો બધી મહેનત નકામી જાય.

આકાશમાં વાદળો બરાબર ઘોરાયા હતા ને ધોધમાર વરસાદ પડશે અને થોડો વરસી રહી જાય તેવું પણ લાગતું નહોતું. સેવકો મામા પાસે દોડ્યા. મામાને વાત કરી કે ધાબું ભરવાનું કામ હમણાં જ પૂરું થયું છે ને આકાશમાં વાદળો બરાબર ઘેરાયા છે. જો વરસાદ વરસશે તો મુશ્કેલીમાં મૂકાઈ જઈશું. આપ દયા આણી આનો ઉકેલ લાવો. મામા વાત સાંભળી બોલ્યા, “આ તો ભગવાનનું કામ થાય છે એમાં ઇંદ્ર વિઘ્ન કરે તે કેમ ચાલે?” સેવકો

કહે, “એણે વિઘ્ન કરવાની શરૂઆત કરી દીધી છે. વરસાદના મોટા ફોરા પડવા લાગ્યા છે.” મામા ઝડપથી ઘરની બહાર આવ્યા અને જરા ઊંચા અવાજે હાથ ઊંચો કરીને જાણે કોઈને આજ્ઞા કરતા હોય તેવી રીતે સત્તાવાહી અવાજમાં બોલ્યા, “જા જતો રહે અત્યારે કસમયે આવી ભગવાનના કાર્યમાં વિઘ્ન કરે છે. અત્યારે નથી પડવાનું.” મામાનું બોલવું પૂરું થયું ને જાણે ચમત્કાર થયો. તરત જ વરસાદ બંધ થઈ ગયો. એક સેવકે મામાને પૂછ્યું, “મામા, તમે આમ અત્યારે કોની સાથે વાત કરી અને કોને વરસાદ બંધ કરવા કહ્યું?” મામા કહે, “એ તો મેં ઇંદ્રને ના પાડી કે હમણાં વરસવાનું બંધ કર. આ તો ભગવાનનું કામ થાય છે.” સેવકે પોતાની બુદ્ધિ પ્રમાણે થોડી દલીલ કરી કે “મામા, આમાં ક્યાં ઇંદ્ર આવ્યો? આ તો વૈજ્ઞાનિક રીતે વરાળના વાદળો થાય અને પાણી પડે.” મામા કહે, “એ બરાબર છે, પરંતુ તેનું નિયમન કરનારા ઇંદ્ર દેવ હોય છે. જેમને વરસાદના નિયમનનું કાર્ય સોંપાયેલું છે. તેઓ મૂર્તિમાન હોય છે. અને મહારાજના તો ઠીક, પરંતુ મહારાજના અનાદિમુક્તના દર્શન પણ તેને દુર્લભ છે. મહારાજની ઇચ્છાથી તેમને મુક્તમાં રહેલા મહારાજના દર્શન થાય. તેથી અત્યારે એ બે હાથ જોડીને ઊભા હતા કે મહારાજ, આપ જ્યારે આજ્ઞા કરશો ત્યારે જ વરસીશ, ત્યાં સુધી અહીં વરસીશ નહિ.

આ દેવતાઓના સામર્થ્ય આગળ અનાદિમુક્તનું સામર્થ્ય અનંતગણું અધિક છે. આથી તેઓ અનાદિમુક્ત સમક્ષ દીન થઈ રહે છે. જુઓ અત્યારે તરત વરસવું બંધ

થઈ ગયું કે નહિ? અત્યારે મહારાજનું કાર્ય થઈ રહ્યું છે તેમાં તે વિઘ્ન નાખે તે કેમ ચાલે? તે તો મહારાજને પણ ન ગમે."

મામાનું આવું સામર્થ્ય જોઈ સેવકો ચકિત થઈ મામાના ચરણોમાં ઝૂકી ગયા.

❋❋❋

## ૮૭

સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામીના સામર્થ્ય અને પ્રતિભાથી સત્સંગમાં ભાગ્યે જ કોઈ અજાણ હશે. અણીશુદ્ધ જીવન વિતાવનારા સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ સ્વામી શ્રી હરિજીવનદાસજી સ્વામી જેઓ સરસપુર મંદિરમાં રહેતા. તેઓ આ લોકમાં ૧૦૫ વર્ષ રહ્યા. અને રહ્યા ત્યાં સુધી મહારાજની આજ્ઞાઓનું પાલન કરી અણીશુદ્ધ, નિર્મળ જીવન જીવ્યા. તેઓને મામા પ્રત્યે ખૂબ ભાવ હતો. સેવકો જ્યારે તેમની પાસે જતા, ત્યારે પાસે બેસારી તેઓને મામાનો મહિમા કહે કે, નારાયણભાઈ જેવા મુક્ત અત્યારે બ્રહ્માંડમાં કોઈ નથી. તમે તેમની સેવા બરાબર કરજો. તમારા બધાના બહુ મોટા ભાગ્ય છે કે તેમના જેવા મુક્તપુરુષની સેવાનો તમને લાભ મળ્યો છે.

સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામીના મુખે પણ તેમનો મહિમા ઘણી વખત સાંભળેલો છે. આમ વાતો કરી બહુ ભાવ દાખવતા. એક વખત સેવકને મામાએ સરસપુર મંદિરમાં રસોઈ આપવા મોકલ્યો હતો. એ વખતે સ્વામીની અવસ્થા ઘણી થઈ હોવા છતાં પોતાના હાથે ભાવે સહિત રસોઈ બનાવીને તેનું ટિફિન ભરીને સેવકને આપતાં કહ્યું, “તમને બધાને મુક્તરાજની સેવાનો રોજ લાભ મળે છે, પણ આજે આ પ્રેમે સહિત ભોજન બનાવ્યું છે તે મારા વતી તેમને પ્રાર્થના કરજો કે ગ્રહણ કરે અને મારા પર રાજી થાય ને તેમના જેવું મૂર્તિનું દિવ્ય સુખ મને પણ મળે

તેવી ખાસ પ્રાર્થના કરજો."

આમ મોટા હોય તે મોટાનો મહિમા વધુ જાણે. તેમ સ્વામી પણ બધાને મામાનો મહિમા કહેતા અને તેમની સ્થિતિ સમજાવતા. મિશનમાં જ્યારે સભા હોય, ત્યારે પોતાની અવસ્થા થઈ હોવા છતાં પોતે પધારી સભામાં બેસતા. બધાને આશીર્વાદ આપતા અને પોતે મામા પાસે આશીર્વાદ માંગતા.

❋❋❋

## ૮૮

એક વખત એક હરિભક્ત મુંબઈથી અમદાવાદ આવવા નીકળ્યા. બોરીવલી સ્ટેશનથી ગાડીમાં બેસી ભગવાન સંભારતા ગાડી ઉપડવાની રાહ જોતા બેઠા હતા. એવામાં એ જ ડબ્બામાં મામા ચડ્યા. મામાને જોઈ હરિભક્તને સાનંદાશ્ચર્ય થયું. મામાને પોતાની પાસેની જગ્યા બેસવા માટે કરી આપી. હરિભક્તને થયું મામા આમ અચાનક ક્યાંથી પધાર્યા હશે? સાથે કોઈ બીજું છે પણ નહિ. મનમાં પ્રશ્નો ઊઠ્યા, પરંતુ મામાને જોતાં એમ થયું જે હોય તે મને તો આજે મામા સાથે મુસાફરીનો લાભ મળશે.

હરિભક્ત અને મામાની મુસાફરી શરૂ થઈ. મામાએ મહારાજના મહિમાની, તેમને રાજી કરવાના ઉપાયો, વ્યવહારમાં કઈ રીતે રહેવું વગેરે અનેક પ્રકારની વાતો કરવા માંડી. વાતો બધી એવી થતી હતી કે હરિભક્તને ઘણા સમયથી મૂંઝવતા દરેક પ્રશ્નોના વારાફરતી ઉત્તરો તેમાં સમાયેલા હતા. હરિભક્તે મામાને કહ્યું, “મામા, આજે તો આપે મારા ઉપર બહુ દયા કરી. મારા માટે જ જાણે આપનું આ ડબ્બામાં આગમન થયું. મારા ઘણા ખરા મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ આજે મને મળી ગયા. અને મહારાજની વાતોમાં દિવસ ક્યાં પસાર થઈ ગયો ખબર જ ન પડી. મારા તો ધન્યભાગ્ય.” આમ વાતો કરતાં મણિનગર સ્ટેશન આવ્યું. મામાએ કહ્યું, “મારે અહીં સ્કૂલ સંબંધી થોડું કામ છે આપ તમારા ઘરે પહોંચો હું પાછળથી

આવું છું. હરિભક્ત કાલુપુર ઊતરી રિક્ષા કરી સીધા પોતાના ઘરે ગયા. હાથ-મોઢું ધોઈને બેઠા અને ઘરનાને મામાના ટ્રેનના સાથ વિશેની વાત કરવા જઈ જ રહ્યા હતા, એવામાં ઘરના સભ્યોએ કહ્યું, “આરામ પછી કરજો પહેલાં મામાના દર્શન કરી આવો. પછી મામા બહાર જવાનું કહેતા હતા.” હરિભક્ત કહે, “અરે! આટલા જલદી મણિનગરથી કામ પતાવી મામા આવી પણ ગયા? અને પાછા બારે જવાના છે? અત્યારે પાછા બારે જશે તો-તો બહુ જ થાકી જશે. આખા દિવસની મુસાફરીનો થાક અને આ દોડધામ તેમને ઘણો થાક લાગશે.”

ઘરના સભ્યો કહે, “મામા કોઈ મુસાફરીએથી નથી આવ્યા. સવારથી તેમના ઘરમાં જ છે. અત્યારે કામ હોવાથી થોડીવાર માટે બહાર જવાનું કહેતા હતા.” આ વાતથી હરિભક્તને ભારે અચરજ થયું કહે, “શું વાત કરો છો! મામા તો મારી સાથે મુંબઈથી જ ટ્રેનમાં હતા. બોરીવલીથી અમે બંનેએ સાથે મુસાફરી કરી અને આજે તેમણે મને ઘણો લાભ આપ્યો. મહારાજના મહિમાની ઘણી વાતો કરી. બીજી પણ ઘણી વાતો આખો દિવસ કરી અને પછી તેમને સ્કૂલ સંબંધી કામ હોવાથી મણિનગર ઊતરી ગયા અને હું સીધો ઘરે આવ્યો.” હવે અચરજ પામવાનો વારો ઘરના સભ્યોનો હતો. એકી અવાજે તેઓ બોલ્યા, “શું વાત કરો છો? મામા તો સવારથી તેમના ઘરમાં જ છે. સવારે અમે દર્શન કરવા ગયા હતા. બપોરે પણ કામ હોવાથી મળવા ગયા હતા. અને હમણાં થોડીવાર પહેલાં પણ મળવા ગયા ત્યારે તેઓએ જણાવ્યું કે કામ હોવાથી થોડીવારે તેઓ બહાર જવાના છે.”

હરિભક્ત કહે, "આમ કેમ બને? મામા તો મારી સાથે ટ્રેનમાં હતા. ચાલો આપણે મામાને જ આ વિશે પૂછીએ." સૌ મામા પાસે ગયા. હરિભક્ત મામાના ચરણસ્પર્શ કરી પૂછવા લાગ્યા, "મામા, આ કેવી રીતે બન્યું? આજે તમે સવારથી જ મારી સાથે ટ્રેનમાં હતા. આપણે આખો દિવસ મહારાજના મહિમાની વાતો કરી વિતાવ્યો અને આ લોકો કહે છે કે આપ અહીં જ છો, આપ ક્યાંય બહારગામ ગયા જ નથી. આ બધું મને કાંઈ સમજાતું નથી. મને તો ખબર છે આપ મારી સાથે જ હતા." ઘરના સૌ કહે, "અમને પણ જાણ છે મામા અહીં જ હતા." હરિભક્ત વધુ કાંઈ બોલવા જાય તે પહેલાં મામાએ ઇશારો કરી તેમને વધુ કાંઈ પણ બોલવાની ના પાડી. આથી હરિભક્ત વધુ બોલ્યા નહિ. અને દર્શન કરી બહાર નીકળી ગયા. હરિભક્ત સમજી ગયા હતા કે મામાએ આજે તેમના પર બહુ કૃપા વરસાવી હતી. તેમના પર દયા લાવી ઘણા સમયથી તેમને મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ આપવા આવી રીતે બીજું સ્વરૂપ ધારણ કરી તેમની સાથે મુસાફરી કરી હતી. આ વાત સમજાતાં હરિભક્તને હર્ષાશ્રુ આવી ગયાં. પોતાને ધન્ય માની બહારથી જ ફરીથી મામાને વંદન કરી ઘરે ગયા.

અનાદિમુક્તમાં અનંત સામર્થ્ય હોય છે. તેમના સામર્થ્યનો કોઈ પાર પામી શકતું નથી. બે સ્વરૂપે દેખાવું તે પણ તેમના સામર્થ્યની શક્તિઓમાંનું એક છે. સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીના સો સંકલ્પ સ્વરૂપો થયા હતા. મહારાજના મુક્ત પ્રસંગોપાત્ આવું કરતા હોય છે.

❋❋❋

## ૮૯

છપૈયા ધામ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય સ્થાન. એ સ્થાનના દર્શન કરીએ ત્યારે એક અજબ દિવ્યતાનો અનુભવ થાય. એમ અનુભવાય કે પૂર્ણ પુરુષોત્તમ નારાયણની દિવ્ય પાવન પગલીઓ આ સ્થાનમાં પડી છે તેની આ દિવ્યતા સાક્ષી પૂરે છે. મામા હરિભક્તો, સેવકો સાથે આ સ્થાનમાં પધાર્યા ને સ્થાનની દિવ્યતામાં ઉમેરો થયો. ત્યાં દર્શન કરી અયોધ્યા જતાં રસ્તામાં મખોડા તીર્થ આવે છે. ત્યાં મામા બધા સાથે નદીકિનારે દર્શન કરવા બેઠા હતા. એવામાં અચાનક જ તોફાન આવ્યું. ગાજ-વીજ અને વરસાદની સાથે બરફના કરા પડવા પણ શરૂ થઈ ગયા. તોફાન એકદમ ભયંકર હતું, પરંતુ મામા તો શાંત ચિત્તે ભગવાન સંભારતા આંખો બંધ કરી બેઠા હતા. સેવકે પ્રાર્થનાના સ્વરમાં મામાને કહ્યું, “મામા, આ તોફાન જલદી બંધ થાય તો સારું નહિ તો આપણી આગળની યાત્રા મુશ્કેલ બનશે.”

મામાએ સેવક સામે સૂચક દૃષ્ટિ કરતાં કહ્યું, “આ તોફાન તો હમણાં બંધ થઈ જશે તેની ચિંતા કરવાની જરાય આવશ્યકતા નથી. પરંતુ જીવનમાં તો અનેક આંતરિક-બાહ્ય તોફાનો અને વિઘ્નો આવે એવે સમયે શાંત ચિત્ત રાખી નિર્ભય થઈ ધીરજથી ભગવાનને રાજી કરવાના યત્નો કર્યા કરવા. હિંમત હારવી નહિ. તો મહારાજ રાજી થાય અને એ મુશ્કેલીના સમયમાં રક્ષા કરે.”

માામાએ વાત પૂરી કરી ને તરત જ તોફાન-વરસાદ-કરા બધું અચાનક જ બંધ થઈ ગયું અને યાત્રા આગળ વધી.

કહે છે ને કે મુક્ત કોઈ વાત કરે તેની પાછળ હાર્દ રહેલું હોય છે. તેઓ અમસ્તા જ કોઈ વાત કરતા હોતા નથી. માટે જ્યારે તેમણે કોઈ વાત કરી હોય એ વખતે કદાચ એ વાત આપણને લાગુ ન પણ પડતી હોય, છતાં તે વાતો મારા માટે જ છે અને એટલે જ તેમણે કહી છે તેમ માની વાતને જીવનમાં ઉતારી લેવી. યાદ ન રહેતી હોય તો લખી રાખવી જેથી સમય આવે વાંચી તેમાંથી માર્ગદર્શન મેળવી શકાય. સેવકના જીવનમાં પણ એવું જ થયું. મામાએ વાત કરી ત્યારે તેના જીવનમાં કોઈ તોફાન નહોતું, પરંતુ પાછળથી તેણે જીવનમાં ઘણા સંઘર્ષો-મુશ્કેલીઓ-ઝંઝાવાતોનો સામનો કરવો પડ્યો. એ વખતે તેણે મખોડા તીર્થ પર કહેલી મામાની વાણી યાદ કરી અને એ પ્રમાણે હિંમત રાખી, નિર્ભય થઈ ધીરજપૂર્વક ભગવાન સંભારી એ સંઘર્ષોનો સામનો કરી ભગવાનને રાજી કરવાનો પ્રયત્ન કર્યો.

❋❋❋

## ૯૦

એક વખત મામાને વડોદરાના એક આશ્રમમાં થોડું કામ હતું. ત્યાં આર્થિક સહાય પેટે થોડું દાન આપવું હતું અને આશ્રમમાંથી થોડાં પુસ્તકો પણ ખરીદવાના હોવાથી સેવક સાથે મોટરકારમાં નીકળ્યા, પરંતુ અમદાવાદથી નીકળવામાં જ મામાને મોડું થઈ ગયું હતું. એ પૂનમનો દિવસ હોવાથી સાથેના સેવકને એમ કે દર વખતે પૂનમે વડતાલ દર્શન કરવા જાઉં છું, તો આજે પણ વડતાલ દર્શન કરીને વડોદરા જઈશું. આવી વાત તેણે મામાને કરી, મામા કહે, "અત્યારે વડતાલ રોકાઈશું તો ત્યાં ઘણો સમય જશે. આજે ભીડ પણ ઘણી હોય અને ત્યાંના સ્વામી તમને ઠાકોર જમાડ્યા વગર જવા નહિ દે. એ બધું કરવા રોકાઈએ તો વડોદરા આશ્રમ બંધ થઈ જાય અને કામ પતે નહિ. તો આ વખતે વડતાલ ન જઈએ તો નહિ ચાલે?"

સેવક મામાના આજ્ઞાંકિત, મામાના વચનને સંપૂર્ણ વિશ્વાસ રાખી અધ્ધરથી ઝીલનારા, મામા કાંઈ કહે પછી તેમાં ક્યારેય કોઈ વિચાર કરે નહિ કે મનમાં એ વિશે સંકલ્પ થાય નહિ. મામા જેમ કહે તેમ જ કરવું તે તેમનો જીવનમંત્ર. મામાને કહે, "મામા, આપ જેમ કહો તેમ આપણે સીધા જ નીકળી જઈશું." સેવકે મામાને એમ કહ્યું, પણ મામા તેમનો દર્શન કરવાનો જે સંકલ્પ હતો તે જાણી ગયા હતા. આથી હાસ્ય રેલાવતા કહે, "જુઓ ભગવાન તો બધે જ છે ને? અત્યારે આ મોટરકારમાં પણ છે.

અત્યારે આંખો બંધ કરીએ ને તરત જ વડતાલના હરિકૃષ્ણ મહારાજના દર્શન થાય.” મામાએ આમ કહ્યું એટલે સેવકે સહજ આંખો બંધ કરી અને મામાએ સેવકના મસ્તક પર હાથ મૂક્યો. મામા બોલવા લાગ્યા, જુઓ હરિકૃષ્ણ મહારાજ કેવા રૂપાળા લાગે છે, તેમણે કેવા સુંદર વસ્ત્રો પહેર્યાં છે. ઘનશ્યામ મહારાજે આવાં વસ્ત્રો પહેર્યાં છે. ધર્મ-ભક્તિ વાસુદેવે આવાં વસ્ત્રો પહેર્યાં છે. આમ મામા જે-જે મૂર્તિનું વર્ણન કરતા જાય તે-તે મૂર્તિના સેવકને ગાડીમાં બેઠા-બેઠા દર્શન તાદૃશ્ય થતા જાય. આમ દરેક મૂર્તિનું વર્ણન મામાએ કર્યું ને સેવકને એ બધા દર્શન થયા. મંદિરમાં જઈ દર્શન કરે તેનાં કરતાં ય સેવકને આજના ગાડીમાં બેઠા કરેલાં દર્શનથી અનેકગણી વધુ માનસિક શાંતિ મળી હતી.

સેવકે ધીમેથી આંખો ખોલી એટલે મામાએ પૂછ્યું, “દર્શન થઈ ગયા ને? બસ હવે સંકલ્પ વિરામ થઈ ગયો ને?” સેવકને આવો અનુભવ પ્રથમ વખત થયો હતો. તે તો આનંદવિભોર થઈ ગયો. ગાડીમાં જ મામાને પગે લાગી કહે, “આપ બહુ સમર્થ છો. આજે મને અહીં બેઠા હરિકૃષ્ણ મહારાજના દર્શન કરાવી મારો સંકલ્પ પૂર્ણ કરી મને ધન્ય બનાવી દીધો.” મામાએ સેવકને આશીર્વાદ આપ્યા. વડોદરા કામ પતાવી તેઓ જ્યારે અમદાવાદ પાછા આવ્યા, ત્યારે જેઓ વડતાલ દર્શન કરી આવ્યા હતા તેઓએ હરિકૃષ્ણ મહારાજ વગેરે મૂર્તિઓના વાઘા-શણગારનું વર્ણન સેવક પાસે કરતાં મામાએ સેવકને કરાવેલ દર્શન મુજબનું જ હતું. આમ ખાતરી મળતાં સેવક

પોતાને ધન્ય માની આનંદવિભોર થઈ ગયો.

ઘણી વખત અમુક સંકલ્પી જીવો અનાદિમુક્ત માટે પોતાની મર્યાદિત બુદ્ધિથી સંકલ્પો કર્યા કરે છે કે તેઓ શા માટે દરરોજ મંદિરે નહિ જતા હોય? શા માટે આમ વર્તન નહિ કરતા હોય? જેમને અખંડ ભગવાનના દર્શન હોય. સદાય ધામની વ્યતિરેક મૂર્તિનું દિવ્ય સુખ અનુભવતા હોય તેમને દેહે કરીને મંદિરે જવાની ક્યાં આવશ્યકતા રહે છે? મંદિરે જવું-દર્શન કરવા એ નિયમો સાધનિક માટે છે. અને તેમની માટે તે જરૂરી પણ છે. પૂર્ણ મુક્ત પૂર્ણકામ હોવાથી કોઈ સાધન બાકી રહેતા નથી. જેને અખંડ દર્શનસુખ હોય તેમને મંદિરે જઈ દર્શનસુખ લેવાની શી આવશ્યકતા? પરંતુ તેમનું જોઈ આપણે વાદ ન લેવાય અને મુક્તને વિશે સંકલ્પો ન કરતાં કેવળ દિવ્યભાવ રાખવો એ જ આપણું કર્તવ્ય.

❋❋❋

## ૯૧

મામા જ્યારે વિદેશ પ્રવાસે ગયા હતા એ વખતે મિશીગનમાં હરિભક્તોના આગ્રહને વશ થઈ ગળાની તકલીફ બાબતે હૉસ્પિટલમાં બતાવવા ગયા હતા. તેઓ તો હંમેશાં કહેતા, “મને ગળાની કોઈ ગંભીર તકલીફ નથી. મહારાજ જેમ રાખે તેમ રાજી થકા રહેવું.” છતાં હરિભક્તોએ ઘણો આગ્રહ કર્યો. હૉસ્પિટલમાં તેમને બે-ત્રણ જાતના ટેસ્ટ કરાવવાના હતા. તેમાં એક ટેસ્ટ સ્વરતંતુની ચકાસણી બાબતનો હતો. એ ટેસ્ટ બહેન ડૉક્ટરો કરવાની હોવાથી મામાએ તે કરાવવાની ના પાડી. બહેન ડૉક્ટરોએ મામાને કહ્યું, “અમે તમારો સ્પર્શ નથી કરવાના. ફક્ત તમે જે બોલશો તે સાંભળવાના જ છીએ અને તમારા બોલાયેલા અવાજ ઉપરથી અમને તમારા સ્વરતંતુઓ વિશેની માહિતી મળશે. માટે આપ આરામથી ટેસ્ટ કરાવી શકશો, તેની આપ ના પાડશો નહિ.” ડૉક્ટરોની આવી વાત સાંભળતાં મામાને સંતોષ થયો અને તેમણે ટેસ્ટ કરાવવાની હા પાડી. ડૉક્ટરોએ કહ્યું, “આપ થોડીવાર કાંઈક બોલો.” મામા કહે, “શું બોલું?” ડૉક્ટર કહે, “તમારે જે બોલવું હોય તે બોલી શકો છો તેમાં કોઈ નિયમ નથી.” મામા કહે, “હું ભગવાન વિશે બોલું?” ડૉક્ટરે હા પાડી. આથી મામા ભગવાન અને ભગવાનની દિવ્યતા વિશે અંગ્રેજીમાં બોલ્યા. મામાને બોલવાનું હતું થોડીક જ વાર, પરંતુ તેઓ તો લગભગ ત્રીસ મિનિટ જેવું

બોલ્યા. મામા બોલતા અટક્યા નહિ અને ડૉક્ટરોએ પણ તેમને અટકાવ્યા નહિ. મામા ભગવાનની દિવ્યતા વર્ણવવામાં ગુલતાન બન્યા ને ડૉક્ટરો સાંભળવામાં મશગુલ.

ઘણી વખત મામા એમ કહેતા, “ભગવાનની વાતો કરવામાં હું એવો ગુલતાન બની જાઉં છું કે મને સમયની સતર્કતા રહેતી નથી. ભગવાનની વાત કરતાં એ સુખમાં લીન થઈ જવાથી વાતમાં લીંક પણ રહેતી નથી. મહારાજનું સુખ જ એવું છે કે એ સુખમાં તેમની વાતોમાંય ભૂલ પડી જાય છે.”

મામા ભગવાન વિશે, ભગવાનની દિવ્યતા વિશે જે બોલ્યા તેવું ત્યાંના ડૉક્ટરોએ જીવનમાં ક્યારેય સાંભળ્યું નહોતું. આથી તેઓ પણ સાંભળવામાં રત થઈ ગયા હતા. મામાએ બોલવાનું બંધ કર્યું ત્યારે જ બધા ધ્યાનભંગ થયા અને બધાને સમયનો ખ્યાલ આવ્યો કે લગભગ અર્ધો કલાક જેવો સમય વીતી ગયો છે. ડૉક્ટરોએ મામાને કહ્યું, “અત્યારે તમે જે બોલ્યા તેવું તો અમે ક્યારેય સાંભળ્યું નથી. જન્મથી અમે ક્રિશ્ચિયન છીએ. ધર્મ વિશે વાંચ્યું પણ છે, પરંતુ આવું ક્યારેય વાંચ્યું નથી કે નથી કોઈ પાસેથી સાંભળ્યું. અમારે આ વિશે વધુ જાણવું છે. આધ્યાત્મિકતા વિશે ભગવાનની દિવ્યતા વિશે, તેમના દિવ્ય સુખ વિશે વધુ જાણવાની અમને જિજ્ઞાસા થાય છે. આપ અમારે ત્યાં આવીને રહો. અમે તમારો જોગ કરી આધ્યાત્મિક જ્ઞાન મેળવીશું.” એ ડૉક્ટર બહેનોને મામા શું જવાબ આપે? મામા થોડા તેમને ત્યાં રોકાવા જવાના હતા? મામા હસ્યા બહાનું બતાવવા ખાતર બતાવ્યું. “તમે બહેનો છો હું

બહેનો સાથે નથી રહેતો. આથી તમારી સાથે હું કઈ રીતે રહું?" ત્યારે તે બહેનો કહે, "અમે બીજા ઘરમાં રહેવા ચાલી જઈશું અને તમારી પાસે જ્ઞાન સાંભળવા આવીશું." આવું સાંભળતાં મામાએ હસતાં-હસતાં બીજું કારણ દર્શાવ્યું, "તમારો અને અમારો ખોરાક તદ્દન જુદો છે. તમે જે ખોરાક ખાઓ છો તેનો અમે સ્પર્શ પણ કરતા નથી." બહેનોને તો જાણે કોઈ પણ ભોગે મામાને પોતાને ત્યાં લઈ જવા હતા. મહિમા એવી જ વસ્તુ છે. મહિમા થાય ત્યારે વ્યક્તિ ગમે તે કરવા રાજી હોય. મામાની આવી વાત સાંભળી બહેનો કહે, "અમે અમારું ઘર એકદમ સ્વચ્છ બનાવી દઈશું. ફ્રીજ પણ બદલી નાખીશું, પણ તમે અમારે ત્યાં રહેવા પધારો. આપની અનુકૂળતા પ્રમાણેની બધી જ વ્યવસ્થા અમે આપને કરી આપીશું."

ભગવાન અને ભગવાનની દિવ્યતા વિશે મામાની વાણી સાંભળી ડૉક્ટર બહેનો એટલા બધા પ્રભાવિત થયાં હતાં કે મામા માટે બધું જ કરવા તત્પર હતાં. મામાએ ત્યાં રહેવાની પોતાની અસમર્થતા દર્શાવતા બંને બહેનો નિરાશ થયાં. જવાનો સમય થયો ત્યારે સેવકોએ તેમની ફી આપવાની વાત કરી, ત્યારે તેમણે ચોખ્ખી ના પાડી દીધી અને કહે, "આ મહાન વ્યક્તિ પાસેથી અમને આજે જિંદગીમાં ન સાંભળી હોય તેવી દિવ્ય વાતો સાંભળવા મળી છે. અમારે આમની પાસેથી ફી ન લેવાય. અમે લઈ ન શકીએ. આમની પાસેથી તો આશીર્વાદ લેવાય. આટલી સેવા કરવાનો અમને લાભ આપો." બંને ડૉક્ટર બહેનો મામાની વાણીથી પ્રભાવિત થયાં હતાં અને ભગવાનની

આવી દિવ્યતા વિશે વિચારતા રહી પોતાને ધન્ય માનવા લાગ્યાં કે પોતાને આવું અદ્‌ભુત જ્ઞાન ધરાવતી વ્યક્તિના દર્શનનો લાભ મળ્યો.

મામાએ ગળા બાબત બે-ત્રણ ટેસ્ટ કરાવ્યા અને દરેક વખતે ડૉક્‌ટરો મામાની વાણીથી અને મામાના વ્યક્તિત્વથી એવા પ્રભાવિત થઈ જતા કે કોઈ ડૉક્‌ટર મામા પાસેથી કોઈપણ જાતની ફી લેતું નહિ. આમ કરી તેઓ મામાની નાની અમસ્તી પણ સેવા કર્યાનો સંતોષ મેળવતા. મામાના કહ્યા પ્રમાણે ડૉક્‌ટરોના નિદાનમાં પણ એવું જ આવ્યું કે બહુ બોલવાથી અને ગળાનો વધુ શ્રમ લેવાથી સ્વરતંતુ જાડા થઈ ગયા છે, બાકી બીજી કોઈ ગંભીર બીમારી નથી.

પૂર્ણ સ્થિતિને પામેલા મુક્તની વાણી-વર્તન સમાન હોવાથી વ્યક્તિ પ્રભાવ હેઠળ આવ્યા વગર રહે નહિ. તેમાં ય અનુભવ સિદ્ધ વાણી બોલાતી હોય એ તો વિશિષ્ટ જ હોય ને? અનુભવની વાણી તો અનુભવી સિવાય અહીંયા પણ કોઈએ ન સાંભળી હોય તો પશ્ચિમના ડૉક્‌ટરોએ તો ક્યાંથી સાંભળી હોય! વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ જ્ઞાનમાં આટલો ફેર!

❋❋❋

# ૯૨

આ લોકમાં એક રીત છે કે કોઈ સારો પ્રસંગ હોય કે સારો દિવસ હોય ત્યારે આપણી પ્રિય વ્યક્તિને ગમતી ભેટ આપી ખુશી વ્યક્ત કરીએ છીએ. આપણે સૌ આ લોકની ભૌતિક વસ્તુ આપી ખુશ થઈએ છીએ ને સામાવાળાને ખુશ કરવા પ્રયત્ન કરીએ છીએ. આપણે બીજું કાંઈ આપવા સમર્થ પણ નથી. જેની પાસે જે હોય તે આપે. તેમ અનાદિમુક્ત રાજી થાય ત્યારે મોજ કરાવી દે. તેમની પાસે જે હોય તે હરિભક્તોને આપે. તેમની પાસે મહારાજની મૂર્તિનું સુખ હોય તેથી રાજી થાય ત્યારે આશીર્વાદરૂપે એ સૌને આપી રાજી કરે.

બળદિયા છત્રી સ્થાનમાં સમૈયો હોવાથી હરિભક્તો ઘણા આવ્યા હતા. બળદિયા બાપાશ્રીનું સ્થાન હોવાથી મામાને એ સ્થાન પ્રત્યે વિશેષ લગાવ. ત્યાં હોય ત્યારે મામા ઘણો રાજીપો જણાવતા. એવા જ એક સમયે મામા સેવકો અને હરિભક્તો સાથે જ્ઞાન વાર્તા કરતા હતા, ત્યારે બધાએ કહ્યું, “મામા, જે રીતે બાપાશ્રી સમૈયામાં આવનારને શરપાવ આપતા તેમ આપ પણ અમને આપોને.” મામા તે દિવસે રાજી હતા કહે, “ચાલો ત્યારે બધાને શરપાવ આપીએ. બધા અહીં નજીક આવો. આ મેં એક હાથ લાંબો કર્યો છે. તેની ઉપરા-ઉપરી બધા પોતાનો એક-એક હાથ મૂકો.” બધાએ મામાના હાથની ઉપર એકબીજા ઉપર હાથ મૂક્યા. છેલ્લે મામાએ પોતાનો બીજો

હાથ મૂક્યો. આમ ઉપર-નીચે મામાના હાથ અને વચ્ચે સેવકો અને હરિભક્તોના હાથની થપ્પી. એમ થતાં મામાએ આંખો બંધ કરી સંકલ્પ કર્યો અને બધાને છેલ્લા જન્મના આશીર્વાદ આપી ન્યાલ કરી દીધા. આ આશીર્વાદનો જેને લાભ મળ્યો તે સૌ ઘણા રાજી થયા. મામાને કહે, “આપે તો ખરેખર અમને બધાને શરપાવ આપ્યો. આવો શરપાવ બીજેથી ન મળે. આવો શરપાવ મળ્યા પછી હવે કાંઈ મેળવવું બાકી રહેતું નથી. આજે તો આપે અમને ન્યાલ કરી દીધા.”

મોટા પાસે તો મહારાજની મૂર્તિ હોય એટલે રાજી થાય ત્યારે મૂર્તિ મળે તેવા આશીર્વાદ આપે. છેલ્લા જન્મના આશીર્વાદ એટલે આને આ જન્મે જ ભગવાનની મૂર્તિનું સુખ કેવડી મોટી વાત! મામા જેવા અનાદિમુક્તનું જ આ કામ!

❋❋❋

## ૯૩

ભગવાનને પામવા માટેના સાધનો ઘણા-ઘણા છે. જુદા-જુદા સંપ્રદાયોમાં જુદાં-જુદાં સાધનો વર્ણવેલા છે. જે મુમુક્ષુઓને પરબ્રહ્મ પરમાત્માના દર્શન કરવા છે, તેઓ આ બધા રસ્તામાંથી પોતાને જે રસ્તો સાચો અને સારો લાગે તે રસ્તો પસંદ કરી આગળ વધવા પોતાનાથી બનતા પ્રયત્નો કરે છે. શાસ્ત્રો વાંચીને એ રસ્તે ચાલનારા મુમુક્ષુઓ અમુક અંશે એ પથ પર આગળ વધે પણ છે, પરંતુ વર્ષોના વર્ષો સાધના કર્યા છતાં કોઈ પ્રાપ્તિ ન થાય ત્યારે હતાશ થઈ જાય છે. તેમનું મન અનેક પ્રશ્નોથી ઘેરાઈ જાય છે. એ પ્રશ્નોના જવાબ ન મળતાં મૂંઝવણનો અનુભવ કરે છે.

એવા મુમુક્ષુઓને આવા સમયે કોઈ રાહ નજરે ન આવતાં મન પ્રશ્ન પૂછે છે કે શું શાસ્ત્રો ખોટા છે? જો સાચા છે તો હું એ માર્ગે ચાલ્યો છતાં મને કેમ કોઈ પ્રાપ્તિ ન થઈ? હું ક્યાં અટક્યો? શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે તો મારી કોઈ ભૂલ દેખાતી નથી. તો પછી પ્રગતિમાં અવરોધ ક્યાં? અને શા માટે? પ્રશ્નોના જવાબ ન મળતાં સાધક સાધના છોડી દઈ મનમાં ખોટા ખ્યાલોને સ્થાન આપી ભટક્યા કરે છે. આવે સમયે જ તેને એક અનુભવીની જરૂર પડે છે કે જે આ પથ પર નડતી બધી જ મુશ્કેલીને જાણી લઈ તેનું સાચું નિરાકરણ આપવા સમર્થ હોય. અનુભવી સિવાય એ પથ પર અટકી પડેલા સાધકને કોઈ સહાય કરી શકે તેમ નથી હોતું. એ જ માર્ગ

બતાવવા સમર્થ છે, એ જ ભૂલ કહી તેને સુધારવાના સૂચનો કરવા સમર્થ છે અને એ જ પોતાના આશીર્વાદ દ્વારા સાધકને સુખની પ્રાપ્તિ કરાવવા પણ સમર્થ છે. એટલે જ શાસ્ત્રોમાં સમર્થ ગુરુનું મહત્ત્વ આટલું વિશેષપણે આંકવામાં આવ્યું છે. પૂર્ણ મુક્તદશાને પામેલા ગુરુની સાધના પથ પર આવશ્યકતા રહે છે.

હિમાલયના ઋષિકેશ તીર્થમાંથી એક સ્વામીજી અમદાવાદ આવ્યા હતા. અમદાવાદમાં પુસ્તક વિતરકને ત્યાં જઈ જુદા-જુદા સંપ્રદાયોના પુસ્તકો ફેંદ્યાં કરે. દરરોજ આવે કેટલાય પુસ્તકો જુએ, પરંતુ ખરીદ્યાં વગર ચાલ્યા જાય. એક દિવસ વિતરકે સ્વામીજીને પૂછ્યું, "તમારે કયું પુસ્તક જોઈએ છીએ? મને કહો તો હું કાઢી આપું અને મારી પાસે નહિ હોય તો હું મંગાવી આપીશ." સ્વામીજી કહે, "ખરેખર તો મને પણ નથી ખબર કે મારે કયું પુસ્તક જોઈએ છીએ. મારી મૂંઝવણનો ઉકેલ કોઈ પુસ્તકમાં હોય એવું પુસ્તક મારે જોઈએ છીએ." વિતરક કહે, "તમે ધાર્મિક પુસ્તકો જુઓ છો એટલે તમારી મૂંઝવણ ધર્મને લગતી લાગે છે." સ્વામીજી કહે, "તમારી વાત સત્ય છે, પણ તમે એ નહિ સમજી શકો. આધ્યાત્મિકતાની ઉચ્ચ કક્ષાને પામેલા જ આ વિશે જાણે. આથી હું જોઉં છું કે ઉચ્ચ કક્ષાએ પહોંચેલાઓએ જે પુસ્તકો લખ્યા છે તેમાં ક્યાંય મારી સમસ્યાનું સમાધાન છે? પરંતુ હજી મને ખાસ કાંઈ સાંપડ્યું નથી આથી હું પુસ્તક ખરીદ્યાં વગર પાછો જાઉં છું."

મામા અવાર-નવાર પુસ્તકો લેવા આ વિતરકને ત્યાં

જતા હોવાથી વિતરક મામાને સારી રીતે ઓળખે. આથી વિતરકે સ્વામીજીને કહ્યું, "હું એક વ્યક્તિને ઓળખું છું તેઓ બહુ સમર્થ છે. તેઓ તમારી સમસ્યાનું સમાધાન આપી શકશે." વિતરક પાસેથી મામાનું નામ સાંભળી સ્વામીજી એક આશા સાથે મામાને મળવા આવ્યા. રૂમમાં પ્રવેશતાં જ મનમાં અનેરી શાંતિનો તેમને અનુભવ થયો. મામાએ આવકાર આપી તેમને બેસાર્યા. સ્વામીજી કહે, "મને સાંભળવા મળ્યું કે આપ આધ્યાત્મિકતાની ઉચ્ચ કક્ષાને પામેલા છો. આથી મારી મૂંઝવણનું આપની પાસેથી યોગ્ય માર્ગદર્શન મળી રહેશે એવી આશા સાથે હું આપને મળવા આવ્યો છું. હું મારો પરિચય આપું. હિમાલયના ઋષિકેશ સ્થાનમાંથી હું આવું છું. ત્યાં રહી મેં વર્ષો સુધી યોગ સાધના કરી છે. આસનો-પ્રાણાયામ મને સિદ્ધ છે. આટલી સાધના કરવા છતાં કોઈ જાતની માનસિક શાંતિ જણાતી નથી કે અત્યાર સુધી કોઈ પ્રાપ્તિ થઈ નથી. પૂર્ણતાનો આત્મસંતોષ થતો નથી એટલે બ્રહ્મ-પરબ્રહ્મ વિશે આપની પાસે માર્ગદર્શન લેવા આવ્યો છું. આટલા વર્ષોની સાધના પછી કોઈ પ્રાપ્તિ ન થતાં એમ લાગવા માંડ્યું છે કે શાસ્ત્રો ખોટા છે કે શું? મન મૂંઝાયા કરે છે. આટલી સાધના છતાં કોઈ જ પ્રાપ્તિ નહિ? એક માનસિક શાંતિનો પણ અનુભવ નહિ? પરબ્રહ્મ સાથે એકતાની અનુભૂતિ નહિ? મેં જેટલી સાધના કરી છે એટલી ભાગ્યે કોઈ કરી શકે. હું આપની પાસે એક આશા સાથે આવ્યો છું. જો આપ એ માર્ગે આગળ વધ્યા છો, તો મને ચોક્કસ માર્ગદર્શન મળી રહેશે. આટલી સાધના કર્યા છતાં હું ક્યાં

અટક્યો? સાધનામાં ક્યાં કચાશ રહી? શાસ્ત્રોમાં લખ્યા પ્રમાણે મેં બધું જ કર્યું છે.” આમ વર્ષોની સાધના અને કોઈ પ્રાપ્તિ નહિની વેદના અને છૂપો આક્રોશ સ્વામીજી વ્યક્ત કર્યા વગર રહી ન શક્યા.

સ્વામીજીની વાત શાંતિથી સાંભળ્યા પછી મામાએ તેમને કહ્યું, “શાસ્ત્રોમાં લખ્યા પ્રમાણેની તમારી સાધના છે. સાધના માટેનો પુરુષાર્થ પણ તમારો છે. આ પથ પર જે અતિ આવશ્યક છે જે તમે કર્યો છે. તે તમારી વાત સાચી છે, પરંતુ એ સાધનામાં કર્તાપણાનો ભાવ રહેલો છે. મેં સાધના કરી, મેં ઘણો પુરુષાર્થ કર્યો, મારા જેવું કોઈથી ન થાય. આ સૂક્ષ્મ અહંકાર દર્શાવે છે. એ સૂક્ષ્મ અહંકાર દેહભાવ ભૂલવા ન દે. સારું-ખરાબ, માન-અપમાન, ઠંડી-ગરમીની અસર હજી થાય છે જે દેહભાવ નથી ગયાની સાક્ષી પૂરે છે. ભગવાનને પામવા સંપૂર્ણ શરણાગતિના ભાવ સાથે પોતાના ઇષ્ટ ધ્યેય સ્વરૂપ સાથે તાદાત્મ્ય ભાવે એકરૂપ થવાનો અભ્યાસ કરવો જોઈએ. સંપૂર્ણ શરણાગતિનો ભાવ લાવવા સાકાર સ્વરૂપની ઉપાસના શ્રેષ્ઠ છે. તમે જેની ઉપાસના કરો તે સ્વરૂપ સૌથી શ્રેષ્ઠ છે. તેના જેવું બીજું કોઈ સ્વરૂપ નથી તેમ સમજી તે સ્વરૂપ સાથે જોડાઓ. અને જે કાંઈ સાધન કરો છો તે કેવળ તેમની પ્રસન્નતા માટે તેઓ કરાવે છે ત્યારે થાય છે તેવા ભાવ સાથે કરો. ત્યારે એ સૂક્ષ્મ અહંકાર જશે. પછી તમે જે પામવા પ્રયત્ન કરો છો તે પ્રાપ્ત થશે.” સ્વામીજીએ મામાને પૂછ્યું, “આપને એ પરબ્રહ્મના દર્શન છે?” મામા કહે, “મને તો એ પરબ્રહ્મના નિરાકાર તેજ

તેમ જ તેમના સાકાર સ્વરૂપ બંનેની અનુભૂતિ અખંડ છે અને હું તે સુખનો અખંડ અનુભવ કરી રહ્યો છું." આવું સાંભળતાં સ્વામીજી મામાના પગમાં પડ્યા અને કહે, "આપ મને આશીર્વાદ આપો જેથી મારી સાધના આગળ વધે. તમે સમર્થ છો, અનુભવી છો હું આપનો આભારી છું. મને આપને મળવાનો અવસર મળ્યો અને મારી ત્રુટિ ઓળખાઈ. આપ મને આશીર્વાદ આપો." મામાએ આશીર્વાદ આપ્યા. માર્ગ ભૂલેલા પથીકને મામાએ સાચી રાહ દર્શાવી હતી.

આધ્યાત્મિક પથ પર જઈ આવેલા ભોમિયા જ ભૂલેલા પથીકને સાચી રાહ દર્શાવી આગળ ધપવાનો માર્ગ ચીંધી શકે છે.

❋❋❋

## ૯૪

પૃથ્વી પર આવેલા જીવને સંસાર વ્યવહારમાં રહેલો હોવાથી જીવનમાં સુખ-દુઃખ આવ્યા કરે એનું નામ જ જીવન. તેમાંય સુખમાં છકી ન જઈ અને દુઃખમાં વિહ્‌વળ થયા વગર ધીરજપૂર્વક કપરા સમયનો સામનો કરી, પ્રભુભજન કરી હિંમત હારે નહિ તે ખરો વ્યવહારુ કહેવાય. જીવનમાં આવનારી મોટાભાગની મૂંઝવણનો માનવી સામનો કરી લે છે, પરંતુ આર્થિક સંકળામણની પરિસ્થિતિ માનવીને ધીરજ ખોઈ બેસવા મજબૂર કરે છે. તેવી પરિસ્થિતિમાં તે વિહ્‌વળ થઈ ઊઠી આર્થિક કટોકટી દૂર કરવા દિવસ-રાત મથામણ કરી તેને દૂર કરી આર્થિક સદ્ધરતા મેળવવા પ્રયત્ન કર્યા કરે છે. સમાજમાં આર્થિક સદ્ધરતાની અગત્ય ઘણી છે. આર્થિક સદ્ધરતા ધરાવનારનો જ આદર-સત્કાર થાય તેમ જ માન-પાન તેને જ મળે. બાકી બૌદ્ધિક કે આધ્યાત્મિક સદ્ધરતાવાળાને બહુ ઓછા ઓળખે અને બહુ ઓછાના હૃદયમાં તેમના પ્રત્યે ભાવ હોય. આ બંનેની સાથે થોડીક આર્થિક સદ્ધરતા હોય તો વાત જુદી બને છે. પૂર્ણ સ્થિતિને પામેલા મુક્ત આમાં અપવાદ છે. બાકી બીજાને તો આર્થિક સંકળામણ મૂંઝવણ ઊભી કરે જ છે.

મામાના એક સેવકને આ જ જીવનમાં ભગવાન મેળવવા તે એક લક્ષ. પુરુષ પ્રયત્ન પૂરતા કરી લઈ મોટાનો રાજીપો મેળવી મહારાજના દિવ્ય સુખની પ્રાપ્તિ

કરવી તે એક જ તાન. કહેવાય છે ને કે જીવ જ્યારે એ પથ પર ડગ માંડે, ત્યારે ભગવાન ભક્તની કસોટી કરે છે. તે એટલા માટે કે ભક્ત પૂર્ણ રીતે પરિપક્વ થાય. કસોટીમાંથી પસાર થતા તે વધુ પાત્ર બને છે. જીવને વધુ ને વધુ મોટા પાત્ર બનાવવા પ્રભુ કસોટી કરતા હોય છે. સેવકને ઘરમાં તેમના પિતા એક જ કમાનારા હતા. જે એકાએક ધામમાં પધાર્યા. સેવકને નોકરી તો મળી ગઈ, પરંતુ સાવ સીમિત આવકની. એટલી આવકમાંથી ઘર વ્યવહાર ચલાવવો ઘણો મુશ્કેલ હતો. આવક કરતાં ખર્ચ વધારે હતો. કેમેય બે છેડા ભેગા ન થાય.

આમ થતાં સેવક મૂંઝવણમાં મુકાયો થોડો સમય તો સંકળામણમાં ભગવાન સંભારી કાઢ્યો, પરંતુ આર્થિક સંકળામણ દૂર થવાના કોઈ આસાર ન દેખાતાં સેવકે મામા પાસે આવી મામાને વિગતે વાત કરી. વાત કરતાં સેવક ગળગળો થઈ ગયો. તેને વિચારો આવવા લાગ્યા. મામા પાસે આ હું શું માંગી રહ્યો છું? મામા તો મૂર્તિનું સુખ દેવા સમર્થ છે અને એ આપવા તેઓ પૃથ્વી પર પધાર્યા છે અને હું તેમની પાસે આ લોકની ક્ષુલ્લક વસ્તુ માંગી રહ્યો છું! પરંતુ અત્યારે હું લાચાર છું. મામા સિવાય મારે બીજો કોઈ આધાર રહ્યો નથી ને બીજા કોઈમાં મને વિશ્વાસ પણ નથી. સેવક મામાનો મહિમા ખૂબ જાણે અને તેમના વચનમાં અતૂટ શ્રદ્ધા રાખે તેથી જ મૂંઝવણનો માર્ગ મામા પાસે શોધવા આવ્યો હતો. મામાએ સેવકની વાત જાણી કહ્યું, "તારે આર્થિક મુશ્કેલી ઘણી છે. આટલી ઓછી આવકમાં વ્યવહાર ચલાવવો મુશ્કેલ તો પડે જ." આમ

કહી મામાએ સેવકને સીધો જ સવાલ પૂછ્યો, "તારે કરોડપતિ બનવું છે? બોલ? એક સંકલ્પ માત્રમાં તારું બધું એવું ગોઠવાતું જાય કે તું થોડા વખતમાં જ કરોડપતિ થઈ જાય." આવો સીધો અને લલચામણો સવાલ સાંભળતાં સેવક અવાચક થઈ ગયો. જરા વાર તો આનંદમાં આવી ગયો વિચારવા લાગ્યો, મામા જ મારું દુઃખ ભાંગશે તેવી મારી શ્રદ્ધા સાચી જ હતી. મામાથી શું ન થાય? તેઓ તો પૂર્ણ મુક્ત છે. ધારે તેમ કરી શકે. સંકલ્પમાત્રમાં બધું જ થાય. મને કરોડપતિ બનાવવાનું કહે જ છે ને!

સેવક વિચારોમાં ખોવાયેલો હતો ને મામાએ પાછું પૂછ્યું, "શું વિચારમાં પડ્યો છે? બોલ કરોડપતિ બનવું છે?" આર્થિક સંકળામણમાં સીધી જ કરોડપતિ બનવાની વાત! આ તો એવી વાત થઈ કે પંદર દિવસથી ખાવાનું જોયું ન હોય ને કોઈ છપ્પન ભોગ ખવડાવવાની વાત કરે. એવે વખતે કોઈ કઈ રીતે ના પાડી શકે! જરાવાર માટે તો સેવક રાજી થઈ ગયો, પરંતુ આને આ જન્મે જ મહારાજની મૂર્તિ મેળવવાનું સેવકનું લક્ષ હતું. એ લક્ષ તેના જીવમાં એવું ચોંટી ગયું હતું કે એ વાત તે ક્યારેય વિસરી શકે તેમ નહોતું. આથી મામાના આવા લલચામણા પ્રસ્તાવનો જવાબ આપતાં પહેલાં તેણે મામાને પૂછ્યું, "તમે મને કરોડપતિ બનાવો તો ખરા તેમાં શંકાને કોઈ સ્થાન નથી, પરંતુ આધ્યાત્મિક માર્ગે એ મને નડતરરૂપ તો નહિ થાય ને? આને આ જન્મે મને મૂર્તિનું સુખ તો મળશેને?" અનાદિમુક્ત તો બધું જ જાણે. તેમનાથી કાંઈ અજાણ્યું ન હોય. પૂર્વેનું, અત્યારનું અને હવે પછીનું બધું જ તેમને

હસ્તામળ. સેવકના પ્રશ્નના જવાબમાં મામાએ કહ્યું, "આ જન્મે કરોડપતિ થાય પછી બીજા ત્રણ જન્મ ધરવા પડે. મહારાજનું સુખ મેળવવામાં એટલો વિલંબ થઈ જાય. બીજા ત્રણ જન્મ પછી મેળ પડે." આવું સાંભળતાં પોતાના એક માત્ર લક્ષ્યથી પોતે દૂર થઈ જવાની લાગણી તેને થઈ આવી. તેમ થતાં તે એકદમ ગભરાઈ ગયો. પોતાના લક્ષ્ય માટે કોઈ બાંધ-છોડ કરવા પોતે તૈયાર નહોતો. તેના માટે તેમ કરવું શક્ય નહોતું. એ લક્ષ્ય બાબત સમાધાનના સંકલ્પ પણ તે કરી શકે તેમ ન હતું. મામાના મુખે ત્રણ જન્મ અને ત્યાર બાદ મૂર્તિ મળે તેવી વાત સાંભળતાં મામાના સૂચન પ્રત્યે વિચારવાનો પ્રશ્ન અસ્થાને હતો. તેણે તરત મામાને પ્રત્યુત્તર આપ્યો, "એવું હોય તો મારે કરોડપતિ નથી બનવું. મહારાજ જેમ રાખે તેમ રહીશ. ભગવાન અમને ભૂખ્યા નહિ સૂવાડે તેની ખાતરી છે."

સેવકના મુખે આવું સાંભળતાં મામા ઘણા રાજી થયા. સેવકને કહે, "તું ખરેખર સાચો મુમુક્ષુ છે. ભગવાન મેળવવા આવી જ પાત્રતા જોઈએ. પ્રભુજીને પામવાના માર્ગે કોઈ પ્રલોભનો અવરોધ કરી શકે નહિ તે જ ખરો ભાવ છે. વધુ પૈસા મેળવીને શું કરવાનું? આ લોકની ક્ષણભંગુર વસ્તુ મેળવવી અને આ લોકમાં થોડી વાહ-વાહ મેળવવી તેથી વિશેષ કાંઈ નહિ. ભગવાનના માર્ગે ચાલવામાં પૈસાની ક્યાં આવશ્યકતા છે? ગમે તેવા સંજોગોમાં પણ તેમનું ભજન-સ્મરણ તો સુખે કરી જ શકાય ને? એમને સંભારવામાં આર્થિક સદ્ધરતાની ક્યાં જરૂરિયાત છે? ભગવાન પાસે આર્થિક સમૃદ્ધિ કે રંકપણું

જેવા માપદંડ નથી. એ બધા આ લોક વ્યવહારમાં છે. ત્યાં તો ખરો પાત્ર જીવ જ પહોંચે છે. તારે સંકળામણ ઘણી છે તે વાત સાચી છે. ભગવાન તારા ઘરનો વ્યવહાર ચાલી રહે તેટલા પૈસા તને આપશે. તેમાં રાજી રહી ભગવાન ભજવા. જેને એ પંથે આગળ વધવું છે તેને એથી વિશેષ પૈસાની આવશ્યકતા પણ ક્યાં છે? હું ભગવાનને પ્રાર્થના કરીશ તારા ઘરનો વ્યવહાર ચાલી રહે તેટલી તારી આવક કરી આપે. તારે સુખે ભગવાન ભજવા. તેં જે માર્ગ પસંદ કર્યો છે તેમાં પુરુષપ્રયત્ન પૂરતા કરી સાધનામાં આગળ વધ્યા કરવું, તો મહારાજ બહુ રાજી થાય ને વધુ ને વધુ પાત્ર કરતા જાય.” મામાના આવા વચનો સાંભળી સેવક રાજી થયો તેને પરિસ્થિતિનો સામનો કરવાની હિંમત આવી અને પોતાના લક્ષ્યની વધુ દૃઢતા થઈ. તેની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયાં. મામાને કહે, “મામા, આજે તમે મને લાલચમાં ફસાતો બચાવી લીધો. મને યોગ્ય જવાબ આપવાની પ્રેરણા આપી. ઘરની પરિસ્થિતિનો વિચાર આવતાં થોડીવાર હું વિચારમાં પડી ગયો હતો. આપના આશીર્વાદથી વ્યવહાર ચાલી રહે તેટલી આવક હોય તો કોઈ વાંધો નથી. આપ મને આશીર્વાદ આપો જેથી મેં નક્કી કરેલા પથ પર ચાલવામાં આવા લોભ-લાલચ કે બીજા કોઈ પ્રલોભનોમાં હું આકર્ષાઈ ન જાઉં. અને એ પથ પર આગળ વધી મહારાજનું સુખ મેળવવા ખરો પાત્ર બનું.” મામાએ રાજી થઈ સેવકને આશીર્વાદ આપ્યા.

અનાદિમુક્ત સંકલ્પમાત્રમાં ધારે તે કરી નાખે એવા સમર્થ છે, પરંતુ સાથે-સાથે પાત્ર જીવને સાચવી પણ લે.

જેણે પ્રભુ મેળવવા સાધના શરૂ કરી હોય તેની સાધનામાં કોઈ વિઘ્નો નડે નહિ તેની તકેદારી પોતે રાખે છે. આ જ તો તેમની દયા છે, કૃપા છે. હાથ ઝાલ્યો મૂકતા નથી.

❋❋❋

## ૯૫

પોતાના વતનથી દૂર વિદેશમાં જે સત્સંગી હરિભક્તો રહેતા હોય તેઓને મનમાં હંમેશાં એમ રહ્યા કરે કે દૂર પરદેશમાં છીએ તો રખે સત્સંગ ઘસાઈ જાય. માટે તેઓ એ બાબત વધુ સતર્ક હોય. ઘણા કુટુંબમાં તો અહીંના હરિભક્તો કરતાંય વિશેષ ધર્મનિયમ પાળતા જોવા મળે. તેઓને જ્યારે પણ સત્સંગ સમાગમનો લાભ મળે તે લેવાનું તેઓ ચૂકે નહિ. એવા સમયે પોતે સમાગમ કરે અને બાળકોમાં ધાર્મિક સંસ્કાર પડે તે હેતુથી તેઓને પણ તેમાં સહભાગી બનાવે.

એવા જ કોઈ એક સમયે ટોરેન્ટોમાં સત્સંગની પ્રસિદ્ધ સંસ્થા તરફથી શિબિરનું આયોજન થયું હતું. એ વખતે મામા વિદેશ પ્રવાસે હતા. સંસ્થાના સંતો મામાને સારી રીતે ઓળખે. મામાની સ્થિતિથી તેઓ વાકેફ આથી સંતોએ મામાને શિબિરમાં આવવાનું નિમંત્રણ આપ્યું. જેથી હરિભક્તોને લાભ થાય, ભગવાનનો મહિમા બરાબર સમજાય. મામા ત્યાં પધાર્યા. ત્યાંના અગ્રગણ્ય હરિભક્તોએ મામા પ્રત્યે બહુ ધ્યાન આપ્યું નહિ. સમાજમાં ગૃહસ્થ હરિભક્ત પ્રત્યે જાણે નહિ ત્યાં સુધી લોકોને બહુ ભાવ બેસે નહિ. તેમાંય મામાની પ્રકૃતિ એકદમ શાંત. જરાય બાહ્યાડંબર નહિ. આથી આયોજકો પોતાના કાર્યમાં રત રહ્યા, પરંતુ બીજે દિવસે વહેલી સવારે મામા નિત્ય વિધિથી પરવારી પૂજા કરવા બેઠા હતા એ વખતે

અગ્રગણ્ય હરિભક્ત મામાની રૂમ પાસેથી પસાર થયા અને સહજ તેમની નજર રૂમમાં ગઈ. તેમણે જે જોયું તે જોતાં તેમના આશ્ચર્યની કોઈ સીમા ન રહી. જીવનમાં ક્યારેય આવું દૃશ્ય તેમણે જોયું નહોતું. મામાની રૂમમાં તેજ-તેજ તેમને દેખાયું. મામાની પૂજાની મૂર્તિમાંથી ને મામામાંથી તેજ નીકળતું હરિભક્તના જોવામાં આવ્યું. થોડીવાર સુધી એમ ને એમ ઊભા રહી દર્શન કરતા રહ્યા. એ સમયે મામાની રૂમમાં જવું તેમને યોગ્ય ન લાગ્યું. તેઓ સંસ્થાના સંતો પાસે ગયા ને રૂમમાંથી નીકળતા તેજ વિશે સંતોને વાત કરી. ત્યારે એક સંતે મામાની સ્થિતિ વિશે, મામાના સામર્થ્ય વિશે હરિભક્તને સમજાવ્યું અને કહ્યું, "તેઓ ખરા સંત મૂર્તિ છે. તેમનો જોગ-સમાગમ કરવા જેવા છે. માટે જ અમે તેમને અહીં આવવા નિમંત્રણ આપ્યું છે. તેઓ બહુ મોટા, મહાન અને સમર્થ છે." આવું સાંભળતાં હરિભક્તને મામા પ્રત્યે ખૂબ આદરભાવ સહિત મહિમા થયો. તેઓ તરત મામા પાસે આવ્યા. પગે લાગી પોતાને ત્યાં પધરામણી કરવા વિનંતી કરી અને પોતાને ઘરે ઠાકોર જમાડવા આગ્રહ કર્યો. મામાએ તેમની વિનંતીનો સ્વીકાર કર્યો. તેમને ઘરે જઈ મામાએ મહારાજના મહિમાની થોડી વાતો કરી આથી તેઓ ઘણા રાજી થયા. મામાને પગે લાગી આશીર્વાદ આપવા કહ્યું. મામાએ રાજી થઈ તેમને આશીર્વાદ આપ્યા.

❊❊❊

## ૯૬

ગુરુપૂર્ણિમાનો દિવસ હોવાથી હેતવાળા હરિભક્તો મામા પાસે આશીર્વાદ લેવા આવતા હતા. મોટા ભાગના આ લોકની વસ્તુઓ જ માંગતા હતા. આવું આખો દિવસ ચાલ્યું. રાત્રે બધા સેવકો મામા પાસે બેઠા હતા. ત્યારે હરિભક્તોની અવર-જવર હતી નહિ. મામાએ જાણે સેવકો પાસે પોતાની વ્યથા ઠાલવી. "અમને ભગવાને જીવોના કલ્યાણ કરવા, મૂર્તિ આપવા મોકલ્યા છે, પરંતુ કોઈ એ માંગતું નથી અને આ લોકની ક્ષણિક સુખ આપતી વસ્તુઓ માંગ્યા કરે છે. જે દિવ્ય છે, અલૌકિક છે, અખંડ છે તે કોઈ માંગતું નથી. આ લોકનું માંગે તે આપવાનો એવો તો કંટાળો આવે છે. કોઈ આવીને એમ પૂછતું નથી કે મારે મૂર્તિ મેળવવા શું કરવું? કઈ રીતે મૂર્તિ મળે? કેવા સાધનો કરવાં? એ મૂર્તિનું સુખ આવે અને સાધના સફળ થાય તેવા આશીર્વાદ આપો. આખા દિવસમાં એવું કહેનારું કોઈ નહોતું. કોઈ સાધના કરતું હોય તો મૂંઝવણ થાય, પ્રશ્નો ઊભા થાય, એ પ્રશ્નોનું સમાધાન જોઈએ. આ લોકના વ્યવહારમાં બધા એવા ખૂંપી ગયા છે કે ધ્યાન કેમ કરવું તે જાણવાનો તે જાણ્યા પછી થોડો સમય તેનો અભ્યાસ કરવાનો કોઈ પાસે સમય જ નથી."

સેવકોમાંથી એક સેવકે હાથ જોડી કહ્યું, "ગુરુદેવ, આજે અમને આપ એ વિશે જ્ઞાન આપો." બીજો સેવક કહે, "આજે મામા બહુ થાકી ગયા હશે આખો દિવસ બહુ

શ્રમ લીધો છે. તેમને આરામ કરવા દઈએ. ફરી ક્યારેક મામા પાસેથી એ વિશે જ્ઞાન મેળવીશું.” મામા કહે, “આવી વાતો કરવા જ તો ભગવાને મને મોકલ્યો છે. આ વાત તો મારે જરૂર કરવી છે. આવી વાતોથી તો ઊલટો થાક ઊતરી જાય. આજે હું તમને મહારાજની મૂર્તિનું ધ્યાન કઈ રીતે કરવું એ વિશે ટૂંકમાં સમજાવીશ. સૌ પ્રથમ તો આપણને ગમતું મહારાજનું કોઈ પણ સ્વરૂપ હરિકૃષ્ણ મહારાજ, ઘનશ્યામ મહારાજ ગમે તે દ્વિચક્ષુવાળું સ્વરૂપ લેવું. તે સ્વરૂપમાં સાક્ષાત્ શ્રીજીમહારાજ બિરાજે છે તેવો ભાવ લાવવો. પ્રતિમા સ્વરૂપનો ભાવ કાઢી નાખવો. ત્યાર બાદ શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્તને પ્રાર્થના કરવી કે મારી સાધનામાં ભેળા ભળી મારી સાધના સફળ કરજો. પ્રાર્થના ગદ્ગદ કંઠે ભાવે સહિત કરવી.

ત્યાર બાદ સમગ્ર સ્વરૂપને ધ્યાનથી નિરખવાનો પ્રયત્ન કરવો. ખુલ્લી આંખે જેટલું સ્પષ્ટ એ સ્વરૂપ દેખાય છે, તેટલું જ સ્પષ્ટ બંધ આંખે અંતરમાં નખ-શિખ દેખાય ત્યાં સુધી નિરખવાનો અભ્યાસ કર્યા કરવો. તે માટે સમગ્ર સ્વરૂપ ન નિરખતાં ભગવાનના એક-એક અંગ નિરખવાં. કપાળ, નેણ, આંખ, પાંપણ, કીકી આમ ઝીણી-ઝીણી બાબતો બરાબર નિરખી પૂરતો અભ્યાસ કરવો. આમ કરતાં જ્યારે સમગ્ર સ્વરૂપ બંધ આંખે સ્પષ્ટ દેખાય, ત્યારે એ સ્વરૂપને પલટાવીને, પોતાનો દેહભાવ ભૂલી, દેહની જગ્યાએ મહારાજનું સ્વરૂપ ધારવું. મારા હાથની જગ્યાએ મહારાજના હાથ છે, ચરણની જગ્યાએ મહારાજના ચરણ છે, મસ્તકની જગ્યાએ ભગવાનનું મસ્તક છે. આમ

દેહભાવ ભૂલી જઈ પ્રભુરૂપ થઈ જવું. આ અભ્યાસ કર્યા કરવો. એ અભ્યાસ દૃઢ થયા પછી દરેક ક્રિયા એ રૂપ થઈ કરવી. જેથી ક્રિયા પણ ધ્યાનરૂપ થઈ જાય. ભગવાનની માનસીપૂજા પણ પ્રતિલોમપણે કરવી. રાત્રે સૂતી વખતે મૂર્તિરૂપ થઈ સૂવાથી નિદ્રા પણ યોગનિદ્રા બને છે. આ અભ્યાસની સાથે-સાથે મોટા પાસેથી જીવન-જીવવાનો સૂક્ષ્મ અર્થ, પંચ વર્તમાનના સૂક્ષ્મ અર્થ સમજી એ પ્રમાણેનું નીતિપૂર્વકનું જીવન જીવવાથી સાધનામાં સફળતા પ્રાપ્ત થાય છે. ધીમે-ધીમે એ સાધનાનો નિદિધ્યાસ કરવાથી સમગ્ર જીવન યોગમય બની જાય છે અને એ જ સમગ્ર જીવનનો યોગ છે. યોગ એટલે ભગવાનના સ્વરૂપમાં જોડાવું તે જ યોગની સાચી પરિભાષા છે. આ તો સંક્ષિપ્તમાં ધ્યાન કેમ કરવું એ મેં તમને સમજાવ્યું.”

સેવકોને ગુરુપૂર્ણિમાને દિવસે ગુરુ પાસેથી ધ્યાન કેમ કરવું તેના જ્ઞાનરૂપી આશીર્વાદ મળી ચૂક્યા હતા. સેવકો પોતાને ધન્ય માનવા લાગ્યા. બધા મામાને પગે લાગ્યા અને આશીર્વાદ માંગ્યા કે તેઓ પણ ધ્યાન કરી આગળ વધે અને મહારાજના દિવ્ય સુખને પામે. મામાએ રાજી થઈ બધાને આશીર્વાદ આપ્યા.

❋❋❋

## ૯૭

જીવને આ મનુષ્ય જીવનમાં સુખ-દુઃખ, હર્ષ-શોક જેવી પરિસ્થિતિ આવ્યા કરે તેનું નામ જ જીવન. માનવી પોતાની જાતને એમાં ઢાળી દઈ જીવ્યે જતો હોય છે. આવી પરિસ્થિતિમાં આર્થિક સંકળામણ મૂંઝવણ ઊભી કરે છે અને સાથે શારીરિક તકલીફ આવે ત્યારે મૂંઝારાનું ભારણ અનેક ગણું વધી જાય છે.

એક બહેન મામાને ત્યાં આવે. માસી બતાવે તે સેવા કરે અને તેમનો વધુમાં વધુ રાજીપો મળે તેવા પ્રયત્નો કરે. પ્રારબ્ધકર્મે કરીને તેમને ડાબી કીડનીમાં બીમારી થઈ. યુરીક એસિડ હાઈ થઈ જાય. એ સિવાય રિપોર્ટમાં કાંઈ આવે નહિ. આથી ડૉક્ટરે બાયોપ્સી કરાવવાની સલાહ સાથે તીખું-તળેલું વગેરે ખોરાક ન લેવાની પરેજી પણ આપી. બહેન બહુ મૂંઝવણ અનુભવ કરવાં લાગ્યાં. બાયોપ્સી કરાવવાના પાસે પૈસા નહોતા શું કરવું તેના વિચારોમાં થોડા દિવસ વિતાવ્યા કોઈ ઉકેલ ન મળતાં મામા પાસે આવી દિલગીરી સાથે મામાને વિગતે વાત કરી બીમારી તેમ જ આર્થિક પરિસ્થિતિથી મામાને વાકેફ કર્યા. મામાએ બહેનને બધા રિપોર્ટ લઈ બીજે દિવસે આવવા કહ્યું અને કહ્યું, “હું મહારાજને પૂછીને પછી તમને જણાવીશ કે તમારે શું કરવું.” બીજે દિવસે બહેન રિપોર્ટની ફાઈલ લઈ મામા પાસે આવ્યાં. મામાએ ફાઈલ મહારાજની મૂર્તિ પાસે રાખી થોડીવાર આંખો બંધ કરી

ત્યાં જ ઊભા રહ્યા. થોડીવારે બહેનને કહે, "મહારાજ કહે છે કીડનીની તકલીફ માટે તમારે હૉસ્પિટલ જવું નહિ. દવા કરાવવી હોય તો વૈદની દવા કરાવજો. મહારાજની ચરણરજ પાણીમાં નાખી તે પાણી દરરોજ પીવું. મહારાજ સૌ સારું કરશે. તમારે બાયોપ્સી નહિ કરાવવી પડે." આર્થિક ખર્ચા નહિ થાય તે વાતથી બહેનને ઘણી રાહત થઈ. બહેનને મામાના વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. મામાનો મહિમા પણ જાણતાં હતાં. માસી પાસે સેવામાં આવે ત્યારે માસી તેમને મહારાજની પ્રસાદી જમવા આપે. બહેન વિના સંકલ્પે તે પ્રસાદી જમે. તેમાં પરેજીથી વિરુદ્ધ પ્રકારના ખોરાક પણ હોય છતાં જમે, પરંતુ બહેનને ક્યારેય તકલીફ થતી નહિ. આ બાબત મામાના ઘર સુધી સીમિત રહેતી. ચાર મહિના બહેન પ્રસાદી જમ્યા પણ ક્યારેય કાંઈ થયું નહિ. આજે એ વાતને પંદર-સોળ વર્ષ થઈ ગયા છે. કીડનીની તકલીફ બાબતે બહેનને ક્યારેય હૉસ્પિટલ જવું પડ્યું નથી.

પૂર્ણ મુક્તના આશીર્વાદ શું ન કરે! વિશ્વાસ હોય તો બધું શક્ય છે. આર્થિક મૂંઝવણ અનુભવનારને મામા અવશ્ય મદદ કરી તેઓની મુશ્કેલી દૂર કરતા અને ચરણરજથી રોગો મટાડી દેતા.

❋❋❋

## ૯૮

સર્વમંગલ સોસાયટીના એક હરિભક્તની તબિયત થોડા સમયથી બરાબર ન હોવાથી હૉસ્પિટલમાં દાખલ થયા હતા. પથારીમાં પડ્યા-પડ્યા મહારાજ બાપાને સંભાર્યા કરે. એક દિવસ તેમણે મામાને પ્રાર્થના કરાવડાવી કે આપ દયા કરી મને દર્શન દેવા પધારો તો મને મનમાં શાંતિ થાય. મામા બે સેવકોને લઈ તેમને જોવા હૉસ્પિટલમાં ગયા. હરિભક્ત પડખું ફરી સૂતા હતા. મામા તેમને બોલાવ્યા વગર તેમના માથા પાસે ઊભા રહ્યા. થોડીવાર ઊભા રહેવા છતાં હરિભક્ત પડખું ફરી મામા સામે જોતા નહોતા. આથી સેવકને થયું તેઓ સૂઈ ગયા છે અને કોણ જાણે ક્યારે જાગે. આથી તેણે મામાને કહ્યું, “મામા, આપ ઊભા-ઊભા થાકી જશો. ઘણીવાર થઈ ગઈ છે. આપણે પાછા ઘરે જઈએ.”

મામાએ સેવકને કહ્યું, “તું ચૂપ-ચાપ ઊભો-ઊભો જનમંગલસ્તોત્ર બોલ બીજું વધારે બોલીશ નહિ. મહારાજ આમને તેડવા આવે છે.” સેવક આશ્ચર્ય સાથે જનમંગલ બોલતો રહ્યો. એ જ વખતે તે હરિભક્તે પડખું ફરી મામાને જોયા. તેમને પ્રણામ કર્યા અને દેહ છોડી દીધો. વાત નાની છે કે એક હરિભક્તે દેહ મૂક્યો, પરંતુ વાતની ગહનતા એ છે કે અનાદિમુક્તની હાજરીમાં તેમના દર્શન કરતાં-કરતાં દેહ મૂક્યો. અનાદિમુક્ત સાથે શ્રીજીમહારાજ સદાય હોય છે, આથી તેમના દર્શનથી મનમાં અનેરી

શાંતિનો અનુભવ થાય છે. મનમાં કોઈ સંકલ્પ કે કોઈ વાસના રહી ગઈ હોય તો તે વિરામ પામી મન શુદ્ધ થઈ જાય છે. અને જીવ ભગવાનના દર્શન કરવા પાત્ર બને છે. દેહ શાંતિથી છૂટી જઈ ભગવાનમાં વૃત્તિ જોડાઈ જાય છે. મુક્તની હાજરીનો આટલો લાભ છે. આ વાત નાની નથી. ભગવાનના સુખમાં પહોંચી જવાય પછી બાકી શું રહે? અનાદિમુક્તની હાજરી જીવને ભગવાન સુધી પહોંચવામાં મદદરૂપ થાય છે.

❋❋❋

## ૯૯

સંપ્રદાયના ગ્રંથોમાં અમુક વચનો એવા ભેદ-ભરેલાં હોય જેને વાંચી વાંચનાર વિચારે ચડી જાય. મનમાં અનેક પ્રશ્નો ઊઠવા લાગે. એ સમયે અનુભવી સંત જ એ પ્રશ્નનું નિરાકરણ લાવી શકે. બાપાશ્રી કહે છે ને કે મોટા હોય તે એક શબ્દના હજાર અર્થ કરે. મહારાજ શું કહેવા માંગે છે તે ખરા અર્થમાં અનુભવી સિવાય બીજા કોઈનાથી કહી શકાય નહિ.

જેઓ ખરા મુમુક્ષુ જીવ છે. આધ્યાત્મિકતાના પથ પર આગળ વધવા માંગે છે તેઓને સંપ્રદાયના વાડામાં બંધાઈ રહેવું ઓછું પસંદ પડે છે. એ પથ પર મદદ કરતા દરેક શાસ્ત્ર તેઓ વાંચે છે. અને એમાંથી માર્ગદર્શન મેળવી આગળ ધપે છે. સ્વાભાવિકપણે જ તેમની દૃષ્ટિ વિશાળ થઈ જાય છે. આથી વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કરી તેમાં બતાવેલા માર્ગનો અભ્યાસ કર્યા કરે છે. એવા જ એક પરોક્ષ સંપ્રદાયના વિદ્વાન સંત આપણા સંપ્રદાયના ગ્રંથોનો અભ્યાસ કરતા હતા. તેમાં શિક્ષાપત્રીગ્રંથ તેમના વાંચવામાં આવ્યો. એ વાંચતાં મનમાં કેટલાક પ્રશ્નો ઊઠ્યા જેનું સમાધાન મેળવવા તેઓ મામા પાસે આવ્યા. મામાને પ્રણામ કરી વાત કરી, “મેં શિક્ષાપત્રીગ્રંથનો અભ્યાસ કર્યો છે. તેમાંની એક વાત મારા મનમાં બેસતી નથી. તેમાં ભગવાને લખ્યું છે મોટાપુરુષે જે અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું. તો જે મોટા હોય તેઓ અધર્માચરણ

કઈ રીતે કરી શકે? અને જો કરે, તો એવી વ્યક્તિને મોટી કઈ રીતે કહેવાય? અને મોટી ન હોય તેવી વ્યક્તિના વર્તનનું ગ્રહણ કરવાપણું જ ક્યાં રહે છે? આ વાત મારા મનમાં બેસતી નથી તો આપ મને સમજાવશો?" મામા કહે, "કેમ નહિ. જરૂરથી સમજાવીશ અને આપને તેનો સંતોષપ્રદ ઉત્તર આપીશ, પરંતુ એ પહેલાં હું તમારી પાસેથી થોડી માહિતી લઈશ. મને એમ જણાય છે કે આપ આધ્યાત્મિકતાની થોડી ઉચ્ચ કક્ષાને પામેલા છો, આપને થોડી-ઘણી સિદ્ધિઓ પણ હાંસલ છે, તમે વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ ખંતપૂર્વક કરી તેનું વિશ્લેષણ કરી જ્ઞાન મેળવો છો. તમે વિદ્વાન છો એ વાતથી તમે પોતે પણ વાકેફ છો. બરાબર છે મારી વાત?" સંત કહે, "તમારી વાત સંપૂર્ણ સત્ય છે. હું કઈ કક્ષાએ પહોંચ્યો છું તે આપ અંતર્યામીપણે જાણી શક્યા છો. તેથી આપની મહાનતાનો ખ્યાલ આવી જાય છે."

મામા કહે, "હવે હું તમને સમજાવું. જુઓ મોટા પુરુષના બે અર્થ થાય છે. જેઓ પૂર્ણકામ છે, પૂર્ણ મુક્ત છે, પૂર્ણ સ્થિતિને પામેલા છે માટે તેઓ મોટા કહેવાય છે. તેવા મોટાની અહીંયા વાત નથી કરી. તેઓથી તો ક્યારેય અધર્માચરણ થવું શક્ય નથી. તેઓ પ્રભુમય થઈ અખંડ તે સુખને ભોગવતા થકા અહીં પ્રગટ થાય છે. અને એ સુખમાં લુબ્ધ રહી આ લોકનો સર્વ વ્યવહાર તેઓ કરે છે. તેવા મોટાની વાત જુદી છે. તેવાની અહીં વાત નથી. અહીં તો સાધન દશામાં હોય છતાં ઉચ્ચ કક્ષાને પામ્યા હોય અને મોટા કહેવાતા હોય તેવાની વાત છે." સંત કહે,

“સાધનદશામાં હોય અને મોટા કહેવાતા હોય કે ગમે તે. અધર્માચરણ કરે તો મોટા કઈ રીતે કહેવાય?” મામા કહે, “તેઓ કરે નહિ થઈ જાય. હું તમને સમજાવું. તમે સાધક છો. આધ્યાત્મિક પથ પર સારી રીતે આગળ પણ વધ્યા છો, છતાં તમને હજી કામ-ક્રોધ-લોભાદિક અંતઃશત્રુઓ નડે છે કે નહિ?” સંત મામાની સ્થિતિ સમજી ગયા હતા આથી મામા પાસે નિખાલસભાવે બોલ્યા, “હા. હજી એ મને નડે છે ખરા.” મામા કહે, “તેથી શું મારે તમને મોટા ન કહેવા? કહેવાય જ. તમે મોટા તો છો જ, પરંતુ આવા અંતઃશત્રુઓનો વેગ વધતા, સંજોગો અને પરિસ્થિતિ વિપરીત થતાં તમારાથી અંતઃશત્રુઓને વશ થઈ અધર્માચરણ ન થઈ શકે?”

થોડીવાર વિચાર કરી સંત બોલ્યા, “જ્યાં સુધી અંતઃશત્રુઓ પર વિજય પ્રાપ્ત ન કર્યો હોય, ત્યાં સુધી તેનો વેગ વધતાં અધર્માચરણ થવાની સંભાવના રહે ખરી.” મામા કહે, “આ તમે જ કહ્યું કે અધર્માચરણ થઈ જાય. અહીં એવા મોટાની જ વાત કરી છે કે જેઓ સાધનદશાની અમુક કક્ષા સુધી પહોંચ્યા હોવાથી મોટા કહેવાતા હોય, પણ અંતઃશત્રુઓ જીતાયા ન હોવાથી ક્યારેક અધર્માચરણ થઈ જાય તો તેનું ગ્રહણ કરવાની ભગવાને ના પાડી છે. અધર્માચરણ થયું હોવા છતાં તેઓ મોટા તો છે જ. જેમ તમે છો તેવી રીતે. માટે ભગવાને આવી આજ્ઞા કરી છે. મારા ધારવા પ્રમાણે હવે તમને તમારા પ્રશ્નનું સમાધાન મળી ગયું હશે.” મામાએ સમજાવેલા અર્થથી સંત ઘણા રાજી થયા. મામાને પગે

લાગતા બોલ્યા, "તમે ખરેખર યોગ્ય અને સમાધાનકારી ઉત્તર કર્યો છે. મને પૂર્ણ સંતોષ થયો છે. મારી સાધનામાં હું નિર્વિઘ્ને આગળ વધું એવા આપ મને આશીર્વાદ આપો. આ પથ પર પૂર્ણમુક્તદશાને પામેલાના આશીર્વાદની અતિ આવશ્યકતા રહે છે. આપ રાજી થઈ આશિષ આપો." મામા સંત પર રાજી થયા ને આશીર્વાદ આપ્યા.

❋❋❋

## ૧૦૦

ડૉક્ટરે ઘરના સભ્યોને વાત કરી, "રાત્રે તેમને બીજો હાર્ટઍટેક આવ્યો છે. આ બીજો પહેલાં કરતાં પણ વધારે જોખમકારક છે. દર્દીની હાલત નાજુક છે. કાંઈ કહી શકાય નહિ." આવું સાંભળતાં ઘરના સર્વે ચિંતિત થઈ ગયા. હૉસ્પિટલમાં દાખલ કર્યા બાદ બીજો ઍટેક આવવાથી બધા ગભરાઈ ગયા. દરેક સભ્ય ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા. અને સેવકે મામાને ફોન કરી પ્રાર્થના કરી, "મામા, અત્યારે પિતાજીની તબિયત ઘણી નાજુક છે. ઉપરા-ઉપરી બે ઍટેક આવી ગયા છે. આપ કંઈ દયા કરો. અમારે સૌને તેમનો જ આધાર છે. ઘરમાં તેઓ એક જ કમાનારા છે. હું નોકરીએ લાગ્યો નથી. એવામાં પિતાજી ધામમાં જતા રહે તો અમે મુસીબતમાં મુકાઈ જઈએ. આપ કાંઈક કરો તો સારું. થોડી કૃપા વર્ષા કરો તો આપની બહુ દયા." સેવક વારંવાર મામાને વિનવવા લાગ્યો, પરંતુ મામા કાંઈ જવાબ આપતા નહોતા. થોડીવારે મામા કહે, "તારા પિતાજીનું આયુષ્ય છે નહિ. આપણે મહારાજને પ્રાર્થના કરીએ તો બાર મહિનાનું આયુષ્ય આપે પણ ખરા, પરંતુ તેઓ હરી-ફરી ન શકે. મહારાજ કહે છે તેમના પ્રારબ્ધ પ્રમાણે તેમને પક્ષઘાત થાય કે બીજું કાંઈક, પણ તેઓ રહેશે તો પથારીવશ જ. તારા પિતાજીએ આખી જિંદગી કોઈ પાસે શેનીય મદદ માંગી નથી. હવે અંત સમયે તેમને સાવ પરાધીનપણે લાચાર અવસ્થામાં જીવવું

પડે તે તેમનાથી સહન થઈ શકશે નહિ. સ્વમાનભેર જીવન વિતાવનારને લાચારી ભોગવવી જરાય ગમે નહિ. પછી તેમને અત્યારે જેટલો ભગવાનમાં વિશ્વાસ અને શ્રદ્ધા છે તેટલા પણ નહિ ટકી રહે. હવે તું કહે શું કરવું છે?”

અનાદિમુક્ત પૂર્ણસ્થિતિને પામેલા હોવાથી તેઓ બધું જોઈ-જાણી શકતા હોવાથી ચોક્કસપણે કહી શકે છે. જ્યારે આપણે પરિસ્થિતિથી વાકેફ ન હોવાથી મોટાને પ્રાર્થના કરતા રહીએ છીએ, પરંતુ રાખવાથી કેવું પરિણામ આવશે તે જાણતા નથી. જ્યારે મુક્ત સર્વજ્ઞ હોવાથી પોતાના અંગતને પરિસ્થિતિથી વાકેફ કરે છે કે આમ થશે તો શું કરવું છે?

સેવકને પણ જ્યારે મામાએ વાત કરી, ત્યારે વિચારમાં પડ્યો કે ઘરના આધાર છે, પરંતુ રહે તે પણ ન રહેલા જેવા હોય અને રહે ત્યાં સુધી તેમને લાચારી ભોગવી પરાધીન જીવવું પડે અને શારીરિક તકલીફ તો વેઠવી જ રહી. એમ વિચારતાં સેવકે મામાને કહ્યું, “તમે કહો છો તેમ તેમના પ્રારબ્ધમાં હોય અને એ રીતે રહેવાનું હોય તો પછી ભલે જેમ મહારાજની મરજી હોય તેમ કરે. તેમને વધુ તકલીફ નથી આપવી.” સેવકે આવો નિરાસક્ત ભાવ દર્શાવ્યો તેથી મામા તેના પર ઘણા રાજી થયા. સેવકને આશીર્વાદ આપ્યા, “તું મુંઝાઈશ નહિ. તારા પિતાજી જતા રહેશે પછી પણ તમારા ઘરનો વ્યવહાર બરાબર ચાલતો રહે તેવી ગોઠવણ ભગવાન કરશે. ધીરે-ધીરે બધું ગોઠવાઈ જશે. આપણે સદાય મહારાજની મરજીમાં રાજી રહેવું. મહારાજનો નિર્ણય સહર્ષ સ્વીકારી લેવો. તેઓ જે કરે તે આપણા ભલા માટે જ હોય. તેઓ

ક્યારેય કોઈનું ભૂંડું કરતા નથી. દરેક જીવનું રૂડું જ કરે છે તેવો વિશ્વાસ રાખવો. કદાચ એ વખતે એમ લાગે કે મહારાજે આ યોગ્ય નથી કર્યું, પરંતુ સમય જતાં ખ્યાલ આવે કે ભગવાને જે કર્યું તે યોગ્ય જ હતું. એટલે તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા રાખવા. તેઓ સદાય આપણી રક્ષામાં જ હોય છે. ગમે-તેવી પરિસ્થિતિ આવે હિંમત હારવી નહિ, ધીરજ ગુમાવવી નહિ અને ગમે તેવા સંજોગો હોય ભગવાનને સંભાર્યા કરવા. તેમને ક્યારેય મૂકવા નહિ. દૃઢપણે એક નિષ્ઠા રાખી તેમને ભજ્યા કરીએ તો મુશ્કેલી રહેવા પામે નહિ." સેવકને આશીર્વાદ આપી મામાએ ફોન મૂકી દીધો. સેવકને મનમાં હવે કોઈ ભય નહોતો. મામાના વચને તેનામાં બળ પ્રેર્યું હતું. તેનામાં શ્રદ્ધા, વિશ્વાસ અને હિંમત વૃદ્ધિ પામ્યા હતાં. બીજે દિવસે જ તેના પિતાજી ધામમાં પધાર્યા. ઘરના સર્વે દુઃખી થયા, પરંતુ સેવકને મામાએ ધીરજ પ્રેરી હતી આથી તેણે શાંત ચિત્તે બધી વિધિ પતાવી ને હિંમતભેર પરિસ્થિતિનો સામનો કર્યો. અને ઘરના સભ્યોને પણ હિંમતના વચનો કહી ધીરજ પ્રેરી.

અનાદિમુક્તના વચનમાં એવું બળ રહેલું હોય છે કે દરેકમાં ધીરજ આવે, હિંમત આવે અને પરિસ્થિતિ ગમે તેવી વિપરીત હોય સામનો કરવાની સમજ મુક્તના વચનો દ્વારા પ્રાપ્ત થાય છે. નાહિંમતમાં શક્તિનો અનેરો સંચાર થઈ તે મુસીબતોનો સામનો કરવા સજ્જ થઈ જાય છે.

❋❋❋

## ૧૦૧

શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ અલૌકિક છે, દિવ્ય છે. એક વખત તે સુખનો અનુભવ થયા પછી આ લોકના બધા સુખ વારી-ફેરીને નાખી દઈએ તો પણ ગણતરીમાં ન આવે તેવું દિવ્ય સુખ છે. અનાદિમુક્ત એ સુખનો અખંડ અનુભવ કરે છે. જ્યાં સુધી આપણને એ સુખનો અનુભવ નથી, ત્યાં સુધી આ બધી સાંભળેલી વાતો જ લાગે અને સુખ ન આવે. જેમ ગોળ ગળ્યો છે તે સાંભળવાથી તેના ગળપણનું સુખ નથી આવતું. કેવો અને કેટલો ગળ્યો છે તે જાણવા ગોળ ખાવો જ પડે. તેવી રીતે વાતો સાંભળવાથી સંતોષ ન થાય અને કેટલાય તર્ક-વિતર્ક મનમાં થયા કરે.

એક હરિભક્ત અધ્યાપક તરીકે ફરજ બજાવતા હતા. પોતે વિદ્વાન હતા અને સાથે-સાથે આધ્યાત્મિકતામાં રસ ધરાવનારા હોવાથી સંપ્રદાયના ગ્રંથો વાંચે. તેમાં મહારાજના દિવ્ય અલૌકિક સુખ વિશે તેમ જ એ સુખ અનાદિમુક્ત અખંડ ભોગવે છે તેવું વાંચવામાં આવે. આ વાત તેમના મગજમાં બેસતી નહોતી. પોતાની લૌકિક બુદ્ધિ પ્રમાણે તર્ક કર્યા કરે. કોઈ કઈ રીતે અખંડ સુખ ભોગવી શકે? તેનો જવાબ તેમને મળે નહિ. એક વખત મનમાં આ પ્રશ્ન સાથે મામાને મળવા આવ્યા. મામાને તેમણે પૂછ્યું, “તમે અખંડ મહારાજની મૂર્તિનું દિવ્ય સુખ ભોગવો છો? કોઈ અખંડ તો કઈ રીતે ભોગવી શકે? આખા દિવસ દરમ્યાન આપણે કેટલી બધી એવી ક્રિયાઓ કરતા હોઈએ

કે જેમાં જાગૃત રહી ધ્યાન કેંદ્રિત કરીએ ત્યારે જ કાર્ય થાય. એવે સમયે ભગવાનમાં વૃત્તિ કઈ રીતે રહે? અને જો એ વખતે વૃત્તિ ન હોય તો સુખ અખંડ કઈ રીતે કહેવાય? આ વાત મારા મગજમાં બેસતી નથી. આપ મને સમજાવો." મામા કહે, "તમને વાત નથી સમજાતી એ સ્વાભાવિક છે. તાર્કિક રીતે એ સમજાય પણ નહિ. જ્યાં સુધી એ સુખનો અનુભવ ન હોય, ત્યાં સુધી આવા પ્રશ્નો મનમાં થાય. હું તમને સમજાવું. અત્યારે રૂમમાં ઉપર પંખો ફરે છે બરાબર? આપણે બંને વાતો કરીએ છીએ છતાં તેની ઠંડકનો અનુભવ થાય છે. હું ગમે તે કામ કરતો હોઉં, ગમે તેવું એકાગ્રતાવાળું કામ, છતાં મને ઠંડક તો મળતી જ રહેવાની બરાબર? હું કામ કરું, જમવા બેસું કે પછી સૂઈ જાઉં એ ઠંડક સતત મળતી રહે છે કે નહિ? તેના માટે મારે યત્ન નથી કરવો પડતો. તેવી જ રીતે મને ભગવાનનું અખંડ સુખ અનુભવાય છે. હું ગમે તે ક્રિયા કેમ ન કરતો હોઉં છતાં મને પંખાની ઠંડકની જેમ એ સુખનો સતત અનુભવ થયા જ કરે છે. ક્ષણમાત્ર અરે! તેનાથી પણ ઓછા સમય માટે એ સુખ ક્યારેય બંધ નથી થતું. અવિરત ભોગવ્યા જ કરું છું. મારી વાત હવે તમે કદાચ થોડી સમજ્યા હશો. પૂર્ણપણે તો જ્યારે એ સુખનો અનુભવ થાય, ત્યારે જ ખ્યાલ આવે. કારણ કે ભગવાનનું અલૌકિક સુખ એ અનુભવનો વિષય છે ચર્ચાનો નહિ." હરિભક્ત કહે, "ઘણા સમયથી મારા મનમાં આ પ્રશ્ન થયા કરતો હતો. આજે એમ લાગે છે કે હું પ્રશ્નનું સમાધાન મેળવી શક્યો છું."

અનાદિમુક્ત પૃથ્વી પર પધારે ત્યારે આ લોકના કાર્યો કરવા, આ લોકની રીત પ્રમાણે જીવન જીવવું તે તો એક આદર્શ પ્રસ્થાપિત કરવા દેખાવ માત્ર હોય છે. બાકી તેઓ તો મહારાજના દિવ્ય અલૌકિક સુખમાં અખંડ ગુલતાન રહે છે.

❋❋❋

## ૧૦૨

માનવીના જીવનમાં પુસ્તક અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે. પુસ્તકથી માનવીનું વ્યક્તિત્વ ઘડતર થાય, ચારિત્ર ઘડતર થાય, માનસિક તેમ જ બૌદ્ધિક વિકાસ થાય. સંકુચિત મનોદશામાંથી બહાર નીકળી માનવી વિશાળ દૃષ્ટિ ધરાવતો થાય. પુસ્તક જીવનમાં સાચા મિત્રની ખોટ સારે છે. દરેક ક્ષેત્રે પુસ્તક ઉપયોગી થઈ પડે છે. શારીરિક-માનસિક, સામાજિક, વ્યાવહારિક અને આધ્યાત્મિક ગમે તે ક્ષેત્ર હોય પુસ્તક દ્વારા માનવી પોતાના વિચારો રજૂ કરી શકે છે. તેમ જ બીજાના વિચારો જાણી શકે છે. સાચા-ખોટાનું મૂલ્યાંકન કરી શકે છે. આમ પુસ્તકો ઘણા જ મહત્ત્વના છે.

મામા શાળામાં શિક્ષક તરીકેની ફરજ બજાવતા હતા તે વખતે પણ પોતાની ટૂંકી આવકમાંથી બચત કરીને પણ સારા પુસ્તકો વસાવતા. તે એટલા માટે કે જેઓને વાંચવાનો શોખ હોય, પરંતુ ખરીદી શકે તેમ ન હોય તેઓ વાંચીને જ્ઞાન મેળવી શકે. આ સીલસીલો છેવટ સુધી ચાલુ રહ્યો. અને અત્યારે તે એક પુસ્તકાલયના રૂપમાં સૌના લાભાર્થે ખુલ્લો મુકાયેલ છે. મામા દ્વારા ઘણાં પુસ્તકોની ખરીદી થઈ હોવાથી પ્રકાશકો, વિક્રેતાઓ મામાને સારી રીતે ઓળખતા. તેમાં નવભારત સાહિત્ય મંદિર, સસ્તું કિતાબઘર, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, સસ્તું સાહિત્ય, આર.આર. શેઠની કંપની વગેરે મુખ્ય હતા. તેઓને મામા

સાથે ઘણીવાર વાર્તાલાપ થતો ત્યારે ગમે તે વિષય હોય, ગમે તેનું લખેલું પુસ્તક હોય મામા તે દરેક વિશે સવિસ્તાર તેઓ સાથે ચર્ચા કરી શકતા, ત્યારે તેઓ કહેતા, "નારાયણભાઈને કેટલા બધા પુસ્તકોનો અસાધારણ અભ્યાસ છે. સ્વામી વિવેકાનંદ જેવી તેમની સ્મૃતિ શક્તિ છે. આવી સ્મૃતિ શક્તિ ભાગ્યે જ કોઈમાં હોય. દરેક વિષયનું ઝીણવટપૂર્વકનું જ્ઞાન તેઓ ધરાવે છે. આથી પુસ્તક હાથમાં લેતાં જ અંદરના એકાદ પાના પર નજર નાખે ને તેમને તરત ખ્યાલ આવી જાય છે કે કયા પ્રકારનું પુસ્તક છે અને તે ખરીદવા જેવું છે કે નહિ. એ પુસ્તક વિશેની બધી જાણકારી તેમની પાસે હોય, ત્યારે જ તેઓ આ રીતે પુસ્તક ખરીદી શકે. બાકી બીજી કોઈ વ્યક્તિ એકાદ પાનું ફેરવી પુસ્તક વિશે માહિતગાર ન થઈ શકે. તેઓ દરેક પુસ્તક આ રીતે જ ખરીદે છે. આવું અમે નજરે જોયું છે. કોઈક વખત અમે પુસ્તક વિશે માહિતી પૂછીએ તો તરત અમને આપતા."

આવી રીતે એકાદ પાનું ફેરવી લઈને જ મામાએ પુસ્તકાલય માટે ઉત્તમમાં-ઉત્તમ વીસ હજાર જેટલા પુસ્તકો ખરીદ્યાં છે. એક વખત સેવકે પુસ્તકના આવા અગાધ જ્ઞાન વિશે મામાને પૂછતાં મામાએ જવાબ આપ્યો, "મેં આટલા બધા પુસ્તકો ખરીદ્યાં, પરંતુ વાસ્તવિકતા એ છે કે મેં આમાંનું એક પણ પુસ્તક ક્યારેય વાંચ્યું નથી. સાંપ્રદાયિક ગ્રંથોનો અભ્યાસ પણ મેં કર્યો નથી. મારે તેની આવશ્યકતા નથી. દરેક પુસ્તક તેમ જ ગ્રંથોનું જ્ઞાન મને સહજ છે. પુસ્તક હાથમાં લઉં ને મને ખ્યાલ આવી

જાય છે કે પુસ્તક કેવું છે? આથી સારું હોય તો પુસ્તક ખરીદી લઉં છું."

પૂર્ણ સ્થિતિને પામેલા અનાદિમુક્ત હોય તેઓને બધું જ્ઞાન સ્વયંસ્ફૂરિત હોય છે. મહારાજ જાણે તેટલું તેઓ જાણતા હોવાથી પુસ્તકો વાંચી તેનો અભ્યાસ કરવાની તેમને આવશ્યકતા રહેતી નથી. અને છતાંય કોઈ પણ સંપ્રદાયનો વ્યક્તિ તેમની પાસે સમસ્યા લઈને આવે, ત્યારે પ્રશ્નને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં રાખી સમસ્યા સમાધાન કરી સચોટ રીતે સમજાવતા. જેમને બધું હસ્તામળ હોય તેમને પુસ્તકોનો અભ્યાસ કરવાની ક્યાં આવશ્યકતા રહે!

❋❋❋

## ૧૦૩

શ્રીજીમહારાજ અનાદિમુક્તને જીવોના કલ્યાણ કરવાના શુભ આશયથી પૃથ્વી પર મોકલે છે. અનાદિમુક્ત શ્રીજીમહારાજની એ આજ્ઞાનું પાલન કૃપાવર્ષાની લ્હાણી કરી કરે છે. દરેક જીવ પ્રાણી માત્રનું કલ્યાણ કરવાનો સંકલ્પ લઈ તેઓ પધારે છે અને દરેક જીવ પર દયા લાવી તેમનું કલ્યાણ થાય તેવા સંકલ્પ કરે છે. મામા જ્યારે વિદેશ ગયા હતા, ત્યારે નાયગરા ધોધ પાસે ગયા હતા. એ વખતે બીજા બધા ધોધની વિશાળતા અને સુંદરતા નિરખતા રહ્યા, જ્યારે મામાએ ખિસ્સામાંથી ચરણરજ કાઢી મહારાજને સંભાર્યા અને સંકલ્પ કર્યો કે આ પાણી જે-જે પીવે તે બધાનું કલ્યાણ મહારાજ કરે! કેટલી કરુણા દૃષ્ટિ! તેવી જ રીતે સમુદ્રકિનારે ગયા ત્યાં પણ પાણીમાં ચરણરજ નાંખીને સંકલ્પ કર્યો કે સમુદ્રના બધા જીવોને મનુષ્ય જન્મ મળે ને એ બધા જીવોનું કલ્યાણ થાય! કેટલી બધી દયા, કેટલી કરુણા, કેવડી કૃપાવર્ષા! મહારાજે જે કામ કરવા પૃથ્વી ઉપર મોકલ્યા હતા તેની લ્હાણી કરી. સમુદ્રમાં કેટલા જીવ હોય તે બધાનું કલ્યાણ! કેવડી મોટી વાત! એક સેવકને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે સહજ જાણવાની ઇંતેજારીથી તેણે મામાને પૂછ્યું, “મામા, આપે આવો સંકલ્પ કર્યો તો સમુદ્રમાં તો કરોડો જીવ હોય તે બધા જો મનુષ્ય યોનીમાં આવે તો અત્યારે જ પૃથ્વી પર આટલી બધી વસ્તી છે. જો એ બધા જીવો મનુષ્ય

તરીકે જન્મે તો કેટલી બધી વસ્તી થઈ જાય ને પૃથ્વી પર કેટલો ખીચડો ભેગો થાય?" મામા કહે, "તું તારી સીમિત દૃષ્ટિથી વિચારે છે. બ્રહ્માંડમાં આ એક જ પૃથ્વી છે? અનંત પૃથ્વીઓ છે, જેમાં અનંત જીવો છે. ગમે ત્યાં મહારાજ તેમને જન્મ ધરાવી શકે. મહારાજની કાંઈ આ પૃથ્વી સુધીની મર્યાદા થોડી છે! જ્યાં ધારે ત્યાં જીવને લઈ જઈ જન્મ ધરાવી કલ્યાણ કરી શકે કે નહિ?" આવું સાંભળતાં સેવક અચંબામાં પડી ગયો. આવું તો એ ક્યાંથી વિચારી શકે?

અનાદિમુક્તની દયા તે આનું નામ. અકારણ કૃપાવર્ષા તે આનું નામ, કલ્યાણની લ્હાણી આનું નામ! આ છે અનાદિમુક્તનું કાર્ય. તુચ્છ જેવા જીવને પણ કલ્યાણનો હક્કદાર બનાવી દે છે.

❊❊❊

## ૧૦૪

કોઈ પણ સંપ્રદાયમાં થયેલા મોટા પુરુષો ભગવાનને પામવાની જ વાત કરતા હોય છે. તેઓએ જે પ્રાપ્ત કર્યું હોય, જે ઇષ્ટદેવનો તેમને સાક્ષાત્કાર થયો હોય તેને પામવાની વાત તેઓ કરે. પરંતુ સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમપણાની વાત જુદી થઈ જાય છે. મામાની વાતોનો મુખ્ય ઝોક પણ સર્વોપરી ભગવાનને પામવું એ જીવનનું અંતિમ લક્ષ છે. તેને પામવાના સાધનો કઈ રીતે કરવા, એ સાધનોમાં ધ્યાન કરવું શ્રેષ્ઠ છે એવો રહેતો. અને સભામાં પણ આ રીતનો જ જ્ઞાનોપદેશ કરતા. તેમના આવા ઉપદેશથી ઘણા એ પથ પર ચાલવા પ્રયત્ન પણ કરતા. આ પથ પર અનુભવીનું માર્ગદર્શન અતિ આવશ્યક છે. નહિ તો ક્યાં અટકી પડ્યા અને શા માટે તે ખબર જ ન પડે અને વર્ષોના વર્ષો નાહક વ્યર્થ જતા રહે.

મામાના પ્રવચન સાંભળી એક હરિભક્તને થયું મારે સાધના કરી મૂર્તિ મેળવી એ મૂર્તિના સુખનો અનુભવ કરવો છે. પ્રવચનમાં સાંભળ્યા પ્રમાણે એમણે પુરુષ પ્રયત્ન શરૂ કર્યા. પરંતુ તેમને અંતઃશત્રુઓ પીડવા લાગ્યા. કામ-ક્રોધ-લોભ આદિ જાણે વધતા હોય તેવું લાગ્યા કરે. જેમ દૂર કરવાના પ્રયત્ન કરે તેમ તે વધુ નડતા ભાસે. આમ થતાં તેઓ ભારે મૂંઝવણમાં મુકાયા. ભયભીત થઈ ગયા કે જ્યાં સુધી આ દોષો દૂર નહિ થાય, ત્યાં સુધી હું સાધના કરી શકીશ નહિ. દોષો ક્યારે દૂર થાય અને હું ક્યારે

સાધના કરું. આવું વિચારી મૂંઝાયા કરે. મૂંઝવણનો ઉકેલ મેળવવા તેઓ મામા પાસે દોડી આવ્યા. મામા કહે, “એ અંતઃશત્રુઓ તો જીવ સાથે જોડાયેલી સૂક્ષ્મ ગ્રંથિઓ છે. ચૈતન્યસ્વરૂપે તે અંતઃશત્રુઓનું અસ્તિત્વ હોતું નથી. તેનાથી ભયભીત થવાની જરૂર નથી. સાધનદશામાં તેની સાથે યુક્તિપૂર્વક કામ પાર પાડવું જોઈએ તો તેઓ હટી જાય છે. તેને દૂર કરવાનો સૌથી સરળ ઉપાય છે મહારાજ સાથે પ્રતિલોમપણે જોડાઈ જવું. પછી એમ વિચારવું કે હું તો ભગવાનરૂપ છું તો ભગવાનને આવા દોષ હોય? મારા ચૈતન્યને તો મુક્ત કરી મૂર્તિમાં મૂકી દીધો છે પછી મને આવા દોષો ક્યાંથી નડી શકે? હું તો ભગવાનના સ્વરૂપમાં જોડાયેલો છું.

આવા વિચારોનો નિરંતર અભ્યાસ કર્યા કરવાથી દોષો દૂર થઈ જાય છે. આ સાવ સરળ અને સચોટ ઉપાય છે. નિરંતર આવા વિચારોથી દોષોનું જોર શમી જઈ ધીમે-ધીમે તે દૂર થઈ જશે. જરૂર છે ફક્ત ધીરજપૂર્વક પ્રયત્ન કર્યા કરવાની. તે કરવાથી સાધના પથ પર આગળ વધી શકાશે. દોષોથી ભયભીત થઈ તે દૂર થયા પછી સાધના શરૂ કરાશે એવું વિચારવું ભૂલ ભરેલું છે.” આવું સરળ તથા સચોટ માર્ગદર્શન મળતાં હરિભક્તમાં હિંમત આવી. તેને થયું આ તો હું જે સાધના કરતો હતો તે જ કરવાની છે. ફક્ત થોડા વિચારો બદલવાના છે. અંતઃશત્રુઓ દૂર કરવા કોઈ વિશિષ્ટ પ્રકારની મુશ્કેલ સાધના કરવાની નથી. મામાએ દર્શાવેલ ઉપાય સાવ સરળ છે. આવો સરળ માર્ગ મળતાં હરિભક્ત ભયરહિત થયા.

તેમને ઘણો આનંદ થયો. મામાના પગમાં પડી ગયા કહે, “હું બહુ ભયભીત થઈ મૂંઝાતો હતો. આજે મારી મૂંઝવણ દૂર થઈ. હવે હું પાછો સાધના પથ પર આગળ વધી શકીશ.” મામાએ તેને આશીર્વાદ આપ્યા.

સાધનાપથ પર ક્યાં અટક્યા છીએ? તેનો ઉપાય શું છે? તે અનાદિમુક્ત સિવાય બીજા કોઈને ખબર હોતી નથી. અનુભવ સિદ્ધ જ એ પથ પરની મુશ્કેલીઓનો સચોટ માર્ગ દર્શાવી શકે છે.

❀❀❀

## ૧૦૫

બળદિયા છત્રી સ્થાનમાં અત્યારે જે બાપાશ્રીના જીવન પ્રસંગોનું પ્રદર્શન છે તે પ્રદર્શન તૈયાર કરવા ચિત્રો તૈયાર થતા હતા. ચિત્રો બનાવનાર ભૂજના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી લાલજીભાઈ સોનીનું સ્વાસ્થ્ય સારું ન હોવાથી મામા તેમને ઘરે પધાર્યા હતા. ચિત્રકાર હરિભક્ત મામાને કહે, “હવે અવસ્થાના હિસાબે તબિયત સારી રહેતી નથી, હાથ બરાબર ચાલતા નથી અને થાક પણ લાગી જાય છે. પ્રદર્શન માટેનું ચિત્રોનું કામ હવે મારાથી થાય તેમ લાગતું નથી.” મામાએ તેમના શરીરે અને હાથે સંકલ્પ કરી હાથ ફેરવ્યો અને કહ્યું, “મહારાજ અને બાપાને તમારે હાથે જ આવું મહાન કાર્ય સંપન્ન કરાવવું છે. હવેથી તમે બધું કાર્ય કરી શકશો અને ચિત્રો બરાબર દોરી શકાશે. તમારા પર તો બાપાશ્રીના આશીર્વાદ અને રાજીપો છે. તેમનું આવું સુંદર કાર્ય તમારા દ્વારા જ થશે.”

આ એ જ ચિત્રકાર હતા જેમને નાનપણમાં બાપાશ્રીએ રાજી થઈ માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા હતા કે તું મોટો ચિતારો (ચિત્રકાર) થઈશ. એ પ્રમાણે તેઓ મોટા ચિત્રકાર બન્યા. તેમના ચિત્ર બદલ તેમને ભૂ.પૂ. વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી તરફથી એવૉર્ડ પણ મળ્યો હતો. જેમને બાપાશ્રીના આશીર્વાદ હોય પછી મોટા ચિત્રકાર થાય જ ને! એમને અવસ્થાને હિસાબે હાથ બરોબર ચાલતા નહોતા. આથી મામાએ સ્પર્શ

ચિકિત્સા કરી આપી આશીર્વાદ આપ્યા. અને તેઓએ તે કાર્ય પૂર્ણ કર્યું. જેનો અત્યારે આપણે સૌ દર્શનરૂપે લાભ લઈ રહ્યા છીએ.

❋❋❋

## ૧૦૬

આપણે સૌ આ લોકના જીવો મુક્તપુરુષની દરેક ક્રિયા કે ઘટનાને તેના સૂક્ષ્મ રહસ્યોથી અજાણ હોવાથી તેની મૂલવણી પોતાની સીમિત બુદ્ધિ દ્વારા સીમિત રીતે કરતા હોઈએ છીએ. અનાદિમુક્તનું પૃથ્વી પર આવવું, પોતાનો પ્રભાવ જણાવી કોઈ ઉપર રાજી થઈ આશીર્વાદ વરસાવવા કે કોઈને તેની પાત્રતા પ્રમાણે દિવ્ય અનુભવો કરાવવા કે પછી સામાન્ય જીવોની જેમ સામાન્ય રીતે જીવન જીવવું કે મંદવાડ ગ્રહણ કરવો એ બધું જ શ્રીજીએ એમને આ લોકમાં આવી કરેલી આજ્ઞાઓમાંનું એક કાર્ય માત્ર હોય છે. આપણે એ ક્રિયાઓને આપણી સીમિત બુદ્ધિ પ્રમાણે મુલવવાના નિષ્ફળ પ્રયત્નો કરીએ છીએ અને પાછા ગર્વ અનુભવીએ છીએ કે અનાદિમુક્તને સારી રીતે જાણીએ છીએ. અનાદિમુક્ત કોણ છે? તેમનું સામર્થ્ય કેટલું અને કેવું છે? તે પૂર્ણ મુક્તની દિવ્યતાને આપણે આ લોકની સીમિત લૌકિક બુદ્ધિથી કઈ રીતે મૂલવી શકીએ?

પૂર્ણ મુક્તનું દરેક વર્તન, દરેક ક્રિયા શ્રીજીની આજ્ઞા મુજબનું હોઈ જીવોના કલ્યાણ માટે જ હોય છે. પૃથ્વી પરની તેમની જીવનલીલામાંની એક હોય છે. આ લોકમાં તેઓ મંદવાડ ગ્રહણ કરે તે પણ જીવોના કલ્યાણ અર્થે ગ્રહણ કરેલી જીવનલીલા જ છે. સામાન્ય જીવો કદાચ આને સાવ સરળ માની તેનું મહત્ત્વ સમજી ન શકે, પરંતુ એ સ્થિતિને પામેલા મુક્ત આ બધી જીવનલીલાના મહત્ત્વને

જાણે અને માણે છે.

એક વખત મુક્તરાજ મામાએ મંદવાડ ગ્રહણ કર્યો હતો. એ વખતે વારાફરતી સેવકો સેવામાં હાજર રહી મુક્તરાજની સેવા ચીવટથી કરતા. એક વખત એક સેવક મામાના પલંગ પાસે બેઠો હતો ને બેઠા-બેઠા ઝોલું આવવાથી માથું ખાટલા પર નમી ગયું. અને એ વખતે તેને જાણે સ્વપ્ન આવતું હોય તેવું જણાયું કે કેટલાંક દૈવી પુરુષો અને સંતો મામાના દર્શન કરવા આવ્યા. મામાને પ્રણામ કર્યા. ચંદન, કંકુ, કેસર અને અક્ષતથી મામાના ભાલમાં ચાંદલો કર્યો, હાર પહેરાવ્યો, પૂજા કરી અત્યંત પ્રસન્નતાપૂર્વક મામાની મંદવાડની લીલાના દર્શન કર્યા અને અદૃશ્ય થઈ ગયા. એ જ વખતે સેવકની આંખ ઉઘડી ગઈ. સેવકને ખ્યાલ જ ન આવ્યો કે આ સાચું હતું કે સ્વપ્ન! તે વિચારમાં પડી ગયો. થોડીવારે ખચકાતાં-ખચકાતાં મામાને આ વિશે પૂછ્યું. મામા કહે, “સ્વપ્ન અવસ્થા તારે હતી. મુક્તને એવું કાંઈ હોતું નથી. તને જે દેખાયું તે સત્ય હતું. મુક્ત દ્વારા દરેક ક્રિયા શ્રીજીમહારાજ કરતા હોય છે. આથી અત્યારે આ મંદવાડની લીલાના દર્શન કરવા દૈવી પુરુષો અને સંતો આવ્યા હતા. આ લોકમાં મંદવાડ ગણાય, પરંતુ તેનું પ્રયોજન અનેક જીવોના કલ્યાણ કરવા એ જ છે. પૃથ્વી પર આવી મુક્ત શ્રીજી ઇચ્છાથી દરેક ક્રિયા કરે છે. તેમાં મંદવાડની પણ એક ક્રિયા છે. આ લીલા વિશેષ હોવાથી દૈવી પુરુષો અને સંતોને દર્શનીય હોઈ તેઓ મુક્ત દ્વારા કરાતી મહારાજની દિવ્ય લીલાના દર્શન કરવા આવે છે. બાકી મુક્તને તો મંદવાડ જેવું કાંઈ

હોતું જ નથી. તેઓ તો સદાય મૂર્તિને સુખે સુખિયા હોય છે. દેહના કષ્ટ તેમને સ્પર્શતાં નથી.”

આ પ્રસંગથી સેવકને ઘણો આનંદ થયો. તે પોતાને ધન્ય માનવા લાગ્યો કે મુક્તના પ્રતાપે આજે તેને પણ આવા અલૌકિક દિવ્ય દર્શનનો લાભ મળ્યો. તે મામાની વધુ મહિમાએ સહિત સેવા કરવા લાગ્યો.

આ છે મુક્તના મંદવાડની લીલા અને તેનું રહસ્ય.

❋❋❋

## ૧૦૭

અનાદિમુક્ત જ્યાં બિરાજમાન હોય, ત્યાં શ્રીજીમહારાજ સદાય વાસ કરીને રહે છે. અનાદિમુક્ત સાથે તો મહારાજ સદાય હોય જ છે, પણ તેઓ જ્યાં રહેતા હોય, તેઓએ મહારાજના જે સ્વરૂપો પધરાવ્યા હોય તેમાં પણ મહારાજ નિવાસ કરી સર્વે જીવો પર આશીર્વાદ વરસાવે છે તે સત્ય હકીકત છે.

થોડા દિવસથી મામાએ શરીરમાં મંદવાડ ગ્રહણ કર્યો હતો વારા-ફરતી સેવકો સેવામાં રહે અને મામાની અંતરના ખરા ભાવથી સેવા કરે. એક વખત રાત્રે મામાની સેવામાં એક સેવક હતો. મામાને ઊંઘ નહોતી આવતી. આથી સેવક પણ જાગતો બેઠો હતો. સેવકે જોયું કે અચાનક જ મામાના ચહેરા પર એકદમ આનંદના ભાવો ઉપસી આવ્યા. અને આનંદમાં ગરકાવ થઈ ગયા હોય તેમ થોડીવાર આંખો બંધ કરી બેસી રહ્યા. સેવકે મામાને આ વિશે પૂછ્યું કે અચાનક કયા આનંદમાં ખોવાઈ ગયા હતા? ત્યારે મામા કહે, "તું માની શકીશ મારી વાત?" સેવક કહે, "મામા, તમારી વાત તો માનું જ ને! ન માનવાનું કોઈ કારણ નથી." મામા કહે, "અત્યારે સર્વમંગલ સોસાયટીના અમારા ઘરની અગાસી ઉપર શ્રીજીમહારાજ સંતો-મુક્તો સાથે રાસ રમવાની લીલા કરી રહ્યા છે. મહારાજને આ સ્થળ વહાલું છે. તેઓ અત્યંત રાજી છે. એ નૈમિષારણ્ય ક્ષેત્ર છે. ત્યાં આવીને જે કોઈ હૃદયના ખરા

ભાવથી શુભ સંકલ્પ કરે કે કોઈ પ્રાર્થના કરે તો મહારાજ તે પ્રાર્થનાને અવશ્ય સ્વીકારે અને શુભ સંકલ્પ કરે એવું ચમત્કારી એ સ્થળ છે.” આવું સાંભળી સેવક ભાવવિભોર થઈ ગયો. તેને સાનંદાશ્ચર્ય થયું, મામાને કહે, “મારે આપના જેવી નિરાવરણ દૃષ્ટિ નથી તેથી મને એવા અદ્‌ભુત દર્શન થતા નથી. આપ મારા વતી દર્શન કરો અને મને આશીર્વાદ આપો.”

બન્યું એવું કે આ વાત કર્યાના બે-ત્રણ દિવસમાં જ બીજા એક સેવકના ઘરેથી તેમનાં પત્ની ધામમાં પધાર્યા. એ વખતે ચંદનવૃષ્ટિ થઈ ત્યારે મામા કહે, “આ સ્થાનમાં મુક્ત ધામમાં પધારે તો ચંદનની વૃષ્ટિ જ થાય ને! આ નૈમિષારણ્ય ક્ષેત્ર છે તેમ મહારાજ પણ જણાવે છે.”

આ છે સ્વામિનારાયણ ડિવાઈન મિશનનું માહાત્મ્ય. અત્યારે પણ કોઈ માહાત્મ્ય જાણી શ્રદ્ધાપૂર્વક મહારાજ પાસે પ્રાર્થના કરે છે તો તે પ્રાર્થના મહારાજ જરૂરથી સાંભળે છે.

❋❋❋

## ૧૦૮

મહારાજ અને મહારાજના અનાદિમુક્તના આશીર્વાદથી રોગ દૂર થાય છે, આર્થિક, સામાજિક, કૌટુંબિક વગેરે મુશ્કેલીઓ ઓછી થઈ જાય છે કે દૂર થઈ જાય છે. અશક્ય કાર્યો શક્ય બને છે. વ્યક્તિનું વ્યક્તિત્વ બદલાઈ જાય છે, તેની પ્રકૃતિ બદલાઈ જાય છે. દરેક કાર્ય સિદ્ધ થાય છે અને સૌથી અગત્યનું આધ્યાત્મિક ઉન્નતિમાં તેમના આશીર્વાદ પુષ્ટિ કરતા બની રહે છે. આ બધું જ સત્ય છે, પરમ સત્ય છે, પરંતુ એ ક્યારે શક્ય બને? જ્યારે આશીર્વાદમાં પૂર્ણ શ્રદ્ધા હોય અને આશીર્વાદ આપનારમાં મહિમાએ સહિત સંપૂર્ણ વિશ્વાસ હોય, ત્યારે જ એ વાત બને છે.

મામાને ત્યાં એક હરિભક્ત ઘણી વખત દર્શને આવતા. જીવનમાં તેમને ખાસ કહી શકાય તેવી કોઈ તકલીફ નહિ. મામા પાસે જ્યારે આવે, ત્યારે વારંવાર આશીર્વાદ માગ્યા કરે. મામા દર વખતે આશીર્વાદ આપે. કોઈ વખત કહે પણ ખરા, “હજી હમણાં જ તો તમે આવ્યા હતા. પાછા આવ્યા? તમને તો આશીર્વાદ છે જ.” છતાં હરિભક્ત સમજે નહિ અને વારંવાર આવ્યા કરે. એક દિવસ મામાએ તેમને પાસે બેસાડ્યા ને કહ્યું “હું જે વાત કહું છું તે બરાબર સમજજો દુઃખ લગાડતા નહિ. તમે સમજુ છો અને વાત સમજી શકો તેમ છો માટે કહું છું. મહારાજ કે મહારાજના અનાદિમુક્તના આશીર્વાદની જીવનમાં એક જ વખત જરૂર પડે છે. એક વખત

આશીર્વાદ મળી ગયા, પતી ગયું. વારંવાર આશીર્વાદની આવશ્યકતા રહેતી નથી. એક વખત જીવ મુક્તની નજરમાં ચડે એટલે મુક્ત તેનું કાંડુ ઝાલી લે. પછી તેને છોડતા નથી. જીવ છોડવવા ઘણા પ્રયત્નો કરે છતાં છોડતા નથી. જીવની દરેક રીતે રક્ષા કરી જીવને ઠેઠ મહારાજની મૂર્તિમાં પહોંચાડે છે. બીજા સામાન્ય જીવોની જેમ બોલવા ખાતર નથી બોલતા. મુક્ત ખરેખર આશીર્વાદ આપે છે. જીવની સાથે એ આશીર્વાદ કાયમ રહે છે. પણ એ ક્યારે બને, જ્યારે આશીર્વાદ આપનારમાં અને આશીર્વાદમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ હોય. એ બંનેમાં વિશ્વાસ નથી, તો એનો અર્થ એ થયો કે ભગવાનમાં પણ પૂર્ણ વિશ્વાસ નથી. કારણ કે મુક્ત દ્વારા આશીર્વાદ ભગવાન આપે છે. આશીર્વાદ ઝીલનાર યોગ્ય પાત્ર ન હોય તો આશીર્વાદ પાછા મૂર્તિમાં લીન થઈ જાય છે. બીજી વખત આશીર્વાદની જરૂર એટલા માટે પડે છે કે મનમાં ઢચુ-પચુ છે. આશીર્વાદ કામ કરશે કે નહિ? આશીર્વાદ સત્ય છે કે કેમ? આવા અનેક સંકલ્પ-વિકલ્પ મનમાં ચાલ્યા કરે છે. જેથી અવિશ્વાસ ઉત્પન્ન થાય છે.

જેવો આશીર્વાદમાં અવિશ્વાસ આવે કે તરત આશીર્વાદ પાછા જતા રહે છે. આ વૈજ્ઞાનિક સત્ય છે. જે રીતે લાઈટ ચાલુ કરવા બટન દાબો છો અને જેવું બટન બંધ કરો કે તરત લાઈટ બંધ થઈ પાછી ચાલી જાય છે, તેવી રીતે જેવો અવિશ્વાસ થયો કે તરત આશીર્વાદ પાછા જતા રહે છે. માટે બીજી વખત આશીર્વાદની આવશ્યકતા ઊભી થાય છે.

જ્યારે આશીર્વાદ મેળવવા જવું, ત્યારે સંપૂર્ણ વિશ્વાસ સાથે જવું. આશીર્વાદ મેળવ્યા પછી તેમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી તો જ કામ બને. અશ્રદ્ધા સાથે આવવાથી બંને પક્ષે સમય અને શક્તિ વેડફાય છે. કાર્યસિદ્ધિ થતી નથી. માટે ઢચુ-પચુ ક્યારેય કરવું નહિ. ભગવાન મળ્યા છે તેની ખુમારી રાખવી. તેમનો જેમ છે તેમ મહિમા સમજવા પ્રયત્નો કરવા. ભગવાન અને મુક્ત તો સદાય સાથે જ છે. ક્યાંય ગયા નથી. જો શ્રદ્ધા હોય તો અનુભવ થયા વગર રહેતો નથી. શ્રદ્ધા નથી તો આશીર્વાદ પાછા મૂર્તિમાં લીન થઈ જાય છે. સાવ સાદો હિસાબ છે, બરાબર છે ને?” હરિભક્ત વાત બરાબર સમજી ગયા હતા. મામાને પગે લાગી બોલ્યા, “તમે સાચા ગુરુ છો મારી ઊણપ ઓળખાવી. હવેથી આશીર્વાદમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીશ વારંવાર આવી આપને પરેશાન નહિ કરું.”

“સત્‌પુરુષ વાક્યં ન ચલતિ ધર્મ” મુક્તના વચનો, તેમના આશીર્વાદ ક્યારેય ખાલી જતા નથી. એ યાદ રાખી તેમના આશીર્વાદમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીએ તો આજે પણ મામા સદાય આપણી સાથે જ છે. તેમના આશીર્વાદ આપણી સાથે છે. તેમનો રાજીપો સદાય આપણા પર વરસતો રહે છે તેવું અનુભવાયા વગર રહેશે નહિ. માટે બીજે ક્યાંય ભટક્યા વગર તેમના વચનો અને આશીર્વાદમાં શ્રદ્ધા-વિશ્વાસ રાખી મહારાજની પ્રસન્નતાના સાધનો કરવા મંડ્યા રહેવું તે જ આપણું કર્તવ્ય! એ જ તેમનું ઋણ અદા કરવાનો ઉપાય!

❋❋❋

# ઉપસંહાર

શ્રીજીમહારાજ દયાના સાગર, કરુણામૂર્તિ હોઈ જીવોના કલ્યાણ કરવાના એક માત્ર હેતુથી દયાએ કરીને પોતાના અનાદિમુક્તને પૃથ્વી ઉપર મોકલે છે. અનાદિમુક્ત જીવોના કલ્યાણ કરવાની શ્રીજીમહારાજની એ આજ્ઞાનું સંપૂર્ણપણે પાલન કરે છે. તેમનું વર્તન, તેમની વાણી, તેમનો વ્યવહાર, તેમનું સમગ્ર વ્યક્તિત્વ અને તેમનું સમગ્ર જીવન જીવોના કલ્યાણ અર્થે, જીવોના આધ્યાત્મિક ઉત્કર્ષ હેતુ જ હોય છે. અનાદિમુક્તની ખરી મહાનતા તો પાત્ર જીવને શ્રીજીમહારાજના સુખે સુખિયા કરવાના સામર્થ્યમાં રહેલી છે. અનાદિમુક્ત પોતે પૂર્ણ સ્થિતિને પામેલા હોવાથી એક એવા ભોમિયા છે જે ભગવાનના દિવ્ય સુખને પામવાના માર્ગથી સુપેરે પરિચિત હોવાથી જીવોને સાચો રાહ દર્શાવી, મહારાજના દિવ્ય સુખને પામવામાં સાચા મદદગાર સાબિત થાય છે.

પોતે આવા સમર્થ હોવાથી આ લોકના જીવો પર આવતી આર્થિક, સામાજિક, વ્યાવહારિક મુશ્કેલીઓ દૂર કરી, આશીર્વચનો વરસાવી જીવોને ભગવાન તરફ વધવા પ્રેરણા પૂરી પાડે છે. તેઓ જીવો પર દયા લાવી જે સહજ વર્તન કરે છે તે આ લોકમાં ચમત્કારમાં લેખાય છે. આવા ચમત્કારો જોઈને જ સીમિત બુદ્ધિ ધરાવનારા આ લોકના જીવો અનાદિમુક્તની મહાનતાને આંકે છે.

આપણા સૌના લાડીલા મામાએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન જીવોનું આધ્યાત્મિક ઊર્ધ્વીકરણ થાય તેવા પ્રયત્નો

કર્યા. આથી આપણે સૌએ આપણા જીવનું સાચા અર્થમાં આધ્યાત્મિક ઊર્ધ્વીકરણ થાય તેવા પ્રયત્નો કરતા રહી મામાએ જીવો પર દયા લાવી તેમને જે મદદ કરી આપણને જીવનભરના જે સંભારણા કરી આપ્યા છે તેને વાગોળી મામાની મહાનતા વિચારી આપણા જીવનમાં પણ તેવા ગુણો આવે તેવા પ્રયત્નો કરતા રહીશું તો તેમના આશીર્વાદ આપણા પર સદાય વરસતા રહેશે.

અનાદિમુક્તને અમસ્તા જ દયાળુ નથી કહ્યા, તેઓની કૃપા સદાય આપણા પર વરસતી રહે છે તે ફક્ત કહેવા માત્ર કે શબ્દો માત્ર નથી, પરંતુ ખરેખર તેમ થાય છે. એક રહસ્યની વાત એ છે કે અનાદિમુક્ત જ્યારે પૃથ્વી પરથી અદૃશ્ય થવાનો સંકલ્પ કરે છે ત્યારે જીવોને નોંધારા નથી મૂકી દેતા. વાતાવરણમાં પોતાના આશીર્વાદ તેમના બળવાન સંકલ્પ દ્વારા મૂકીને જાય છે. જે તેમને મહિમાએ સહિત સંભારનારા પર સદાય વરસતા રહે છે. આથી આપણે સૌએ બીજે ક્યાંય પણ ભટક્યા વગર, ક્યાંય બીજે શ્રદ્ધા અને વિશ્વાસ રાખ્યા વગર મામાએ શીખવ્યા પ્રમાણે એક સ્વામિનારાયણ ભગવાનમાં જ સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખી તેમને સંભારવા, તે મૂર્તિ પામવાનો પુરુષાર્થ કર્યા કરવો. તેમણે શીખવ્યા પ્રમાણે આદર્શ જીવન જીવવું. તેમના અનંત કલ્યાણકારી ગુણોમાંના કિંચીત આપણામાં પણ ઉતરે તેવું જીવન જીવી તેઓ આપણા માટે મૂકી ગયેલા આશીર્વાદના સદાય હકદાર બની રહીએ. તેવું કરીશું ત્યારે મામાએ આપણા ઉપર કરેલા અનંત ઉપકારોનું કાંઈક ઋણ અદા કર્યું કહેવાશે.

❊❊❊

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે—

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

જેને સ્વામિનારાયણ ભગવાનનું તત્ત્વજ્ઞાન
યથાર્થ સમજાય તેને સુખનો પાર રહેતો નથી.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com